કુમાર

સંસ્થાપક
રવિશંકર
રાવળ

આવતી કાલનાં નાગરિકો માટે જ્ઞાન સંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું માસિક · વર્ષ તેત્રીસમું · અંક ચોથો · એપ્રિલ '૫૬




કુસુમ-ચન્દ્ર : બહુરંગી વૂડકટ : કળાકાર હીરોશીગે
વિખ્યાત જાપાની કલાકાર હોકુસાઈના જેટલા જ સમર્થ કલાસ્વામી લેખાતા હીરોશીગેની આ કૃતિ આલેખનની ઉત્કૃષ્ટતાની સાથોસાથ રચનાસૌંદર્યનો ઉત્તમ નમૂનો ગણાય છે. હાથ-પંખા પર ચોડવા માટેના આ ૮ ૧/૪×૧૧ ૩/૮ ઈંચના માપના મુલાયમ વૂડકટ-ચિત્રનો વિષય તો તદ્દન સાદો છે: પૂર્ણચન્દ્ર દાખવતો ભીંતપર ટાંગેલો કાકીમોનો (નકશા માફક ટાંગવાનું ઊભું લાંબું ચિત્ર), અને તેની આગળના ભાગમાં, જમણી બાજુના ફૂલદાનમાંથી આવીને ફેલાઇ રહેલી ક્રિસૅન્થૅમમ કુસુમોની ડાળી. પરંતુ એમાંની એકેએક પદાર્થ—પોણો દેખાતો ચન્દ્ર, ચડઊતર કદનાં કુસુમો, એવાં જ નાનાંમોટાં પાંદડાં અને લલિત લહેંકા લેતી ડાળીઓનો પથરાટ એવી ખૂબીથી અને વિવિધ જગ્યાઓનાં પ્રમાણ સાચવીને ગોઠવ્યો છે કે આખું ચિત્ર લયબદ્ધ રચનાનું એક મધુર કાવ્ય બની રહે છે. નીચલો જમણો ખૂણો ઢાંકીને પડેલા ઘેરા ફૂલદાનની સામે ઊજળા ચન્દ્રને અવકાશ આપતો ઊપલો ડાબો ખૂણો તદ્દન ખાલી રાખીને, તેની નીચે ફૂલદાનનો પ્રમાણભાર સાચવવા મોટું પ્રફુલ્લ ક્રિસૅન્થૅમમ મૂકું છે; અને તેની સામે, એવા જ એક બીજા પ્રફુલ્લ પુષ્પ તથા કૂંળાં પાન વડે ચન્દ્રને એવી સપ્રમાણરીતે ઢાંક્યો છે, કે જાણે કેઈ લજ્જાળુ લલનાએ મુખચન્દ્ર ઢાંક્યો હોય! બાકીનાં પુષ્પો અને પર્ણો કાકીમોનોની કાટખૂણો પાડતી કિનારને ભાંગતાં શેષ ચિત્રાવકાશ પર હળવે હાથે [illegible]યાં છે—એવી ખૂબીથી, કે જનોઇ પેઠે પડેલી ડાળીની અનુગામી તેની રચનારેખા પંખાની નયનરમ્ય આકૃતિના જાણે બે ભાગ કરવા છતાં તેને સંયુક્ત રાખે છે.

તંત્રી · બચુભાઇ રાવત



વનછાયા ચિત્રકાર · દશરથ પટેલ ('કેસૂડાં'ના સૌજન્યથી)



ચિત્રો

કુસુમ-ચન્દ્ર બહુરંગી વુડકટ — કલાકાર: હીરોશીગે પૂ. ૧
વનછાયા — કલાકાર: દશરથ પટેલ ત્રિરંગી મુખચિત્ર
ડુંગરની છાયામાં — ફોટો: અશ્વિન મહેતા પાછલા પૂઠામાં

કાવ્યો

ઓરો આવતો જતો કાલ — રાજેન્દ્ર શાહ ૧૨૭
વનરાવને — પિનાકિન્ ઠાકોર ૧૨૭
આંકડો — પ્રદ્યુમ્ન તન્ના ૧૨૭
છેડછાડ — 'નાઝિર' દેખૈયા ૧૨૭
ઉમ્મીદ અને મંઝિલ — નરેન્દ્રકુમાર શુક્લ ૧૨૭

ચરિત્ર

કુલપતિ કઝિન્સ — રવિશંકર રાવળ ૧૨૮
બેન્જામીન ફ્રાંકલિન [ચિત્રકથા] ૧૩૬

વાર્તા

ઉત્સર્ગ [નાટિકા] મૂ.લે. રામકુમાર વર્મા, અનુ. વસંતકુમાર ઠક્કર ૧૩૧
દેવો ધાધલ [ચાલુ વાર્તા] — 'સુકાની' ૧૩૯

લેખો

લઘુયોગ વિષે વધુ — સાધુરામ દવે ૧૩૪
પોલિયો ને ઋતુસમાપ્તિ [માંદગીનાં મૂળ-૧૬] — ડૉ. શિવપ્રસાદ ૧૪૪
સંકેતનો ભેદ [ચિત્રોમાં રહસ્યકથા-૪] ૧૫૪

વિભાગો

વાચકો લખે છે ૧૨૬
પચ્ચીસ વર્ષ પહેલાં ૧૪૭
ટિકિટસંગ્રહ ૧૫૩
कश्चिदाश्रयसौन्दर्यात् [સુભાષિત-૫૯] — ચન્દ્રશંકર પંડયા ૧૫૮
માધુકરી [સ્વ. આચાર્ય નરેન્દ્ર દેવ, ઇસબગોલ] ૧૬૦
કાગડો [આપણાં પંખીઓ-૧૦૬] ૧૬૦
આ માસ ઇતિહાસમાં [વ્યક્તિવિશેષ: વર્ડ્ઝવર્થ] ૧૬૩
છેલ્લું પાનું ૧૬૪
નવાં પુસ્તકો ૧૬૬

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

વાચકો લખે છે

શ્રી ચંદ્રકાંત બક્ષીની વાર્તા 'ના' જો મૌલિક હોય તો લેખક ખરેખર અભિનંદનના અધિકારી છે. વાર્તાનું વસ્તુ નવી જ ભાત પાડતું અને સચોટ છે. લેખકે કુશળતાથી Flash-Back (પશ્ચાદ્દર્શન)ની પદ્ધતિ યોજી છે. મુખ્ય પાત્ર ડૉકટર હોવાથી વાર્તામાં યોજેલા તેના અનુષંગી શબ્દો સ્વાભાવિક લાગે છે. 'જાળીના સળિયા બચ્ચાના ઠરી ગએલા મુડદાની આંગળીઓ જેવા', 'લાશોનું ગોદામ', 'ચૂનાથી કરેલી રેખાઓ એક્સ-રેમાંથી દેખાતા તૂટેલા હાડપિંજર જેવી' વ. નવા જ પ્રકારના અલંકારો વાર્તાની પશ્ચાદ્ભૂને અનુરૂપ છે. લેખકનો 'મેડિકલ-સાયન્સ' સાથે પણ પરિચય લાગે છે. છેલ્લો પ્રસંગ એક 'પુરુષ' અને એક 'સ્ત્રી'નાં વિભિન્ન ચારિત્ર્યલક્ષણોનો તથા સ્વભાવભેદનો આબાદ પરિચય આપે છે. પરંતુ કૅપ્ટન મેહરા, ઈન્સ્પેક્ટર આનંદ, સંતસિંહ અને હેડ વૉર્ડર જહૉન કાર્વાલ્હો તથા વાયોલેટ જેવાં નામોના સંકરનું શું? ટૂંકી વાર્તાની એકલક્ષિતા અને વેધકતાનું સુંદર ઉદાહરણ પ્રસ્તુત વાર્તા પૂરું પાડે છે.

(અમદાવાદ) ---દિલીપસિંહ જાડેજા

[વાર્તા મૌલિક છે. વિવિધ પાત્રોનાં નામોમાં સંકરતા નથી, પણ ઊલટું જે સૃષ્ટિ આલેખાઈ છે તેની ખરી વાસ્તવિકતા આણી છે.]

માર્ચ અંકમાં ભાઈ જયંતકુમારે ખીલનો જે ઉપાય બતાવ્યો છે તે સાચો છે, પરંતુ ખીલ થાય જ નહિ એવા ઉપાયની મોટે ભાગે દરેક જણ અવગણના કરે છે. પીઅર્સ સાઈક્લોપીડિયાના તંદુરસ્તી વિભાગમાં ડૉ. ઍન્ડ્રુ વિલ્સન પીએચ.ડી., એમ.બી. ને ડૉ. રૉબર્ટ બેલ એમ.ડી. લખે છે 'ખીલ સામાન્યરીતે બગડેલી પાચનક્રિયાનું પરિણામ છે ને પાચનક્રિયા સુધારવાથી એને રોકી શકાય છે.' આ મારો પણ જાત અનુભવ છે. મારાં ભાઇ અને બહેનને ખીલની બહુ તકલીફ રહે છે જ્યારે કસરત અને ખોરાકની મર્યાદાની મારી ટેવોને કારણે મને એની જરા ય તકલીફ નથી.

આ હકીકત મોટા ભાગના રોગો માટે સાચી છે. નીચેનો બનાવ ડૉ. કેલૉગ એમ.ડી. ની 'પ્લેઇન ફૅક્ટ્સ' નામે ચોપડીમાંથી લીધો છે:

'પ્રો. કૉચે ઇજિપ્તના કૉલેરાના રોગચાળામાં કૉલેરાનો જંતુ શોધી કાઢી રોગનું કારણ જંતુ બતાવ્યું અને પોતાની સાથે જંતુનું કલ્ચર જર્મની લઈ ગયો. ત્યાંની મેડિકલ કૉલેજના એક અધ્યાપકે આ વાત માનવાની ના પાડી અને પોતાની વાત સાબિત કરવા કૉલેરાના જંતુના કલ્ચરનો આખો કપ પી ગયો, પરંતુ એને કંઈ ન થયું! જ્યારે બીજા એક સહાયક શિક્ષકે કલ્ચરનાં માત્ર થોડાંક જ ટીપાં લીધાં તો એને કૉલેરા થઇ આવ્યો. આ બતાવે છે કે સહાયક શિક્ષક પહેલેથી જ દર્દી હતા (પાચનક્રિયાની ખરાબી હતી) જ્યારે અધ્યાપક તંદુરસ્ત હતા.' 'અખંડઆનંદ'ના 'જોએલું અને જાણેલું' વિભાગમાં આવેલો ક્ષયનો કિસ્સો પણ એની સાક્ષી પૂરે છે.

પાસ્ચ્યુર ઈન્સ્ટીટ્યૂટના ન્યુટ્રીશન વિભાગના વડા ડૉ. રૉબર્ટ મેકેરીસન એમ.ડી. એ ઘણાં વર્ષોના ઉંદર ઉપરના અખતરા બાદ સાબિત કર્યું હતું કે ખોરાકની ખામીને લીધે લગભગ ઓગણચાલીસ જાતના રોગો થાય છે જેમાં નાકના મસા, સાઈનસાઈટીસ, કાનના રોગો, ન્યુમોનિયા, બ્રૉંકાઇટિસ, આંખના રોગો, હોજરીનું ચાંદું, ગુરદાની અને બ્લૅડરની પથરીઓ, ગુરદાનો સોજો, વાળ ખરવા, પર્નિશિયસ ઍનિમિયા, ઍડ્રિનલ ગ્રંથિનું મોટા થવું, ઓછામાં ઓછા ચાર જાતના હૃદયના રોગો અને દાંતના રોગોનો પણ સમાવેશ થાય છે. ઉત્તરમાં રહેતા પહાણોમાં આપણને સામાન્ય એવા રોગ અત્યંત ઓછા મળે છે કારણ કે એમનો ખોરાક સંપૂર્ણ છે.

અત્યારે બહુ ઓછા ડૉક્ટરો લોકોને આવી બાબતમાં સાચી સલાહ આપે છે. લોકોને તંદુરસ્તી અને ખોરાક સુધારવાની સલાહને બદલે ઇંજેકશનો અને દવાઓ આપ્યે રાખે છે.

(મુંબાઇ) —પ્રવીણ જે. શાહ

૩૮૭મા અંકની જાસૂસી કથામાં એમ લખ્યું છે કે, 'નર્સ હાથના નખ નથી રંગતી ને ઊંચી એડીવાળા બૂટ નથી પહેરતી.' મેં ઑસ્પિટલમાં નર્સને પૂછી જોયું તો તેણે કહ્યું કે હાથના નખ તો ઑસ્પિટલમાં ન જ રંગાય કારણ કે ઑપરેશન કરતી વખતે નર્સ દર્દીના અંગમાં હાથ નાખે તો નખમાંથી પેલું રંગેલું તેમાં જાય: પણ તે એમ કહે છે કે, એડીવાળા બૂટ પહેરવા માટે કોઈ પણ કાયદો નથી અને એ પોતે જ એડીવાળા બૂટ રોજ પહેરી લાવે છે.

(મુંબઇ) —હરીશ સી. વોરા

[અમારી માહિતી પ્રમાણે નર્સે માત્ર એડીવાળા જ નહિ પરંતુ દર્દીઓ તથા ઑસ્પિટલની શાંતિ માટે કોઈ પણ જાતના અવાજ કરે તેવા બૂટ પણ પહેરવાના હોતા નથી. મોટે ભાગે રબરનાં તળિયાંના બૂટ જ પહેરાય છે.]

અંક ૩૮૭ પાન ૧૨૫ ઉપર ઍલન ઑક્ટેવીઅન હ્યૂમની જીવનરેખામાં તેઓ ૧૮૪૯ માં હિન્દ આવ્યા ને છેલ્લે વતનમાં ૧૮૪૯માં ગયા એ ભૂલ લાગે છે; તો વતન પાછા ગયાની ખરી સાલ જણાવશો.

(આણંદ) —સૂર્યકાન્ત પટેલ

[૧૮૯૪ને બદલે ૧૮૪૯ લખાઈ ગયા છે.]

માર્ચ અંકના 'વાચકો લખે છે' ના પહેલા કૉલમમાં $(૯૯)^2$=૯૯૦૧ છાપેલ છે, તે ૯૮૦૧ જોઈએ. કદાચ મિસપ્રિન્ટ હશે.

(પોરબંદર) —શિવજી કાટબામણા


કેળાં માગે ઇલાયચી, કેરી માગે સૂંઠ.
ખીર બિચારી કૈં ન માગે, ચૂરમું માગે મૂઠ.

ખીર હલકો ખોરાક છે, જ્યારે બીજા ભારે ખોરાક માટે શાના મારણની જરૂર છે તે આ પંક્તિઓમાં જણાવેલું છે.

(ભાવનગર) —હીરાલાલ જ. શાહ

વિસનગર પછી ગુંજા નામનું એક નાનું સ્ટેશન આવે છે. તેની બાજુમાં જ એક 'નીલકંઠેશ્વર' મહાદેવનું મંદિર છે. એના કૉમ્પાઉન્ડમાં કેટલીક મૂર્તિઓ પડેલી છે. તેમાંની આ (નીચેની) એક છે. એ સ્તંભમાંનો ટુકડો હશે.

(અમદાવાદ) —લાલુ પટેલ



ઓરો આવતો જતો કાલ

·ગાન·

ફૂલનો લાવે ફાલ:
પળનું માંડી પગલું ઓરો આવતો જતો કાલ.

ભવના તે ભમનારને–મારે, કરવું ના કૈં ભેળું,
લોકમાં વેરાઇ જાય, ને ભલે છાઈ રહે મારગ–વેળુ;
ઝૂલતી ઝોળી જો'યે ન, મારી રમતી રાખું ચાલ:
ઓરો આવતો જતો કાલ.

ભારનો ના કોઇ ભય
ત્યાં કેવળ મોજનો રેલાય લય.

એકલનો અનહદની ભીતર પૂમ સમોવડ પંડ,
તો ય તે નાના ઉરને ગગન લાખ લહું વરમંડ;
ગાન ગળે ઘૂંટાય ને એનો બોલ ઝીલે કરતાલ:
ઓરો આવતો જતો કાલ.

રાજેન્દ્ર શાહ

વનરાવને

·ગાન·

મ્હોરે ને મ્હોરે મ્હોર્યાં આંબલીઓ ને
મંજરીએ મંજરી ઝોલે,
વાયુ વસંતનો વાયો વરણાગિયો ને
કૂંપળે કૂંપળ કોળે: મ્હોરે૦

આવો તો પૂજીએ વસંતરંગ ટાણે,
પૂજીએ વનનાં પાંદ,
પાંદડે પાંદડે પ્રગટે હસંત જાણે
ચાંદનીએ મ્હોરે ચાંદ.
લૂમે લૂમે લચી જાય ડાળીડાળીઓ ને,
વેલીઓને રંગમાં રોળે: મ્હોરે૦

મંજરી ને મ્હોરથી વનવન આ ઝૂમતાં
રંગ ને સુગન્ધ રહ્યાં વેરી,
લીલી પાઘોએ પ્હેરી રંગરંગ ફૂમતાં,
ગોવાળે વનરાઇ ઘેરી.
કંચુકી કેસરી ને નીલમ ઓઢણીઓએ
ગોપીઓ ગરવી ડોલે: મ્હોરે૦

વનવનમાં વ્યાપતા છાયા છબીલો લાલ
વ્હાલો વસંતને વેશે,
સંગે સોહાય રંગ સૌરભ રેલી રસાલ
રાધાજી રૂપના નિવેશે.
વાંસળી તે વાટમાં વ્રજની વાગી આ ને
વનરાવને તે ફૂલ ફોરે. મ્હોરે૦

પિનાકિન્ ઠાકોર

આંકડો

·ગાન·

બહુ યે ચહું રે તો ય કયમ કરી કહું
મારો ફફડે છે જીવ ઘણો રાંકડો
હાં કે સૈયર લાગ્યો રે—
રે લાગ્યો અણિયાળી આંખ્યુંનો આંકડો!

કુંડળિયા કૂવાનાં પાણીડાં જાતી'તી
આડો ઊતર્યો ઓલ્યો ફાંકડો,
આઘી પાછી તે જરી થાવા નો પામી કે
મારગડો હતો સાવ સાંકડો;
હાં કે સૈયર લાગ્યો રે૦

ચસચસતો ચોરણો, કોરુ'મોરું' કેડિયું
સાફલિયો બાંધ્યો સ્હેજ વાંકડો,
આંટી પાડીને ઊભા છોગાળા છેલની
કઢયનો લાગી દેખી વાંકડો;
હાં કે સૈયર લાગ્યો રે૦

ના ઝાલી આંગળી કે ના ઝાલ્યો છેડલો
ના માર્યો વા'લે એ કાંકરો,
આઘેથી આવડલી આંખ્યના ઉલાળે રે
ચિત્તનો ઘુમાવી ગિયો ચાકડો.
હાં કે સૈયર લાગ્યો રે૦

પ્રદ્યુમ્ન તન્ના

છેડછાડ

·ગાન·

બિંદુ ઝાકળનાં ન કરજો કંઇ સુમનની છેડછાડ,
આંસુઓ શીખી જશે કરતાં નયનની છેડછાડ.

ખૂબ કીધી'તી તમે એના જીવનની છેડછાડ,
લાશને ઢાંકો હવે, છોડો કફનની છેડછાડ.

એમની આદત મુજબ ઠોકર લગાવી કબ્રને,
હું તો સમજ્યો'તો કે છૂટી પ્રિયજનની છેડછાડ.

કંટકોએ વીફરી પાલવ ચીરી નાખ્યો તરત,
મેં જરા કીધી હજી એના સુમનની છેડછાડ.

છે નજીવું કિંતુ આકાંક્ષા તો 'નાઝિર' જોઇ લો,
આજ રજકણ જાય છે કરવા ગગનની છેડછાડ.

'નાઝિર' દેખૈયા

ન માનવના દિલની ઉમીદોને આરો,
નથી માત્ર મંઝિલ જીવનનો કિનારો;
શમે છે જે રંગોમાં સંધ્યા બનીને
ઊગે એ જ રંગોમાં પાછી સવારો.

નરેન્દ્રકુમાર શુક્લ

કુલપતિ ડૉ. જેમ્સ એચ. કઝિન્સ

ભારતીય કલા અને સંસ્કૃતિના મહાન પુરસ્કર્તા કવિ સાહિત્યકાર અને પ્રબોધક

ડૉ. નરેન્દ્ર રાવલ



ગયા ફેબ્રુઆરી માસમાં ભારતે જે અનેક મહાપુરુષો ગુમાવ્યા તેમાં કુલપતિ ડૉ. જેમ્સ એચ. કઝિન્સનું નામ નિ:સંકોચ ગણાવી શકાય; કેમકે જન્મે આઇરિશ છતાં ઈ. ૧૯૧૫માં સ્વ. ડૉ. ઍની બેસંટના બોલાવ્યા તે હિંદ આવ્યા ત્યારથી તે છેક અવસાનની ઘડી સુધી એમણે એક ભારતજનના નાતે આ દેશની સંસ્કારસેવા કરી છે; અને ભારતીય સંસ્કૃતિ તથા સંસ્કાર પ્રત્યેના આદર અને ભક્તિથી તે ભારત સાથે એટલા તો આત્મસાત્ થયા હતા કે છેવટના ભાગમાં તો તેમને અપાએલું 'જયરામ' નામ સ્વીકારી તે ભારતના નાગરિક બન્યા હતા.

ગુજરાત સાથે પણ તેમનો સંબંધ ગાઢ હતો, અને તેની શરૂઆત, ઈ. ૧૯૨૩ના અરસામાં તેઓ 'રાષ્ટ્રીય કેળવણી' ઉપર વ્યાખ્યાનો આપવા તથા આ દેશનાં કલા-સંસ્કૃતિની સમાલોચના કરવા ભારતના પ્રવાસે નીકળ્યા ત્યારે, કરાચીથી વળતાં અમદાવાદમાં ત્રણેક દિવસ રોકાએલા ત્યારથી થએલી. એ પછી એમણે ગુજરાતની કળા અને સંસ્કૃતિ સાથે અતૂટ નાતો જાળવ્યો હતો અને ગુજરાતના સમકાલીન કલાકારોને ભારતવ્યાપી પ્રસિદ્ધિ અપાવવામાં તેમણે જ પહેલ કરી હતી. મ્હૈસૂર અને ત્રિવેન્દ્રમનાં રાજ-ચિત્રાલયોમાં ગુજરાતના કલાકારોની કૃતિઓને સ્થાન અપાવનાર તેઓ જ. તદુપરાંત પોતાના યુરોપ-અમેરિકાના પ્રવાસ દરમ્યાન ભારતીય કલાકારો સાથે ગુજરાતના કલાકારોનાં ચિત્રો પણ પોતાની સાથે રાખી તે ઉપર ભારતીય કલાપ્રવાહનાં વ્યાખ્યાનો એમણે એ દેશોમાં આપ્યાં હતાં. આપણા જાણીતા ગુજરાતી કલાવિવેચક શ્રી નાનાલાલ મહેતા તથા દક્ષિણના કલાવિવેચક જી. વ્યંકટઅચલમ્ તેમની કલાપ્રવૃત્તિથી આકર્ષાઇને જ કલાના પુરસ્કર્તા બન્યા હતા. હિમાલયમાં આવી વસેલા રશિયન કલાકાર મહર્ષિ રોરિકની કલાનો પરિચય ગુજરાતને કરાવનાર પણ તેઓ જ હતા, અને અમદાવાદમાં એ ચિત્રોના પ્રદર્શન વખતે કળા ઉપર આઠેક જેટલાં પ્રવચનો કરી એમણે કલાનો સાત્વિક સંસ્પર્શ ગુજરાતને કરાવ્યો હતો.

છેલ્લાં ચાળીસ વર્ષથી એમણે ભારતને પોતાનું કાયમનું વતન માન્યું હતું અને આ દેશના સંસ્કારનો આદર તથા અભ્યાસ કરી પોતાનાં ચિંતન અને કાર્યથી નિષ્કામ ભાવે જીવનભર ભારતની સેવા કરતાંકરતાં કાવ્ય અને કલાનું સાહિત્ય સર્જ્યું હતું. ગયા ફેબ્રુઆરીની ૨૦મી તારીખે રાત્રે ૮૩ વર્ષની વયે થએલા એમના અવસાનથી ભારતનો એક મૂક છતાં મોંઘો અને નિર્વ્યાજ છતાં ગરવો ચાહક અને સેવક વિલીન થયો છે એની કૃતજ્ઞભાવે અને ખેદપૂર્વક નોંધ લઇ તેમના જીવનકાર્યનો સ્મૃતિલેખ આ નીચે રજૂ કરીએ.

એમણે તથા એમનાં સ્વ. પત્ની માર્ગરેટ કઝિન્સે મળીને 'વી ટુ ટુગેધર' નામથી એક સંયુક્ત આત્મકથા લખી છે, તેમાં જીવનક્રમાનુ-

ભારતના રાજકીય સ્વાતંત્ર્યની સાથોસાથતેનીસાંસ્કૃતિકમુક્તિ અને પુનર્વિધાન માટે જે ઉદારચિત્ત ને પ્રતિભાવાન પરદેશીઓએ જીવનસમર્પણ કર્યાં છે તે—સિસ્ટર નિવેદિતા, ઇ. બી. હૅવેલ, ઍની બેસન્ટ, મૅાડ મૅકકર્થી, મિરા રિશાર્ડ વગેરેની હરોળમાં ડૉ. જેમ્સ હેન્રી કઝિન્સનું નામ એટલા જ ઉજ્જવળ અક્ષરે ઝળકી રહેશે.

તરુણ વયે આશાસ્પદ કવિ તરીકે તે જ્યૉર્જ રસેલ ('એ. ઇ.')અને કવિ યીટ્સ જેવા આયર્લૅંડના સાંસ્કૃતિક પુનર્વિધાનના અગ્રણીઓના પરિચયમાં આવ્યા ને એ હિલચાલમાં તેમના મદદનીશ તથા સાથી તરીકે સક્રિય કામગીરી બજાવતાંબજાવતાં પોતાની સાહિત્યિક શક્તિઓ વડે તે જ્યૉર્જ રૉબર્ટ્સ, જે. એન. સિન્જ અને રૉબર્ટ લાઇન્ડ જેવા આયર્લૅંડના સાહિત્યાકાશના તેજસ્વી તારકોની હરોળમાં ગણાવા લાગ્યા. એવામાં મિસિસ ઍની બેસન્ટનું એક વ્યાખ્યાન સાંભળીને તે ભારતીય તત્ત્વજ્ઞાનના રહસ્ય પ્રત્યે આકર્ષાયા અને થીઓસૉફિસ્ટો તથા અધ્યાત્મવાદીઓના મંડળમાં ભળ્યા. છેક ઈ. ૧૮૯૪થી શરૂ થએલી એમની કવિ તરીકેની કારકિર્દીનાં આ સાઠ વર્ષમાં એમની કલમમાંથી ૩૨ કાવ્ય-નાટ્ય-સંગ્રહો અને ૧૮ જેટલા નિબંધ-સંગ્રહો બહાર પડ્યા છે. ભારતીય કલાના એમના અભ્યાસના પરિપાક રૂપ એ વિષયનાં વિવિધ પાસાંઓનું દર્શન કરાવતાં એમનાં પુસ્તકો 'ફિલૉસૉફી ઑવ બ્યૂટી'–સૌંદર્યનું તત્ત્વજ્ઞાન(૧૯૨૫)'સમદર્શન'(૧૯૨૫);'ધ ફેઈથ ઑવ ધી આર્ટિસ્ટ'–કલાકારનો શ્રદ્ધાધર્મ (૧૯૪૧), અને 'ધી એસ્થેટિક નેસેસિટી ઑવ લાઈફ'–જીવનમાં રસતત્ત્વની જરૂરત (૧૯૪૪), ખાસ મનનીય અને પ્રતિભાપ્રોજ્જ્વલ છે.

ઈ. ૧૯૧૫માં ઍની બેસન્ટના મદ્રાસના થીઓસૉફી સંઘમાં જોડાવા માટે તે હિંદ આવ્યા કે તરત તેમને મિસિસ બેસન્ટે ભારતના સ્વશાસન માટેની 'હોમ-રૂલ' ચળ-

વળના પોતાના મુખપત્ર 'ન્યૂ ઇન્ડિયા'ના ઉપતંત્રી બનાવ્યા, જે સ્થાનેથી એમણે લખેલાં સાહિત્ય અને કલાના ગ્રંથોનાં અવલોકનોએ સહાનુભૂત ને વિદ્વાન વિવેચનાનો એક આદર્શ પૂરો પાડ્યો અને કસાએલા કવિ તરીકેની એમની કલમનાં સામર્થ્યે ને સાહિત્યશૈલીએ એમનું નામ ભારતીય પત્રકારત્વ તેમજ વિવેચનાના ક્ષેત્રમાં ચોખૂંટ ગાજતું કરી દીધું.

ભારતીય કલા સાથેનો એમનો પહેલો સંપર્ક ઈ. ૧૯૧૫ની પાંચમી ડિસેમ્બરે ઍની બિસન્ટે સ્થાપેલી 'કલા-સંસદ'ના એ સભ્ય થયા ત્યારથી, અને તેની થોડા દિવસ જ અગાઉ એમણે 'ન્યૂ ઇંડિયા'માં બંગાળની નૂતન કલાપ્રવૃત્તિની સમલોચના રૂપ લખેલા 'પૂર્વની કલા' નામક યુગ-પ્રવર્તક લેખથી થયો. જોકે થોડાં વરસ બાદ ડૉ. જ્યૉર્જ એરુન્ડેલને 'ન્યૂ ઇંન્ડિયા'ના તંત્રીસ્થાને મૂકીને ડૉ.કઝિન્સની બદલી મદનપલ્લીની બિસન્ટ કૉલેજના અંગ્રેજીના પ્રોફેસર તરીકે કરવામાં આવી, પરંતુ તેમની કલાભિરુચિ તો કદી ઓસરી નહિ. બીજી બાજુએ કૉંગ્રેસની ઘણી બેઠકોમાં તેમણે સક્રિય ભાગ લીધો અને રાષ્ટ્રીય કેળવણીની હિલચાલ શરૂ થતાં જ તેના તત્ત્વપ્રચાર અર્થે દેશના એક ખૂણેથી બીજા ખૂણા સુધી વ્યાખ્યાનો આપતા ઘૂમી વળ્યા. આ દરમ્યાન એક સમર્થ સાહિત્યકાર તથા અંગ્રેજીના અધ્યાપક તરીકેની તેમની કીર્તિ જપાન સુધી પ્રસરી ગઈ હતી, એટલે ઈ. ૧૯૧૯ના મે માસમાં તેઓ જપાનની કેઇયોગીજુકુ યુનિવર્સિટીના આમંત્રણથી એક વર્ષ માટે ત્યાં ગયા, જ્યાં એશિયાની કળાનું ઊંડું દર્શન એમને લાધ્યું ને એના ફલસ્વરૂપ 'ન્યૂ જપાન' તથા 'કલ્ચરલ યૂનિટી ઑવ એશિયા' (એશિયાની સાંસ્કૃતિક એકતા) નામના બે મનનીય ગ્રંથો એમણે આપ્યા. જપાનની યુનિવર્સિટીએ એમની સંસ્કાર-સેવાની કદરશનાસીમાં એમને 'ડૉક્ટર'ની ઉપાધિથી નવાજ્યા, જે પાછળથી એમણે છોડી દીધી હતી.

જપાનથી પાછા આવ્યા બાદ ૧૯૨૩માં એમણે કલકત્તા યુનિવર્સિટીમાં 'કલ્ચરલ આસ્પેક્ટ ઑવ ધ રિનેઝાં ઈન ઇન્ડિયા' (ભારતીય નવવિધાનનું સાંસ્કૃતિક પાસું) એ વિષય પર બે અનુસ્નાતક વ્યાખ્યાનો આપ્યાં ને ત્યાંના કલાસંઘ આગળ 'ફ્યૂચર ઑવ ઇન્ડિયન આર્ટ'(ભારતીય કલાનું ભાવિ) નામના વ્યાખ્યાન દ્વારા એક તેજસ્વી આર્ષવાણી ઉચ્ચારી. એ પછી તો કલાવ્યાખ્યાનોની જાણે હારમાળા ચાલી: બનારસ હિંદુ યુનિવર્સિટીમાં 'ઓરીએન્ટેશન ઑવ લિટરરી ઍન્ડ આર્ટ ક્રિટિસિઝમ' શ્રીનગરમાં 'આર્ટ ઇન એડ્યુકેશન' તથા 'ઇન્ડિયન પેઇન્ટિંગ', મુંબાઇમાં 'ઇન્ડિયાઝ મેસેજ ટુ ધ વર્લ્ડ' વગેરે.

બૅંગલોરમાં લાગટ ત્રણ વર્ષ ઊજવાએલા 'કલા-ઉત્સવ'ના સંચાલન પછી ડૉ. કઝિન્સનું ટોચકાર્ય તે મ્હૈસુરના મહારાજાના આમંત્રણથી એમણે ત્યાંના મહેલમાં ઊભું કરેલું 'જગમોહન ચિત્રાલય'. વિદ્યમાન ભારતીય કલાકારોની કૃતિઓનો દેશભરનો એ પહેલો ચિત્રસંગ્રહ બન્યો. એ ઉપરાંત એમણે મહારાજાના અતિથિગૃહોમાં બૌદ્ધ, રાજપૂત, મુઘલ અને આધુનિક, પ્રત્યેક કલાશૈલીની કૃતિઓ ધરાવતા એક એક ખંડની રચના કરી આપી. આ પછી ૧૯૨૫માં એમણે ભારતીય કલાના અભ્યાસના પ્રચાર અર્થે યુરોપની સફર કરી, જ્યાંથી પાછા ફર્યા બાદ અધ્યારમાં જગતના સર્વધર્મોના અભ્યાસ માટે સ્થપાએલી 'બ્રહ્મવિદ્યા ધર્ગ'ની સંસ્થાના એમને સંચાલક નીમવામાં આવ્યા. ફરી પાછી ૧૯૨૮માં એમણે ભારતીય કલાના પ્રચાર અર્થે આખા જગતની સફર ખેડી, જે દરમ્યાન અમેરિકા, બ્રસેલ્સ અને જીનિવામાં એમણે કલા-પ્રદર્શનો પણ ભર્યાં. ત્યાંથી મદ્રાસ આવ્યા બાદ એમને મદનપલ્લી કૉલેજના આચાર્ય ને મદ્રાસ યુનિવર્સિટીના સેનેટર બનાવવામાં આવ્યા.

આ બધી પ્રવૃત્તિ દરમ્યાન ભારતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રાણ સાથે એ એટલા તો આત્મસાત્ થયા હતા કે ઇ. ૧૯૩૭માં દક્ષિણમાં જ્યારે 'મંદિર-પ્રવેશ' હિલચાલ ઊપડી ત્યારે 'ગૌર બ્રાહ્મણ' તરીકે તેમની પસંદગી થઈ અને ત્રિવેન્દ્રમના પદ્મનાભમંદિરમાં, કે જ્યાં કેવળ બ્રાહ્મણો સિવાય અન્ય કોઈ પણ વર્ણના હિંદુ સુદ્ધાંને પ્રવેશ કરવાનો અધિકાર નથી તેમાં, ત્યાંના પૂજારીઓએ તેમને 'જયરામ' નામ ધારણ કરાવીને પ્રવેશ કરાવ્યો. ત્યારથી તે જયરામ કઝિન્સને નામે ઓળખાતા થયા હતા.

એ જ વર્ષમાં ત્રાવણકોર રાજ્યના કલાના સલાહકાર તરીકે તેઓ નિમાયા અને મ્હૈસૂર જેવું જ ભારતીય કલાનું 'ચિત્ર-સંગ્રહાલય' ત્યાં ઊભું કરી આપ્યું. ત્યાંના મહારાજાના સલાહકાર અને સાથી તરીકે જાવાનો પ્રવાસ કરી આવ્યા બાદ ત્રાવણકોર યુનિવર્સિટીના કલાવિભાગના અધ્યક્ષ તરીકે તેઓ નિમાયા.

ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનો આસ્વાદ, અભ્યાસ ને સેવા કરવા તથા આ દેશને પોતાની માતૃભૂમિ બનાવવાને માટે આવેલા ડૉ. કઝિન્સની સાથે તેમનાં પત્ની માર્ગરેટ કઝિન્સ પણ એ જ ઉદ્દેશથી અહીં આવેલાં. એ બાઇ પણ આયર્લૅંડની ડબ્લિન યુનિવર્સિટીનાં સંગીતનાં સ્નાતિકા હતાં અને પૂર્વના તથા પશ્ચિમના સંગીતનો એમણે વિદ્વત્તાયુક્ત તુલનાત્મક અભ્યાસ કર્યો હતો. ઉપરાંત 'ઑલ ઇન્ડિયા વીમેન્સ કૉન્ફરન્સ' (અખિલ ભારત મહિલા પરિષદ)નાં આદ્ય સ્થાપકોમાંનાં તે એક હતાં ને ઘણા વખત સુધી તેનાં અધ્યક્ષ રહેલાં.

સાહિત્યિક પ્રતિભા અને કલાવિષયક રસદૃષ્ટિ ધરાવતા ડૉ. કઝિન્સના અંગત વ્યક્તિત્વમાં પણ એક આકર્ષક માધુર્ય હતું, અને વિદ્વત્તા ઋજુતા તથા શાલીનતાથી શોભતા એમના હસમુખા ચહેરા પરના શ્વેત કેશ કોઈ ઋષિના સાન્નિધ્યનો ખયાલ આપતા. ભારતીય સંસ્કૃતિની એમણે કરેલી સેવાઓની કદર તરીકે મદ્રાસ સરકાર તરફથી એમને છેવટ સુધી પેન્શન અપાયું હતું, અને ખરે જ, આ છેલ્લા યુગમાં તો એમના જેટાનો ભારતીય સંસ્કૃતિનો પરદેશી પુરસ્કર્તા કોઇ થયો નથી.

સાર બંને જણે વારા ફરતી, એક પછી એક પોતાનાં અનુભવ-પ્રકરણો લખ્યાં છે. તેમાં તેમની સ્વ-કથા ઉપરાંત સમકાલીન ઇતિહાસ, વાતાવરણ, પ્રસંગો, સમાજ વગેરે ઉપર ઘણાં રસપ્રદ વિધાનો હોવાથી તથા ડૉ. કઝિન્સની આલેખનશૈલી પણ સાથોસાથ વિનોદભરી, નિખાલસ અને પ્રસાદયુક્ત હોવાથી જરા લંબાણથી એ કથા અત્રે આપીએ છીએ.

આયર્લૅંડના બેલફાસ્ટ નગરમાં, ફ્રાન્સથી આવી વસેલા હ્યુજિનૉટ નિરાશ્રિતવૃંદના તેના બાપદાદા મૂળ કાપડનો વેપાર કરતા. માતાને પક્ષે તેમનામાં સ્કૉટલંડનું લોહી હતું તેથી તે માનતા કે વિખ્યાત સ્કૉટિશ કવિ બર્ન્સની ભાષા પોતાનામાં ઊતરી હતી. કુટુંબ ભક્તિમાન હતું, પણ ઈ. ૧૯૧૪-૧૮માં આયર્લૅંડમાં ભાગલાને પરિણામે ભભૂકી ઊઠેલા અલ્સ્ટર પ્રકરણની રાજકીય ધમાલે ઈશ્વર અને ધંધોધાપો બંનેના ભાવ ઉતારી દીધા હતા.

ઈ. ૧૮૭૩ના જુલાઈની ૨૨મીની સવારે બેલફાસ્ટની કેવોર સ્ટ્રીટમાં ૧૮ નંબરના મકાનમાં તેમનો જન્મ થયો તેની નોંધ આપતાં પોતે લખે છે કે 'મારી કુંડળીમાં ઘણા કમનસીબ આંકડાઓએ સારા સંજોગોની સામે મોરચો કરી સ્મારકરૂપે મારા માથા ઉપર બે ગાંઠા એવા ઊભા કર્યા કે જેણે ત્રણે ખંડના હજામોને વિચાર કરતા કરી મૂક્યા હતા. તેમના મતે તો નસીબદારને જ એવાં ઢીમણાં હોય!

નાનપણથી જ હું સ્વભાવે સ્ત્રીજાતિનો પક્ષકાર હતો. રવિવારી શાળાની પરીક્ષામાં એક વાર મને એક પેની(આના)નું ઇનામ મળ્યું. કરકસરનો પાઠ શીખવા મેં તે પોસ્ટ-ઑફિસમાં જમા કરાવ્યો. પોસ્ટલ બૅંકના કાર્ડમાં બાકીના ખાલી રહેલા ચોરસોમાં બાકીની પેની-સ્ટૅમ્પો પુરાય ત્યારે તેનો એક શિલિંગ મળે એવી ગોઠવણ હતી. એમ એ એક શિલિંગનો માલિક થાઉં એટલે બ્રિટિશ સરકારનાં તરી અને ખુશ્કી લશ્કરોને માથે, હું લુટાઈ ન જાઉં તેની જવાબદારી વધવાની હતી!

૧૩મે વર્ષે બાઇબલ પૂરેપૂરું સળંગ વાંચી નાખ્યું. કેટલાંક ભજનો અને સુવાક્યો મેં મોઢે કરી લીધાં. નિશાળમાં CAT શબ્દ એક બિલાડીના ચિત્ર સામે જોઇને શીખવા માંડ્યો, વાંચવુંલખવું તો ગમતું, પણ ગણિતની સૂગ હતી. વખત આવતાં કુટુંબના બીજા છોકરાઓ સાથે ઘરની નજીકની નૅશનલ સ્કૂલમાં દાખલ થયો. શારીરિક શિક્ષણ જેવો શબ્દ એ કાળે કેળવણીમાં ન હતો. શરીરની સંભાળ ઘરનાં રાખે; અને પૈસાના તાકડા નહિ એટલે શરીર માંદું થાય ત્યારે જ તેની ચિંતા કરાય. પણ છોકરાઓમાં ફૂટબૉલનો શોખ હતો. બે તરફ બબ્બે પથરા ગોઠવી બે ગોલ બનાવી લેતા. એમાં આંખની ચપળતા અને અણધાર્યા સંજોગોમાં કેમ ગતિ બદલવી તેની તાલીમ મળતી. ખાડા-ખરાબાવાળી ભાડે આપવાની એક જમીન ખાલી પડતર હતી તે ફૂટબૉલનું મેદાન હતું. મૅચો અને બીજી ધમાલમાંથી મારામારી પણ થઈ જતી. મારામાં ડરપોકપણું નહોતું, પણ છોકરાઓ એકબીજાને ઘા કે ઈજા કરે તે મને પસંદ નહોતું.'

ભણવામાં તેમને કદી કષ્ટ જણાયું નહિ. દરેક વસ્તુ પૂરી વિગતે તે તૈયાર કરતા. સાથીદારોને તેમની હોંશિયારીની અદેખાઈ આવતી તે એટલે સુધી કે એક વાર પરીક્ષામાં પૂરા માર્ક મેળવી ઘેર આવતાં હરીફોએ તેમને ખૂબ મેથીપાક જમાડ્યો, જેથી પથારીવશ થવું પડેલું.

ઘરમાં નોકર હતા નહિ. એ તો મોટા લોકોનો વૈભવ છે એમ મા કહેતી. મા રાંધતી તો છોકરાં વાસણો સાફ કરી નાખતાં. જેમ્સને નાનપણમાં સળેખમ બહુ થઈ જતું. પણ સવારમાં વહેલા ઊઠી સગડી પેટાવવાનો તે ખટકો રાખતા અને નાસ્તા માટે ચોકડી સ્વચ્છ કરી નાખતા. બાપાને દૂર નોકરી હતી તે અરધો પગાર મોકલતા. તેમાં ઘરનું ખર્ચ ચાલતું. મા થોડાથોડા પૈસા સંકટ વખતે કામ લાગે માટે એક ડબામાં સંઘરતી. "એ વખતે મને 'હડતાલ' શું છે તેની ખબર નહોતી. શા માટે બધાં માણસો એકસાથે કામ પર જવાની ના પાડે તે સમજાતું જ નહિ. એકવાર મા બારણેબારણે ભટકી આવી ને છેવટે નિરાશ વદને એક-ખૂણામાં પ્રાર્થના કરવા લાગી. મા કૈંક ચિંતામાં છે એમ દેખાયું અને થોડુંથોડું સમજાયું કે ડબ્બામાં પૈસા નથી.

એવામાં કોઈ કામદાર ન લાગતો એવો માણસ આવ્યો. તેને રહેવા-ખાવાની ગોઠવણની જરૂર હતી. અમારા ઘરનો એક ખંડ તેને ગમ્યો ને માગ્યા વિના જ માને બે શિલિંગ આપ્યા. 'પ્રભુની મહેર' કહી માએ તેં લીધા. તે ગામડાના એક શિક્ષક હતા. વારંવાર બેલફાસ્ટ આવતા, ને અમારે ઘેર મુકામ કરતા તથા નિઃસંકોચ બદલો આપતા.

ઉપરાઉપર પડતી હડતાલોમાંથી મારા બાળક-મનમાં પૈસાદારો અને પૈસા વિનાના માણસો વચ્ચેના સંબંધોના ખયાલ જાગ્યા. પૈસા ન હોય તેણે પણ પૈસા હોય તેનું કામ કરીને મેળવવા જ પડે.

બાર વર્ષે પછી આયર્લૅંડની નૅશનલ સ્કૂલનું ભણતર પૂરું થયું અને કામ શોધવાનો પ્રશ્ન ઊભો થયો. શહેરના બીજા ભાગમાં એક સગાની દુકાન હતી. તે ગીરોનો ધંધો કરતા. તેને આંટાફેરા કરનાર એક છોકરાની જરૂર હતી, એટલે ધંધો શીખવાને બહાને ત્યાં જાણુલાયક છોકરા તરીકે સ્થાન મળ્યું. ત્યાં સમજાયું કે મૂલ્યો સંજોગો પ્રમાણે ઊતરી કે વધી જાય છે. લેવડદેવડ કેમ થાય છે તેની પણ સમજ પડી. કેટલીક ચીજો તાસકમાં ઉપલે માળ મૂકવી, કેટલીક તિજોરીમાં મૂકવી, કેટલીક વાર કેટલીક માલિકોને પાછી આપવી, એ મારાં કામો હતાં. પણ ત્યાં આવતાં કપડાં-પદાર્થોમાંથી મારાં કપડાંમાં જીવાત લાગી જતી તે મારી માએ જોઈ અને તેની સ્વચ્છતાની લાગણી દુભાઈ, એટલે મને એક રાત્રિશાળામાં મૂક્યો. ત્યાં મેં વીજળીના પ્રવાહો અને શક્તિ વિષે કેટલુંક જ્ઞાન મેળવ્યું.

એવામાં ત્યાં સાંજના પત્રમાં એક પેઢીની જાહેરાત વાંચી કે કામ કરનાર છોકરો જોઇએ છે. મને ચૌદ વર્ષ થયાં હતાં તોપણ જૂની ઢબનો ગણાતો. મને પહેલે વર્ષે તો પગાર નહિ મળે એમ શેઠે કહી દીધું. મને મળતી તાલીમ જ પગાર ગણવો. કામમાં સંદેશા લાવવા–લઈ જવા, (ઊંચા માળના દાદરાના કઠેડા પરથી લસરતા નીચે આવવું) અને વચ્ચે વચ્ચે માલનાં નામની ટિકિટો લખવા બેસવું. છ મહિનામાં જ મારો પગાર અઠવાડિયે બે શિલિંગનો થઇ ગયો. સંદેશાનું કામ તો મને ગમતું, કારણકે તેથી ઘણાને મળવાના પ્રસંગો મળતા. એમાંથી એક બૅંકના મકાનમાં મિ. મિલિગન નામના માણસની પિછાન થઇ. મને તેની તરફ માન હતું પણ તે ચુસ્ત પ્રૉટેસ્ટન્ટ હતો એટલે બીજાઓ તેને વખોડતા. ટિકિટો લખવાનું વર્ષ પૂરું થયું એટલામાં તો બેઠાંબેઠાં મારી છાતી બેવડ વળી ગઈ હતી. પણ સંદેશા માટેની આવજા દરમ્યાન મેં શૉર્ટ હૅન્ડ (લઘુલિપિ) શીખી લીધી હતી. એક છ પેનીની ડિક્શનેરી પણ મેં ખરીદી લીધી હતી.

હવે મેં એક કોલસા મંગાવનારી ઑફિસમાં સંદેશવાહકની નોકરી મેળવી એટલે ઘણી વાર બંદર ઉપર જવું પડતું. શૉર્ટહૅન્ડ લખવાની મારી શક્તિની મારા શેઠોને જાણ થઈ એટલે પત્રવ્યવહાર સોંપ્યો ને અઠવાડિયાના દસ શિલિંગનો પગાર કરી ઑફિસક્લાર્ક બનાવ્યો. મારા માટે એક ટાઈપરાઇટર પણ આવી ગયું.

નોકરી પર જતાં આવતાં વચ્ચેના માર્ગમાં, મારી આંતરિક શક્તિઓથી પર એવી કોઈ બહારની શક્તિએ મને એક છોકરીના પરિચયમાં આણ્યો. એની જાતભાત અને સ્વભાવે મારા મન પર સજ્જડ છાપ પાડી. બંદર ઉપર જહાજોના કૅપ્ટનોની દોસ્તીથી આઇરિશ ખાડીમાં બાર માઇલ ઉપરના પ્રવાસો પણ મેં કર્યા અને લીલો દરિયો તથા ઊછળતાં મોજાં નીરખ્યાં.

આ બે વર્ષ દરમિયાન હું કવિ તરીકે પણ છપાઈ ગયો હતો. એવામાં કવિ બર્ન્સની શતાબ્દીનો ઉત્સવ થયો. બર્ન્સે જ્યાં કવિતા લખી હતી ત્યાં જાહેરમાં તેનું એક મોટું પૂતળું ઊભું કર્યું હતું. ગામડામાં તેણે જે ઝૂંપડીમાં કવિતાઓ લખી હતી ત્યાં હું પહોંચી ગયો અને ત્યાંની વિઝિટબુકમાં સહી કરવાનો અભિલાષ જાગ્યો. તેમાં તો માત્ર નામ અને સરનામું જ લખવાનું હતું. પણ શતાબ્દીના એ દિવસે હું જ પહેલો મુલાકાતી હતો અને મનમાં એક કાવ્ય સ્ફુરી આવ્યું હતું, એટલે બર્ન્સે જે ખંડમાં તેનાં કાવ્યરત્નો રચ્યાં હતાં ત્યાં ક્રીટ્સની સાથે મેં પણ કલમ ખરડી!

જગતના કાવાદાવાની મને બહુ ગમ નહોતી, પણ ઊંડેઊંડે સમજતો કે જેને માટે બધા લડે છે તે એક જ વસ્તુ છે પણ વિગતોની લડાઈ છે. અઢારમે વર્ષે જ્ઞાનનો વિસ્તાર જતો હતો, પણ જિંદગીની વાસ્તવિક વસ્તુઓના અનુભવ આગળ અંદરનું મન ચૂપ હતું. મને મળેલા જગત વિષેના વિચારો અને લાગણીઓની સીમાઓ તથા મર્યાદાઓ હું જોઇ શક્યો હતો, પણ નિર્બન્ધ વિચાર અને સર્વગ્રાહી અનુકંપાથી હું આઘો હતો. તત્ત્વજ્ઞાન ને ચિત્તશાસ્ત્રનો પરિચય પામ્યો નહોતો. ડાર્વિન નામના વૈજ્ઞાનિકના ઉત્ક્રાન્તિવાદ (અનુ. પૃ. ૧૫૯)

વિખ્યાત હિંદી કવિ તથા વિદ્વાન ડૉ. રામકુમાર વર્મા રચિત હિંદી નાટિકા ઉત્સર્ગ

નો અનુવાદ કરનાર:

વસંતકુમાર ઠક્કર

ડૉ. શેખર: એક વૈજ્ઞાનિક   વિનય: ડૉ. શેખરનો સહાયક   છાયાદેવી: ડૉ. શેખરની ઉપેક્ષિત પ્રેમિકા   મંજુલ: ડૉ. શેખરની પુત્રી   સુધીર: ડૉ. શેખરનો સેવક.

[ડૉ. શેખરનો અભ્યાસખંડ. દીવાલો પર સ્ત્રીપુરુષોનાં અનેક ચિત્રો ટાંગેલાં છે. સામે જ એક બારી છે, જે અરધી એક આસમાની પડદાથી ઢંકાએલી છે. અરધામાંથી આકાશ અને તારાઓ દેખાય છે. એક ખૂણામાં ખુરશી અને ટેબલ છે. ટેબલ પર કેટલાંક પુસ્તકો અને પત્રો પડ્યાં છે. બીજા ખૂણામાં એક મોટું ચોરસ ટેબલ, જેના પર સ્વચ્છ વસ્ત્ર બિછાવેલું પડ્યું છે. એની પાસે જ ડૉ. શેખરનું એક 'ઍપરૅટસ' પડયું છે, જેના નિર્માણમાં તેઓ વર્ષોથી ગૂંથાએલા છે. ઍપરૅટસમાં લાલ અને લીલા વીજળીના ગોળા લગાડેલા છે. ઓરડામાં બે કબાટ છે જેમાં અનેક પુસ્તકો પડ્યાં છે. મોટે ભાગે આત્મવિદ્યાને લગતાં આર્થર કૉનન ડૉઈલ અને ઑલિવર લૉજના ગ્રંથોનો 'રૅક' પણ કબાટમાં મૂકયો છે. ઓરડામાં સ્વચ્છતા અને સાદાઇ છે. ઠેકઠેકાણે અગરબત્તી બળે છે, જેનો ધુમાડો વાતાવરણને સુગંધિત કરે છે. ઓરડાની વચમાં એક સુંદર ટેબલ પર બે ફોટો પડ્યા છે: એક મંજુલનો ને બીજો છાયાદેવીનો. એક ખીંટી પર આસમાની ઓવરકોટ ટાંગેલો છે. એક 'કૅસીન'માં અંગ્રેજીના કેટલાક કાપેલા અક્ષરો પડ્યા છે, પાછળ થતી લાલ બત્તીથી જે ચમકી શકે છે. ઓરડાના ઘડિયાળમાં છ વાગ્યા દેખાય છે. ¶ ટાઢના દિવસો છે. ડૉ. શેખરે બહાર જવાનાં વસ્ત્રો પહેરેલાં છે. લીલા રંગનો સૂટ છે. એમનું વય આશરે ૪૦ વરસનું હશે, પરંતુ કામકાજને લીધે અધિક લાગે છે. મોં પર કાર્યશીલતાની રેખાઓ સ્પષ્ટ દેખાય છે. કોઇ વખત સુંદર હશે એમ તેમની આંખો અને વિશાળ કપાળ પરથી જણાય છે. અષ્ટકોણી કાચનાં બે-કમાની ચશ્માં, વાળ કંઈક અસ્તવ્યસ્ત, ટાઈની 'ગાંઠ' ઢીલી થઇને એક બાજુ સરેલી, મોઢા પર ગંભીરતા અને આંગળીમાં વીંટી: જાણે એમનું બધું સૌંદર્ય એકઠું થઈ વીંટીમાં ન સમાઈ ગયું હોય અને શરીર ગંભીર અને શુષ્ક જેવું ન રહી ગયું હોય! તેઓ અત્યંત સ્પષ્ટ અને ધીમેથી બોલે છે. ¶ એમની સમીપ જ એમનો મદદનીશ વિનય ઊભો છે. એણે એક સાધારણ સૂટ પહેર્યો છે. ઉમર લગભગ ૨૫ વરસની હશે. તે અત્યંત નમ્રતાથી બોલે છે. કાર્યમાં સાવધાન અને વ્યવહારમાં વ્યવસ્થિત છે. ¶ ડૉ. શેખર ઍપરૅટસનાં એક ભાગને ઠીક કર્યા બાદ રૂમાલથી મોં લૂછે છે અને બોલે છે.]

શે: બધા લોકો આવી ગયા છે, વિનય?

વિ: જી હા.

શે: અત્યારે કેટલા વાગ્યા હશે?

વિ: (ઘડિયાળ જોઈ) સાતને પંદર મિનિટ.

શે: (બબડાવતાં) સાત ને પંદર મિનિટ. સમય તો એક જ ગતિથી ચાલે છે. નદીના પ્રવાહની જેમ નથી એમાં કલાક, નથી મિનિટ. એક ગતિ છે, એક પ્રવાહ છે. આપણે લોકોએ જ એ સમયને કાપી કાપીને ટુકડા કર્યા છે. આ કલાક છે, આ મિનિટ છે; પણ નથી ક્યાં ય કલાક, નથી ક્યાં ય મિનિટ. કેમ ખરું ને?

વિ: જી.

શે: અને આ અનંત સમયના સાગરમાં આપણે લહેરની જેમ વધવું જોઈએ. કોઈ પણ બંધન વગર, કશી રુકાવટ વગર. પરંતુ આ શરીર આપણને વધવા નથી દેતું. સ્થૂળ છે ને?

વિ: જી.

શે: અને જો આપણે લોકો કોઇ રીતે આપણા આ સ્થૂળ શરીરને સૂક્ષ્મ શરીરથી અલગ કરતાં શીખી જઈએ, તો વિનય, જાણે છે શું થશે? (ભાર દઇ) બોલ, શું થશે?

વિ: હું નથી કહી શકતો.

શે: શું થશે? આ ઘડિયાળો તોડી નાખવામાં આવશે: આ ક્લૉક, આ રિસ્ટવૉચ, આ બટનવૉચ, કંઇ પણ નહિ રહે.

વિ: જી.

શે: અને આપણું સૂક્ષ્મ શરીર સમયની સાથે મળી જશે: એવું જ ગતિશીલ, એવું જ પ્રવાહશીલ. જેવી રીતે રેડિયોના સંગીતની એક લહર લંડનથી દોડી આવીને અહીં મસૂરીમાં એ જ ક્ષણે સંભળાય છે, એવી જ રીતે આ મનુષ્યશરીર એક લહર બનીને ક્ષણવારમાં લંડન પહોંચી જશે. લંડન, ટોકિયો, ન્યૂ યૉર્ક સૂક્ષ્મ શરીરથી એક વિશ્વવ્યાપી થઈ જશે: સર્વકાલીન, સર્વત્ર. પછી સમયને કાપવા-બાપવાની જરૂર નહિ રહે.

વિ: જી.

શે: આ સ્થૂળ શરીરમાં સૂક્ષ્મ શરીર છે એની ખબર કેવી રીતે પડે છે તે જાણે છે?

વિ: કહો જોઈએ!

શે: એની ખબર આપણને આપણા શ્વાસથી પડે છે. આ શ્વાસોચ્છ્વાસ જો: આ શ્વાસોચ્છ્વાસ. (નાકની સામે હાથ લઈ જાય છે)

વિ: જી.

શે: કેટલાં વરસથી એ ચાલે છે? સૂતાં જાગતાં અટકવાનું નામ જ નથી લેતો. તને એ શ્વાસ લેવામાં કોઈ દિવસ થાક લાગ્યો છે?

વિ: જી ના.

શે: ક્યારે ય તને એવો વિચાર આવ્યો છે કે આટલાં વરસથી શ્વાસ લઇએ છીએ તો બે'ક દિવસ આરામ કરી પછી શ્વાસ લેવાનું શરૂ કરીએ? એક જ કામ કરવાથી થાક લાગે છે ને? તો પછી સતત શ્વાસ લેવામાં થાક કેમ નથી લાગતો? શરીરના બીજા અવયવોની જેમ એમાં ય થાક લાગવો જોઈએ ને?

વિ: આ સ્થૂળ શરીરમાં સૂક્ષ્મ શરીર છે.

શે: હા; સૂક્ષ્મ શરીર છે... આકાશ છે.

વિ: જી.

શે: એ આકાશ આપણા શરીરના કણેકણમાં ફેલાએલું છે. શરીરથી ઘેરાએલું હોવાથી એને ઘટાકાશ કહો. એટલે જેવી રીતે આકાશમાંની હવા કદી ય થોભતી નથી, તેમ શરીરનો શ્વાસ પણ નહિ રોકાય,—જ્યાં સુધી એના વહેવાના રસ્તા ખરાબ નહિ થઇ જાય. એ વહેવાના રસ્તાઓને કદી જૂના ન થવા દો, તો હજારો વરસ સુધી શ્વાસ લો. યોગીઓ નાડીસાધનથી હજારો વરસ સુધી જીવતા હતા. એમનો શ્વાસ જંગલની હવાની જેમ સ્વતંત્ર વહેતો હતો, અને વહેતો રહેશે. જો આ ઍપ-'રૅટસ' (ઍપરૅટસ પાસે જઈ એની એક નળીને અડીને), જો આ શ્વાસ લેવાની ટ્યૂબ છે...

વિ: (નમ્રતા અને સંકોચ સહ) એ તો ઠીક પરંતુ... આપ... (અચકાઈને) બહાર જવાના હતા ને? સાડા સાત વાગવા આવ્યા છે; બધા લોકો આપની રાહ જોતા હશે.

શે: (અસ્થિરતાથી) ઓહ! હું તો બિલકુલ ભૂલી જ ગયો હતો. આ સમય... હમેશાં કાંટાની પેઠે ખૂંચે છે. આ સાત વાગી ગયા, આ આઠ વાગી ગયા... વિનય, હું પ્રયત્ન કરી રહ્યો છું કે સૂક્ષ્મ શરીર સ્થૂલ શરીરથી જુદું પાડી શકું અને પાછું બંનેને જોડી શકું.

વિ: આપ બધું કરી શકો છો. આપ જગતના એક મહાન વૈજ્ઞાનિક છો. લોકો આપની પાસેથી એ જ તો શીખવા ચાહે છે.

શે: પરંતુ મને આજે ફુરસદ નથી, વિનય. મંજુલ છ મહિના બાદ ઘેર આવી છે. મારી

દીકરી! મારી અંદર બેઠેલું બાપનું હૃદય આજે દીકરી પાસે રહેવા ચાહે છે. એ બીચારી છ મહિના પછી મળી છે : મારી મંજુલ!

વિ: હવે તો તેઓ અહીં જ રહેશે. આપ તો એમની સાથે બધો જ વખત વ્યતીત કરશો. પરંતુ વીસ દિવસ બાદ આજે આપને થોડીક ફુરસદ મળી છે ને આપની શોધખોળ વિષે સાંભળવા માટે લોકો ઉત્સુક છે. આપનું 'સ્ટડી સર્કલ' એ જ જૂના પ્રયોગો કરી રહ્યું છે. એને આગળ વધવા માટે બેત્રણ વાત બતાવી જલદી પાછા આવજો.

શે: કેટલી વાર લાગશે?

વિ: પંદરવીસ મિનિટ. આપની શોધ વિષે જાણવા માટે લોકો કેટલા ઉત્સુક છે! કદાચ આપ આજે નહિ જાઓ તો પંદર દિવસ સુધી ફરી આપને ફુરસદ નહિ મળે.

શે: (વિચાર કરતાંકરતાં ધીમાં અવાજે) હા, એક વખત કામમાં લાગી ગયા પછી હું ક્યાંય જઈ શકતો નથી. અને આ શોધ, જે મેં એક મહિનામાં કરી છે, બિલકુલ નવી જ છે.

વિ: કઇ?

શે: એ જ કે મારા 'ઍપરેટસ'થી હું મૃત્યુ પામેલી વ્યક્તિના સૂક્ષ્મ શરીરને પાછો એક આકાર દઇ શકું છું. વર્ષોની મહેનતથી એ છેક હમણાં તૈયાર થયું છે.

વિ: (આશ્ચર્યથી) ઓહ! આ તો દુનિયાની સહુથી મોટી ને અદ્ભુત શોધ હશે!

શે: જે હોય તે. મેં મૃત્યુની પેલી પાર જોવાનો પ્રયત્ન કર્યો છે. જીવનનો આદર્શ એ જ છે કે જીવનની પેલી પાર જોવામાં આવે. મૃત્યુ તો સૂક્ષ્મ જીવનનું એક પ્રવેશદ્વાર છે. મન શરીરથી જુદું થઈ ને યે નાચ કરી શકે છે અને શરીરના નષ્ટ થવા છતાં યે એ ગતિશીલ છે. જો હું એમ કહું કે મૃત્યુમાં કશી પીડા નથી તો તને આશ્ચર્ય થશે. મૃત્યુ તો જીવનનો એક વળાંક છે. જેવી રીતે એક મોટો રસ્તો જંગલમાં કેડી બનીને છુપાઈ જાય છે અને આપણને દેખાતો નથી એવી જ રીતે મૃત્યુ બાદનો જીવનપંથ પણ રહસ્યના વનમાં પ્રવેશ કરે છે. સૂક્ષ્મ શરીર સ્થૂળ શરીરનું વેરાએલું રૂપ છે. જેવી રીતે સૂર્યમંડળમાંથી દિવસ ફેલાય છે તેવી રીતે આ સૂક્ષ્મ શરીરમાંથી આ સ્થૂળ શરીર. આ સૂક્ષ્મ શરીર આપણી સાથે એવી રીતે બંધાએલું છે જેવી રીતે રાત્રીના અંતિમ પ્રહરની સાથે દિવસ. આજનું વિજ્ઞાન ફક્ત 'મૅટર'ની શોધ કરે છે, 'સ્પિરિટ'ની નહિ. મેં 'સ્પિરિટ'ની શોધ કરી છે.

વિ: (આશ્ચર્યથી) એ તો અદ્ભુત!

શે: અને મૃત્યુનું પૂરું રહસ્ય આ સંસારને બતાવી નહિ દઉં ત્યાં સુધી આરામ નહિ કરું.

વિ: સંસાર પર એ તો મહાન ઉપકાર થશે.

શે: મારી શ્રદ્ધા છે કે મારી શોધ એક દીપસ્તંભ થશે જે, ભટકતા આત્માઓનાં જીવનનાવને પથપ્રદર્શન કરશે.

વિ: (સૌમ્ય હાસ્ય સાથે) અત્યારે તો આપ અમારા લોકોનું પથપ્રદર્શન કરો છો. તો હવે આપ ચાલશો? હું ત્યાં શી સૂચના દઉં?

શે: (વિચાર કરતાં) વારુ, આવું છું. પછી ન જાણે ક્યારે વખત મળે! પરંતુ આજે તો હું ફક્ત 'ક્લેરવૉયન્સ'ની કેટલીક વાતો જ બતાવી શકીશ. મારી પાસે વખત બહુ થોડો છે.

વિ: (નમ્રતાથી) જેવી આપની ઇચ્છા.

શે: (નિશ્ચયપૂર્વક) વારુ તો ચાલ. તું જઇને એ લોકોને કહી દે કે હું આવું છું. અને ડ્રાઈવરને કહી દે કે મોટર લાવે.

વિ: જી. (જાય છે)

[ડૉ. શેખર થોડીક વાર પોતાનું 'ઍપરેટસ' જુએ છે. પછી ટેબલ પર પડેલા કેટલાક કાગળો જોઈ ભ્રમરો સંકોચતાં વાંચે છે. પછી નિશ્ચયપૂર્વક માથું હલાવતાં કોટ પહેરે છે. ઑલિવર લૉજની એક ચોપડી શોધીને કાઢે છે અને પાનાં ફેરવતાં કંઈક વાંચે છે. પછી એ પુસ્તકમાં કાગળનું નિશાન મૂકી મંજુલને બોલાવે છે.]

શે: મંજુલ! ('આવી પિતાજી'નો અવાજ)

[મંજુલ આવે છે: સોળેક વર્ષની યુવતી. દેખાવમાં સરળ અને સુંદર. વાદળી રંગની બોર્ડરવાળી ક્રીમ રંગની સાડી પહેરી હોઈ એનો ગોરો રંગ ખીલી ઊઠે છે. કપાળમાં નાની લાલ બિંદી. ચકિત હરિણીની જેમ એ ઓરડામાં પ્રવેશે છે.]

શે: મંજુલ! તું શું કરતી હતી?

મં: બાપુજી, સિતાર પર નવા તાર ચડાવતી હતી. હું તો ધારતી હતી કે મારા જવા પછી તમે સિતાર સંભાળીને રાખશો. પરંતુ તમે તો મારી જેમ મારી સિતારને ય ભૂલી ગયા છો.

શે: તો શું તારી સિતાર તારા જેવી જ છે?

મં: નહિ શું? સિતાર પર નવા તાર ચડાવીને આવી રહી છું, જુઓ.... મારી બોલીમાં ખુશીનો રાગ છે કે નહિ?

શે: અને કદાચ એકાદ તાર તૂટી જાય તો?

મં: તો બાપુજી, મારું મન તૂટી જશે!

શે: ઓ...હો! કવિતા યે કરવા લાગી.

મં: હું કવિતા કેવી રીતે બનાવી શકું? આજકાલની કવિતા માટે ઉચ્છવાસ, વેદના અને આંસુની જરૂર હોય છે, અને એ બધું કાંઈ મારી પાસે છે નહિ. હું તો ખુશ રહેવું જાણું છું.

શે: ઠીક છે. મારી શોધ પૂરી થઈ જાય પછી તારી સિતાર અને તારા અવાજના તરંગોની ધ્રુજારીની મેળવણી કરી જોઈશ. એક ધ્રુજારીને બીજી ધ્રુજારીની કેટલી મદદ મળે છે!

મં: તમારી શોધમાં આપણે બંને ક્યાંક રેડિયો ન બની જઇએ!

શે: એથી કાંઈ બગડી નથી જવાનું. તું અહીંથી ચાલી જઈશ તો ય હું તારો અવાજ સાંભળી શકીશ.

મં: (ભારે અવાજે) આપ તો એ જ ચાહો છો ને કે હું અહીંથી ચાલી જાઉં તો સારું!

શે: (મનાવતા હોય તેમ) વાહ, એ તું શું બોલી? છેલ્લા છ મહિનામાં મારી શી હાલત થઈ છે એ તો હું જ જાણું છું. મારી દીકરી જાણે મારું સુખ સાથે જ લઈ ગઈ હતી. કામથી પરવાર્યા બાદ જ્યારે તારી યાદ આવતી ત્યારે એવું લાગતું કે જાણે કોઇએ મારા ઘરની બધી હવા ખેંચી લીધી હોય અને મારો જીવ ન મૂંઝાતો હોય! લાચાર થઇને તારી યાદ ભૂલી જવા મારે ફરી કામમાં લાગી જવું પડતું.

મં: એ બહાને તમારું ઘણું કામ થઈ ગયું.

શે: (વિવશ સ્વરમાં) હા, થઈ ગયું. પરંતુ મારી દીકરી મંજુલના વિના હું પોતે જ એક ઍપરેટસ બની ગયો હતો. સાચું કહું છું બેટા, તારા વિના મને જાણે જીવવું નહોતું ગમતું.

મં: તો હવે પછી મને ક્યાંય નહિ મોકલો ને.

શે: ક્યાંય નહિ. તું તો તારી મેળે જ તારી માને મદદ કરવા નોકરોને સાથે લઈ પુરી ચાલી ગઈ હતી. નહિ તો શું હું પોતે જવા દેત?

મં: પણ આપ અત્યારે ક્યાં જાઓ છો?

શે: જરા બહાર જાઉં છું. હમણાં આવી જઈશ. (વાત્સલ્યથી), હમણાં જ–

મં: (મોં ચડાવી લાડભર્યા સ્વરે) બાપુજી, હું પણ સાથે આવીશ.

શે: સાથે? વારુ ચાલ. (વિચાર કરીને) પરંતુ...ના...ના તું અહીં જ રહે.

મં: છ મહિને આવી છું તો પણ ના?

શે: (સમજાવતાં) જો આ 'ઍપરેટસ' મેં વરસોની મહેનતથી તૈયાર કર્યું છે. એમાં જો જરા ય ગરબડ થઇ જાય તો મારી બધી મહેનત બરબાદ જાય. આ મારા આખા જીવનની તપશ્ચર્યા છે. એનો એક 'ડૉટ' પણ આઘોપાછો થવો જોઇએ નહિ. તું અહીં જ રહે, મારા ઍપરેટસ પાસે. હું ખુદ એનાથી દૂર થવા માગતો નથી.

મં: એવું તે બધું શું છે એમાં?

શે: એના દ્વારા હું મરી ગએલા માનવીઓનાં સૂક્ષ્મ શરીરને આકાર આપી શકું છું.

મં: (સંશયથી) મરી ગએલા માનવીને!

શે: હા; મરી ગએલા માનવીઓને બોલાવી તેમની સાથે વાતચીત કરી શકું છું.

મં: વાતો કરી શકો છો?

શે : હા, આ કામ સંસારનાં કોઇ વૈજ્ઞાનિકે નથી કર્યું. મારા હાથે એ પૂરું થવાં ચાહે છે. મેં મનુષ્યના મૃત્યુનું રહસ્ય શોધી લીધું છે.

ગં : હું છ મહિના બહાર ગઈ એટલામાં તો તમે જાણે સંસારને જ બદલી નાખ્યો છે! અને હવે પછી ચાર છ મહિના બહાર રહું તો કદાચ તમે કોઇને મરવા જ નહિ દો!

શે : પરંતુ મરવામાં બૂરું શું છે? મેં તો એ સિદ્ધ કરી દીધું છે કે જેઓ મરી ગએલાં છે તેઓ વાસ્તવમાં મરી ગએલાં નથી જ.

ગં : (મક્કમતાથી) ત્યારે તો હું પણ એ જ સિદ્ધ કરીશ કે જેઓ જીવે છે તેઓ વાસ્તવમાં જીવતા જ નથી.

શે : સેતાન છોકરી! તું મજાક સમજે છે! પરંતુ એ તો નક્કી વાત છે કે મૃત્યુનું રહસ્ય ઊઘડી જવાથી મૃત્યુનો ભય જતો રહેશે. મૃત્યુ તો એવી જ વસ્તુ છે, જાણે હું મારો કોટ ઉતારી દઈ અગલ મૂકી દઉં.

શે : આજે તેઓ મરવાનો અર્થ નથી જાણતા! મર્યા પછી મનુષ્ય સ્વતંત્ર થઈ જાય છે. એ બધાં કાર્ય સારી રીતે કરી શકે છે.

મં : સાચોસાચ?

શે : મેં યંત્રોની સહાયથી મરેલા લોકો સાથે વાતચીત કરી છે.

મં : મરેલાં માણસો સાથે વાત કરવાનું કેવું લાગે?

શે : બહુ જ સરસ! જેવું તારી સાથે વાત કરવામાં લાગે છે!

ગં : વાહ, ત્યારે તો મારા મરવામાં અને જીવવામાં અંતર જ નથી રહ્યું!

શે : અંતર શું છે? શરીરની રેખા મટી જાય તો આ સંસાર અને એ સંસાર એક જ છે! શરીર તો જાણે ભીનું કપડું છે, જે આત્માને લપેટાઈ ગયું છે. અને અવસર મળતાં જ આત્મા એ શરીરને ફેંકી પોતાનાં સાચાં તેજમાં આવી જાય છે. યા એમ કહો કે એક તોફાની બાળકની જેમ આત્મા શરીરના દરવાજા ઉઘાડી બહાર નીકળી ભાગે છે. એને જ 'મરવું' કહે છે.

ગં : હું તો મોતથી બહુ ડરું છું. મરતી વખતે જીવ ન જાણે કેવો થતો હશે!

શે : બહુ જ સરસ લાગે છે! જીવનની બધી ચિંતાઓ છૂટી જાય છે. એવું લાગે છે જાણે કોઇ પાણી ભરવાવાળાએ ઘેર પહોંચી પોતાનો ઘડો માથેથી ઉતારી નીચે મૂકી દીધો હોય, હા, જેઓ આત્મહત્યા કરે છે તેઓ પોતાની ગતિમાં પાછળ રહી જાય છે અને પોતાના સૂક્ષ્મ સંસારમાં એક પથ્થરની જેમ પડ્યા રહે છે. મેં સૂક્ષ્મ શરીર સાથે વાત કરી આ વસ્તુ જાણી લીધી છે.

ગં : હું તો મરેલાં માણસ સાથે વાતેય ન કરું. ન જાણે કેવા હશે એ લોકો! હવાના જેવા ...ધુમાડા જેવા?

શે : લગભગ એવા જ! પરંતુ મારા ઍપૅરેટસની મદદથી એમને એવું રૂપ મળે છે કે કોઇ ઓળખી ન શકે કે આ મરેલાં માણસો છે કે જીવતાં છે. એવું જ લાગે કે જાણે આપણને રોજ મળનારાંઓમાંનું જ કોઈ હોય!

ગં : (આશ્ચર્યથી) એમ? જોવામા કંઇ જ ફરક નથી લાગતો? એ કેવી રીતે બને?

શે : એ જ તો મારી શોધ છે.

મં : ઓહ, કેવી વિચિત્ર શોધ છે! તમે મારી આતુરતા ખૂબ વધારી દીધી. વારુ તો પાછા આવીને...

શે : ઓહ! હું તો જવાની વાત ભૂલી જ ગયો હતો! સારું થયું તેં યાદ દેવડાવ્યું. વારુ, તો હું જાઉં છું. તું ઍપૅરેટસ જોતી રહેજે. (ગંજુલ હકારમાં માથું હલાવે છે. ડૉક્ટર જાય છે.)

ગં : (ડૉ. શેખરના જવાની દિશામાં જોતાં) સંસારના વિદ્વાન સંસારના સહુથી સરલ માણસો હોય છે (પાછી ફરે છે. બોલાવતાં) સોમલા! (નોકરનો પ્રવેશ)

સો : જી બહેનસાહેબ!

મં : એક ગ્લાસ પાણી લાવ તો!

સો : વારુ બહેન, કંઇ સોડાબોડા લાવું?

મ : ના, ફક્ત પાણી.

સો : આ લાવ્યો બોન.

મં : (આમતેમ જોતાં ઍપૅરેટસની પાસે જાય છે) આ છે 'ઍપૅરેટસ'. ન જાણે કેવું છે! (હાથથી ગ્લાસટ્યુબને અડે છે. એટલામાં સોમલો પાણી લાવે છે. મંજુલ પીએ છે.)

મં : (રૂમાલથી મોં લૂછતાં) તું જાણે છે સોમલા, (ઍપૅરેટસ બતાવતાં) આ શું છે?

સો : (ઉત્સાહથી) સરકાર ઇ ઈપારટુઅસ સે. ઈનું તો મોટા સરકાર એવું કરસે કે ભગવાને ય નો કરી હકે. (અભિમાનથી) વાત ઇવી સે બોન! કે તમે તો સ મહિને આવ્યાં, આનો તમાસો હજુ જાણતાં નથ. ઇનો જ તો તમાસો, સરકાર અમે જોઇએ સીએ. (ગર્વની મુદ્રા)

મં : તું જાણે છે, આ કેવી રીતે ચાલે છે?

સો : ચાલુ થાતી વખતે તો જાણે બીક લાગે ઈવું થાય સે. આ સાવી ફેરવી દેવાથી વિજળીના ઈવા સમકારા થાય સે કે વાત નો પુસો! અને ઇને હળગાવવાં માટે દિવાહળીનીય જરૂર નથ પડતી. અને પેલા લોટા જેવું દેખાય સે ને (આંગળીથી બતાવતાં) ઈમા પહેલાં લાલ પાણી ઉળળેસે અને પછી ખદબદી ઉપર ચડે સે. મને તો જાદુના ખેલ જીવું લાગે સે. ઘડીકમાં આ ખૂણામાં તો ઘડીકમાં ઓલા ખૂણામાં જઇ ઓલવાઈ જાય સે.

મં : એનાથી શું થાય છે?

સો : (હાથેથી કાન પકડી) હવે ઈ બોન, મને નથી ખબર, પણ મોટા સરકાર પોતે આંખો વીંસીને બેહી જાય સે અને કંઇક બોલવાં મંડેસે. અમે જો અહીં હોઇએ તો કહે સે–સોમલા... અહીંથી હાલ્યો જા...

મં : સોમલા, બાપુજી કહેતા હતા કે માણસ મરીને ય નથી મરતો.

સો : હવે ઈ સરકાર હું સું જાણું?...પણ જ્યારે મોટા સરકાર આ ઈપારટુઅસ બનાવતા'તા; તીયારે ઈવી જ વાતું કરતાં'તા. બોન, મોટા સરકારમાં તો વિદયા ઈવી હમાઈ ગઇ સે જીમ...જીમ... (શાહીચૂસ ઉઠાવતાં) આ બલાટીંગમાં સાઇ.

મં : (હસીને) જા, તું કાંઈ જ નથી જાણતો. (મંજુલ 'ઍપૅરેટસ'ના ભાગો જુએ છે. એમ કરતાં એક સ્વિચ દબાવી દે છે, જેથી લાલ બલ્બ બળે છે. એની સાથે લીલો બલ્બ પણ સળગે છે. લાલ બલ્બ તો થોડી વારમાં ઓલવાઈ જાય છે ને લીલો સળગતો રહે છે.)

મં : (અન્યમનસ્ક થઇ) કંઈ સમજમાં નથી આવતું. બાપુજીને જ પૂછી જોઈશ. (એવામાં અચાનક યાદ આવતાં અરે મારી સિતાર તો એમ ને એમ પડી રહી છે. (અંદર લઇને સિતાર લઈ બહાર આવે છે ને તેને ઠીક કરી થોડું વગાડે છે, ત્યાં દરવાજા પર ખટખટ અવાજ થાય છે.)

મં : (વગાડવાનું બંધ કરતાં) કોણ?

છાયાદેવીનો અવાજ : એ તો હું.

મં : (પ્રસન્નતાથી ઊઠી સિતાર ખૂણામાં મૂકી) ઓહ આવો દરવાજો ઉઘાડો જ છે. (પાંત્રીસેક વરસની એક સ્ત્રી પ્રવેશે છે. સુંદર ગૌર વર્ણ, સફેદ સાડી, મુખમુદ્રા ગંભીર.)

મં : નમસ્તે. આવો, બેસો... (છાયાદેવી નમસ્કાર કરી બેસે છે. મંજુલ પાસેની ખુરશીમાં બેસે છે.)

છા : તું સિતાર વગાડતી હતી? મને સંગીત બહુ ગમે છે. સાંભળતાં જ અહીં આવી.

મં : (સંકોચથી) એટલું સારું વગાડું છું?

છા : અને પાછું વિચાર્યું ચાલો તને મળી લઉં. ખબર પડી કે તું આવી ગઈ છે.

મં : હા, કાલે રાત્રે જ આવી. બાપુજીએ લખ્યું હતું કે તને મળવાની બહુ ઇચ્છા છે. આવી ગઇ. બાપુજી મને ખૂબ ચાહે છે.

છા : હું જાણું છું. તારી બા તો સારાં છે ને?

મં : હા, હવે સારાં છે. વચમાં તબિયત બહુ ખરાબ થઈ ગઇ હતી. 'પુરી'ના બધાં મોટા-

(અનુસંધાન પૃ. ૧૫૫મે)

લઘુ-યોગ

સુખી સુંદર ને લાંબું જીવન જીવવા માટે સંસારમાં રહીને કરી શકાય એવા રોજિંદા કાર્યક્રમ વિષે વધુ માહિતી આપતો લેખ

લેખક: સાધુરામ દવે

અગાઉ ૩૭૯મા અંકમાં આપણે 'યોગ' વિષે અને ૩૮૦મા અંકમાં 'લઘુ યોગ' વિષે ટૂંકાણમાં કાંઇક ખયાલ મેળવ્યો છે. મારી તો ચોક્કસ ખાતરી છે કે જે કોઇ વ્યક્તિ આળસ કર્યા સિવાય, સાચા દિલથી, ઓછામાં ઓછો એક માસ, એ વીસ મિનિટનો કાર્યક્રમ કરશે, તે તેનો દરેક રીતનો અપૂર્વ ફાયદો જોઇ શકશે. પરદેશોમાં તો આ માટેના ખાસ વર્ગો ચાલે છે અને હમણાં જ જર્મનીમાં પણ આ યોગ અને આસનો શીખવવા માટે આપણા એક હિંદી ભાઈની નિમણૂક થઇ છે. એટલે આ વિષયમાં વધુ રસ જમાવવાના હેતુથી જ થોડા વિચારો અહીં ટપકાવ્યા છે. આપણે રોજ–બરોજ કરી શકીએ એવો એ પ્રકાર છે. એમાં શરીરને નીરોગી અને દીર્ઘાયુ બનાવવાનો મુખ્ય હેતુ છે.

પહેલાં તો શરીર સંપૂર્ણ નીરોગી બને, ત્યાર બાદ મનનો સંપૂર્ણ કાબૂ આવે, અને તે પછી આત્માનું અનુસંધાન, એ યોગનો હેતુક્રમ છે. એમાં આસન એનું પ્રથમ પગથિયું છે અને શરીરને નિત્યયૌવનવાળું તથા દીર્ઘાયુ બનાવવાનું એ શાસ્ત્ર છે. ઊંડા તાલબદ્ધ શ્વાસોચ્છ્વાસ એ પણ, સાથોસાથ એટલા જ અગત્યના છે.

આકાશના ગ્રહો, તારા, સમુદ્ર વગેરેનો ચુસ્તપણે નિયમિત અને તાલબદ્ધ કાર્યક્રમ આપણે જોઇએ છીએ. તેવી જ રીતે આપણા જીવનના એવા મહાવિશ્વના માનસની સાથેના તાલબદ્ધ એકરૂપ જોડાણ માટે ઊંડા શ્વાસોચ્છ્વાસની ક્રિયા જ સંપૂર્ણ જણાઇ છે. પ્રાણાયામ માટે તો કોઈ નિષ્ણાત ગુરુના સતત માર્ગદર્શનની પણ જરૂર પડે, જે દરેકને શક્ય નથી; પણ ઊંડા શ્વાસોચ્છ્વાસ તો દરેક જણ સવાર-સાંજ કરી શકે. અને સાથેસાથે શ્વાસ અંદર લેતી વેળા પોતાને જરૂરી ગુણોની પૂર્તિ કરવાનો એકચિત્તે સંકલ્પ કરે. આ સંકલ્પની ભાવના ખૂબ ઊંચા પ્રકારની છે ને પ્રયત્ન કરનારને તેનો ફાયદો ચોક્કસ જણાશે જ. અરે, આપણા સ્થૂલ શરીરના કોઇ પણ અવયવમાં ખામી જણાતી હોય તો શ્વાસ અંદર લેતી વેળા તે અવયવ ઉપર એ પ્રાણશક્તિ પહોંચાડવાનો ખયાલ કરીને, થોડા જ વખતમાં તે અવયવને પણ સંપૂર્ણ નીરોગી બનાવી શકાયછે.એમાં ખાસ જરૂર માત્ર શ્રદ્ધા ને એકાગ્રતાની છે.તાલબદ્ધ શ્વાસોચ્છ્વાસ કેટલો ઉપયોગી છે તેનો પ્રત્યક્ષ ખયાલ એક આ નાનાસરખા પ્રયોગથી જરૂર અનુભવી શકાશે. જ્યારે તમે કોઇ દાદરો ચડો ત્યારે દરેક બે પગથિયાં ચડતી વેળા શ્વાસ અંદર લો, અને તે પછીનાં બે પગથિયાં ચડતાં શ્વાસ બહાર કાઢો. આ રીતે આખો દાદરો ચડો. કોઇ પણ જાતના શ્રમ કે હાંફ સિવાય તમે સહેલાઇથી દાદરો ચડી શકશો. શ્વાસોચ્છ્વાસની સાથે આપણા શરીરમાં પ્રાણ પ્રવેશે છે જ, પરંતુ કોઇ પણ શક્તિકેન્દ્ર ઉપર તેને કેન્દ્રિત કરવાથી તે શક્તિકેન્દ્રો જાગ્રત થઈ શકે છે. માટે જે ભાગને આપણે વધુ બળવાન બનાવવો હોય તેની ઉપર, શ્વાસ જ્યારે અંદર જાય ત્યારે મનને કેન્દ્રિત કરવું અને તે ભાગમાં નવું જ જીવન ભરાઈ રહ્યું છે તેવી ચોક્કસ કલ્પના કરવી.


અગાઉ જણાવેલી 'સંપૂર્ણ આરામ'ની વાત પણ સાથોસાથ ધ્યાનમાં રાખજો. આ આરામ તમે બેચાર મિનિટમાં જ મેળવી શકો છો. કોઇ મુડદું પડ્યું હોય તેની માફક તદ્દન નિશ્ચેત રીતે, અથવા તો એકાદ રેશમી મોજું આપણે નાખીએ અને તે જેમ પડે તેની માફક તમે ખૂબ જ ઢીલા થઇને સૂઈ જાઓ. આને માટે પથારી કરતાં કઠણ જગ્યા વધુ અનુરૂપ છે, જેથી કરોડરજ્જુ સીધી રહી શકે. પછી ખયાલ કરો કે હું સંપૂર્ણ આરામથી પડ્યો છું. હું એક હલકા ફૂલ જેવા વાદળાની માફક અનંત આકાશમાં લહેરી રહ્યો છું. ઉતાવળ મને છે જ નહિ. સર્વત્ર આનંદ અને શાંતિ છે. આવા સંપૂર્ણ શાંતિ અને આનંદમય વિચારોને જ તે વખતે મનમાં સ્થાન આપો.ત્યાર બાદ આળસ મરડી, ઊંડું બગાસું ખાઇને ધીમેથી ઊઠો. ઊઠતાંની સાથે જ ખયાલ કરો કે હવે હું સંપૂર્ણ સ્વસ્થ થઇ ગયો છું. કોઈ પણ જાતના માનસિક કે શારીરિક શ્રમ પછી આવો માત્ર બેચાર મિનિટનો આરામ પણ તમને સંપૂર્ણ તાજગી આપશે: કરી જોજો.

સાત્ત્વિક ખોરાક પણ શરીરને તંદુરસ્ત રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે. આપણી જ ધરતીમાં પાકેલું શુદ્ધ અનાજ અને તાજાં શાકભાજી એ સૌથી સરસ ખોરાક છે. ચોખ્ખાં દૂધ, દહીં, છાશ, માખણ એ પણ સાત્ત્વિક ખોરાક છે. દરેક ઋતુનાં ફળ, સૂકો મેવો તથા ગોળ પણ શક્તિવર્ધક આહાર છે. આ બધું કોઇ જાણતું નથી તેવું નથી. દરેક જણ તે જાણે છે, અને પોતે તે પ્રમાણે ખાવુંપીવું જોઇએ તેમ સમજે


શીર્ષાસન


અર્ધમત્સ્યેન્દ્રાસન


સર્વાંગાસન


સિંહાસન


વજ્રયુદ્ધાસન

છે. પરંતુ માત્ર જીભના ચટાકા અને મનઃશક્તિના અભાવને અંગે એથી વિપરીત વસ્તુઓ જ સહુ પેટમાં ઓર્યા કરે છે!

વધારાપડતું તો હરગીઝ ન જમો. સારી પેઠે ચાવીને, શાંતિથી, ધીમેથી, આનંદથી જમો. બપોરે જમ્યા બાદ ૨૦ થી૩૦ મિનિટ ડાબે પડખે રાજવત્ શાંતિથી સૂઈ રહો. આ ઊંઘવાની વાત નથી, માત્ર શાંત પડયા રહો. આપણે રોજ માત્ર અર્ધો કલાક વહેલા ઊઠી, વહેલું જમવાનું પતાવી, આ 'વામકુક્ષી'ની ટેવ જો પાડીએ તો અદ્‌ભુત ફાયદો થાય. વળી જમતી વખતે યા કોઈ પણ પ્રવાહી પીતી વખતે પણ તેની ઉપર એકથી બે મિનિટ એકાગ્રતાથી જોઈ, મનમાં ખયાલ કરો કે 'મારા શરીરમાં જોઈતી શક્તિ યા પોષણ આ પદાર્થથી મને ચોક્કસ મળી રહી છે અને આનાથી હું સંપૂર્ણ સશક્ત અને તંદુરસ્ત જ રહીશ.' આ એકાગ્રતા અને સંકલ્પ ખૂબ લાભદાયી જણાશે. આ ઉપરાંત દર પંદર દિવસે એક આખો ઉપવાસ અને દર અઠવાડિયે એક ટંકનો ઉપવાસ કરી હોજરીને આરામ આપવાની ટેવ પણ પાડો. અને જે કંઈ કરો તે સર્વ શાંતિથી, ધીમેથી ને શ્રદ્ધા સાથે એકાગ્ર ચિત્તે કરો.

નિશ્ચય માનજો કે તમે મનમાં જેવા વિચારો રાખશો તેવા જ થશો. માટે મનને એકાગ્ર કરવાનું શીખો. નાનામાં નાનું કામ કરતી વખતે પણ તે જ કામનો વિચાર કરો. મનની સર્વ શક્તિ હાથમાંના કાર્ય ઉપર એકાગ્ર કરવાની ટેવ પાડો. આથી ગમે તે કાર્ય પણ ઉત્તમ રીતે કરી શકશો. સતત ધ્યાન અને ધારણાથી માણસ પોતાની જ અંદર ડૂબકી મારી, બહારના સંજોગોથી પર રહી, હમેશાં શાંત, ચપળ અને આત્મવિશ્વાસવાળો રહી શકે છે. પોતાની મનઃશાંતિથી માણસ વિચાર અને લાગણી જ્યાંથી ઉદ્‌ભવે છે ત્યાં જ તેને વશ કરી શકે છે. મનની એકાગ્રતા મેળવી, એકચિત્ત બની તે પોતાનું ધાર્યું કાર્ય કરી શકે છે. આ માટે કડક માનસિક શિસ્ત પાળવાની ખાસ જરૂર છે. મનના આ કાબૂને અંગે તમે વાતાવરણના દાસ નહિ રહો, પરંતુ વાતાવરણ પોતે જ તમારું દાસ બનશે. તમારો મિજાજ એટલો સ્વસ્થ હશે, તમે એટલા સ્વયંમાર્ગી અને પ્રસન્ન આનંદી બન્યા હશો કે તમારી આજુબાજુના માણસો પણ તમારા ચેપથી આનંદી અને નીરોગી બનશે. ગઈ કાલ તો ચાલી ગઈ છે, આવતી કાલ તો હજુ આવવાની છે, માટે આજનો જ ખયાલ કરો. ગઈ કાલની પતી ગએલી બાબતોનો ગાંસડો, અને આવતી કાલની અજ્ઞાત વસ્તુઓની ચિંતાનો બોજો જ માણસને મારે છે. આજ પૂરતું જ હરરોજ જીવતાં શીખો અને તે માટે સદા 'આજ' ઉપર જ ધ્યાન કેંદ્રિત કરો. એમ કરવાથી મન પર કાબૂ જમાવતાં આવડશે.

યોગ એ શરીર, મન અને આત્માની પ્રગતિ માટેનું સૌથી શ્રેષ્ઠ સાધન છે. આ ત્રણે માટે આનાથી વધુ સારો કીમિયો હજુ સુધી કોઈ જ બતાવી શક્યું નથી અને કદાચ બતાવી પણ નહિ શકે. માટે પ્રત્યેક જણ, રોજની ૨૦ મિનિટ કાઢી, ૩૮૦મા અંકમાં બતાવેલી ચાર ક્રિયાઓ કરે અને આ લેખમાંથી ઉપયોગી વસ્તુ તારવી આજથી જ અમલમાં મૂકે એ જ આશાએ આ લેખ લખ્યો છે.

શરીરની જુદીજુદી ક્રિયાઓને માટે નીચે લખેલાં આસનો અચૂક ફાયદો આપે છે. શરૂઆત માત્ર બે જ મિનિટથી કરી વધુમાં વધુ પંદર મિનિટ સુધી જ અને ધીમે ધીમે તે કરવાં. જે આસનો ફાવે તે એ પંદર મિનિટમાં જ કરી લેવાં.

(૧) પિચ્યુઈટરી (પોષક) અને પીનીઅલ ગ્રંથિઓ(ગ્લૅન્ડસ)ની ખામીઓ માટે શીર્ષાસન અને મત્સ્યાસન.

(૨) થાઇરૉઈડ (કંઠ) અને પેરા થાઇરૉઈડ ગ્રંથિઓની ખામીઓ માટે સર્વાંગાસન, શીર્ષાસન, હલાસન, મત્સ્યાસન.

(૩) ઍડ્રીનલ ગ્રંથિઓ માટે સર્પાસન, શલભાસન (તીડાસન), ગોમુખાસન, મત્સ્યેન્દ્રાસન.


(૪) અપચા માટે પવનમુક્તાસન, પશ્ચિમોત્તાનાસન.


(૫) દમ માટે શીર્ષાસન, મત્સ્યેન્દ્રાસન, વજ્રાસન, સુપ્તવજ્રાસન.

(૬) ગળાનાં દર્દો માટે—સિંહાસન: ગળાના સોજા તથા કાકડા માટેનો અકસીર અને અચૂક ઉપાય આ સિંહાસન છે.

(૭) સ્ત્રીઓને માટે સામાન્ય તેમજ ઋતુ(અડકાવ)ને લગતી ક્રિયાઓ માટે સર્વાંગાસન, ઊર્ધ્વાસન, હલાસન, વજ્રાસન.

સ્ત્રીઓએ અડકાવના સમય દરમિયાન, તેમજ ગર્ભાધાન સમયે વધુમાં વધુ ત્રણ માસ પછી, કોઈ પણ કસરત ન જ કરવી. અને આ બધાને છેડે લેખમાં જણાવેલી 'સંપૂર્ણ આરામ'ની પદ્ધતિ અખત્યાર કરવાથી બધો શ્રમ હરાઇ જશે.












જમણી બાજુ ઉપર અનુક્રમે: 'સંપૂર્ણ આરામ'ની સ્થિતિ–શવાસન, શલભાસન, મયૂરાસન અને હલાસન. નીચે ડાબી બાજુથી: પશ્ચિમોત્તાન આસન, મત્સ્યાસન અને છેલ્લે સર્પાસન કે ભુજંગાસન









અઢારમી સદીના અમેરિકાના પ્રતિભાવંત પુરુષ બેન્જામિન ફ્રાન્કલિન એક રાજપુરુષ, વૈજ્ઞાનિક, મુત્સદ્દી, વેપારી, લેખક ને મુદ્રક હતા.



તેમનો જન્મ ૧૭૦૬માં બૉસ્ટનમાં થયો હતો. નાના હતા એ વખતે તે પિતાને તેમના મીણબત્તીઓ ઢાળવાના કામમાં મદદ કરતા.



૧૨મે વર્ષે પોતાના ભાઇના છાપખાનામાં તે કામ શીખવા રહ્યા, જ્યાં તેમણે આપમેળે શિક્ષણ મેળવ્યું તથા લેખો લખવાનું પણ શરૂ કર્યું.



શરૂમાં તેઓ છૂપે નામે બૉસ્ટનના જીવન ઉપર કટાક્ષપૂર્ણ લેખો લખીને છાપાની કચેરીમાં બારણા નીચેથી તે બધા સરકાવી દેવા માંડ્યા.



હવે આત્મવિશ્વાસ વધ્યો અને હિંમતપૂર્વક શિખાઉની નોકરી છોડી ૧૭ વર્ષની કાચી વયે નસીબ અજમાવવા તે ફિલાડેલ્ફિયા આવ્યા.



પછી પોતાનું જ છાપખાનું કરવા માટે યંત્રો લેવા તે લંડન ગયા, પણ ત્યાંના જ એક પ્રખ્યાત છાપખાનામાં કામ કરવા રોકાઇ ગયા.




વીસ વર્ષની વયે નવો ઉત્સાહ લઇ તે પાછા ફર્યા અને ફિલાડેલ્ફિયામાં વર્તમાનપત્ર કાઢ્યું. તેમના મનમાં ઊભરાતા અસંખ્ય વિચારોએ હવે સ્પષ્ટ આકાર ધારણ કરવા માંડ્યો.



વ્યવહારકુશળ માણસ તરીકે પોતાના વિચારોને ઉપયોગી બનાવવા તેમણે 'જન્ટો' નામે સભા શરૂ કરી, જેના સભ્યો રવ તથા સમાજસુધારણાની ચર્ચા કરવા દર અઠવાડિયે મળતા.



એ 'જન્ટો' ક્લબમાંથી જ અમેરિકન સંસ્થાઓનું પહેલું બંબાખાતું, પોલીસખાતું અને લવાજમવાળું પુસ્તકાલય શરૂ થયું. અમેરિકાના મફત જાહેર પુસ્તકાલયની આ શરૂઆત હતી.



૧૭૩૦ના ગાળામાં વાચનસામગ્રીની તંગી હતી, તેથી જ્ઞાનપ્રચાર માટે તેમણે પંચાંગ શરૂ કર્યું. તેમાંનાં વર્તારા, કાવ્યો, ને 'પૂઅર રિચર્ડ'નાં સૂત્રોથી હાસ્ય દ્વારા પ્રજાને જ્ઞાન મળ્યું.



ઘરગથ્થુ ડહાપણ અને હાસ્યની એ વાતો અમેરિકાને ખૂણેખૂણે વંચાતી. એથી અક્ષરજ્ઞાનની વૃદ્ધિ સાથે લોકશાહીની એકવાક્યતા રચાઈ ને અમેરિકન સંસ્કૃતિ સર્જાવા લાગી.



લાંબી નજરવાળા ફ્રાન્કલિને સંસ્થાનોની વચ્ચે વિચારોના ઝડપી પ્રચાર અને વિનિમય દ્વારા અમેરિકનોને સંગઠિત કરવા માટે પોસ્ટમાસ્તર તરીકે એક ઝડપી વ્યવસ્થા યોજી.



ઉપરાંત તેમણે અમેરિકાના વેપારીઓ, કારીગરો, વૈજ્ઞાનિકો વગેરે સર્વ વ્યવસાયના લોકોને અનુકૂળ એવી એક વિદ્યાસભા ઊભી કરી.



હવે તેમણે જીવનને વધુ સરળ ને સફળ બનાવવા ભીંતના ચૂલાની, ચશ્માંની, શસ્ત્રક્રિયાનાં ઓજારો ને સંગીતનાં વાજિંત્રોની શોધ કરી.



પણ એમની ટોચની શોધ તો એક વરસાદી તોફાનમાં પતંગ ચઢાવીને તેના દોર સાથે બાંધેલી ચાવી દ્વારા વીજળીને નાથી એ હતી.



૧૭૫૪થી તે ધારાસભામાં ગયા, ધારાઘડતરના કાર્ય પર પ્રભુત્વ મેળવ્યું અને અમેરિકન સંસ્થાનોને એક કરવાની પ્રથમ રૂપરેખા દોરી.



વર્ષોથી બ્રિટન અને અમેરિકા વચ્ચે વધતી જતી તંગદિલી ટાળવા શાંતિપ્રિય ફ્રાન્કલિન ન્યાયી શાસનની માગણી કરવા લંડન ગયા.




પણ સ્ટૅમ્પ રૂપે કર લેવાનો કાયદો પાર્લામેન્ટમાં થતો તે અટકાવી ન શક્યા અને બ્રિટિશ–અમેરિકન સંબંધોએ નવો જ વળાંક લીધો.



મુક્તિવાંછુ અમેરિકામાં હવે નાદ ગાજી ઊઠયો: 'પ્રતિનિધિત્વ સિવાય કર જુલ્મ છે.' હુલ્લડો ફાટી નીકળ્યાં, કરની ટિકિટોની હોળી થઇ.



ફ્રાન્કલિન હજી લંડનમાં હતા. તેમણે સ્ટૅમ્પ ધારો અંતેરદ કરાવ્યો. પણ પછી ભારે આયાત-કર, નેવધુ જુલ્મવાળા ટાઉન્શેન્ડધારા આવ્યા.



દરમ્યાન બૉસ્ટનના બંદરમાં અમેરિકનોએ બ્રિટિશ માલનો બહિષ્કાર સૂચવવા એક વહાણમાં ભરેલી ચા દરિયામાં ઠાલવી દીધી.



૧૭૭૫માં લેક્સિંગ્ટન ગામે આખી દુનિયામાં સંભળાય એવી પહેલી ગોળી છૂટી અને અમેરિકાના સ્વાતંત્ર્યવિગ્રહની શરૂઆત થઇ.



જુલાઈ ૪, ૧૭૭૬ના રોજ અમેરિકાએ સ્વાતંત્ર્ય જાહેર કર્યું ને ફ્રાન્કાલન જેફર્સન, ઍડમ્સ, શેર્મન વગેરેએ મળી તેનો ખરડો ઘડયો.



સ્વાતંત્ર્ય માટે લડતા પોતાનાં સંસ્થાનો માટે વહાર મેળવવા ૭૧ વર્ષની વયે ફ્રાન્કલિન ફ્રાન્સ ગયા, જ્યાંની પ્રજાએ તેમને પ્રેમથી નવાજ્યા.



એમની યાત્રા સફળ થઇ. ફ્રાન્સ યુદ્ધમાં પડ્યું અને ૧૭૮૧માં બ્રિટિશ સૈન્યો શરણે થયાં. અમેરિકામાં સ્વાતંત્ર્યનો ઘંટનાદ ગાજી રહ્યો.



૮૧ વર્ષના ફ્રાન્કલિન હવે બંધારણ રચવા સ્વદેશ પાછા ફર્યા. આ બંધારણની રચના મનુષ્યે કરેલી વધુમાં વધુ સંપૂર્ણ વ્યવસ્થા છે.



૧૭૯૦માં એમનું અવસાન થયું ત્યારે રાષ્ટ્ર મજબૂત થએલું હતું. તેમની સેવાઓની કદરમાં તેમને 'પ્રથમ અમેરિકન'નું પદ આપવામાં આવ્યું.



સાગરસાવજ દેવો ધાધલ

શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા

'સુકાની'

ખંડ : ૨૧ જુંગ 'રાવળનાથ'

બીજે દહાડે નેમચંદ ને કસ્તૂરચંદ વાણોતરો સાથે 'રાવળનાથ' જોવા આવ્યા. વાણોતરો ફાલકા જોવા લાગ્યા. દરેક ફાલકો કેટલા ભાર માલ ઉપાડે એની ગણતરી કરવા મંડયા. શેઠિયાઓ મુસાફરોના આવાસ જોવા ચાલ્યા. 'રાવળનાથ' જુંગના પ્રકારનું વહાણ હતું. 'જુંગ' ચીની બોલીમાં 'વહાણ' માટેનો શબ્દ છે અને વિશિષ્ટ અર્થમાં રૂઢ થયો છે. 'રાવળનાથ'ની બાંધણીમાં કચ્છી બગલાની અને પરદેશી બરછાની કેટલીક વિશેષ ઘડાઈ ઉમેરાઈ હતી.

એના પઠાણની લંબાઈ ત્યાશી હાથ; એની 'કમાલી' (એટલે વધારેમાં વધારે પહોળાઇ) મુખ્ય સથા ઉપર સત્તર હાથ; સથાથી પઠાણ સુધીની ઊંડાઈ સાડા બાર હાથ; અને પઠાણથી પાણીની ધાર સુધીની ઊંચાઈ, પૂરો ભાર લાધો હોય ત્યારે, નવ હાથ હતી. એને ચાર ખુવા હતા : કલમી, વડો(એટલે મોટો), મોરલો (એટલે આગલો), અને ગુસી. વડા ખુવાની ઊંચાઈ સથા ઉપરથી ત્રેપન હાથ હતી. દરેક ખુવા ઉપર ચાર મોટા ગાભિયા (લંબચોરસ) સઢ ચડાવવા માટે મજબૂત પરમણ (પરબાણ) ખુવાને કાટખૂણે બંધાતા હતા. મોટે દરિયે સફર કરતાં 'રાવળનાથ' બરછા જેવું લાગતું હતું. ખુવા ઉપર સોળ ગાભિયા અને તીર ઉપર ત્રણ કાતરા ઉપરાંત કલમી પાછળના તીર ઉપર એક કાતરો, એમ 'રાવળનાથ' વીશ સઢ ચડાવતું હતું. કંઠારી સફર ટાણે ગાભિયાને સ્થાને કાતરા ચડતા હતા.

મોરા વાંઢારે સળંગ છત બાંધી મુખ્ય સથા ઉપર પરસાળ બનાવી હતી. પરસાળને અક્કેક પડખે દસ દસ તોપો મજબૂત રેંકડીઓ ઉપર ગોઠવી હતી. ઉપરાંત, ઠેઠ ઉપલે મજલે વાંઢારના (એટલે સુકાનીના) અને મોરાના (એટલે આગલા) તૂતક ઉપર બબ્બે લાંબી નાળની હળવી તોપો હતી, જેને એવાં જંતરમાં મૂકી હતી કે એ ચારે દિશામાં એની નાળ ફેરવી શકાતી હતી.

આ બધું જોઈ શેઠિયાઓ ઉતારુઓના આવાસ જોવા લાગ્યા. મોરા પાસે ત્રણ મજલાના આવાસ હતા. નીચેને મજલે બેડિયાતો રહેતા હતા, વચલે મજલે ઉતારુઓની કોટડીઓ હતી, ઠેઠ ઉપરને મજલે બરકંદાજો રહેતા હતા. વાંઢાર ઉપર નીચલો આવાસ સામાન્ય ઉતારુઓ માટે હતો, વચલો મજલો વિશિષ્ટ ઉતારુઓ માટે અને ઠેઠ ઉપલો મજલો નાખવા અને માલમો માટે હતો. શેઠિયાઓ વચલે મજલે રહેવાના હતા એટલે એ ભાગ તેઓ ધ્યાનપૂર્વક જોવા લાગ્યા.

આવાસ વિશાળ હતો. વચમાં બેઠકો અને બેય પડખે ઓરડાઓ ઉતાર્યા હતા. બેઠકમાં ગજા, ઢોલિયા, માચી વગેરે સુખાસનો જડી દીધાં હતાં. ઉપર મશરૂની તળાઇઓ પાથરી હતી. અતલસનાં પાથરણાં, તકિયા ઉપર રેશમના ગલેફ અને ફરશ ઉપર ઇરાની ગાલીચા; ઓરડા આડે જરિયાન પરદા અને બાજઠો ઉપર હતાં કચ્છની નામી કારીગરીના રૂપાનાં પાનદાન ફૂલદાન ધૂપદાન અને અત્તરદાન. ઓરડાઓમાં સીસમના નાજુક પલંગો અને અન્ય સુખસાધનો ગોઠવ્યાં હતાં. દરેક ઓરડાને દરિયા તરફ લંબગોળ બારીઓ હતી અને એ બારીઓને પથ્થર જેવા કાચનાં બારણાં હતાં. બેઠકને બંને પડખે ત્રણત્રણ ઓરડા અને એની પાછળ એક પાસ નાની નાવણી ને એક પાસ પૂજાની ઓરડી હતી. બેઠકની પાછલી દીવાલમાં નકશીદાર કમાડ હતાં. એ કમાડ ઉઘાડતાં રામસિંહ માલમે કહ્યું: 'અને આ શેઠાણી માટે રાણીવાસ!'

રાણીવાસ ખરેખર રાણીવાસ હતો. એમાં ઠેકઠેકાણે સુખડની તકતીઓ ઉપર શ્રી રામ અને કૃષ્ણનાં અવતારચિત્રો નકસીદાર કોતરણીથી ઉપસાવ્યાં હતાં. ભાવ, રસિકતા અને સુગંધનો અહીં ત્રિવેણીસંગમ થતો હતો. જુંગના વાંઢારના આખા વળાંક ઉપર મોટા ગોખ ઊઘડતા હતા ને ગોખ ઉપર કમાનદાર ઝરૂખાઓ ઝૂલતા હતા. ફરશ ઉપર ઇરાની ગાલીચાઓ અને કાશ્મીરી નમદાઓ પાથર્યા હતા. આસપાસ સુખાસનો પડયાં હતાં. બંને બાજુ શયનખંડ ઊઘડતા હતા. ખંડ વચ્ચે રૂપાના પાયાવાળો સીસમનો જબ્બર ઢોલિયો પાથર્યો હતો. ખંડની દીવાલો અને છત આરસાઓથી જડી દીધી હતી.

નેમચંદ શેઠ જરાક ખચકાઇને જોઈ રહ્યો. પછી એને યાદ આવ્યું કે જુંગ ઉપર અનેક વાર રજવાડાંઓ અને રજવાડાંને આંટી દે એવા શાહસોદાગરો સફર કરતા. કસ્તૂરચંદ તો કયારે સફર શરૂ થાય તેની જ રાહ જોવા લાગ્યો.

ખંડ : ૨૨ લંગર ઊપડયું

ખંભાતમાં માલની ચડઊતર માટે ગાંધાર બંદર વપરાવા લાગ્યું હતું. ગાંધારથી તહવરિયાંઓની 'રાવળનાથ' ઉપર અલગાર લાગી ગઈ. એના સથા ઉપર ઊંટડા ખડા થયા અને સાત દહાડામાં બે ફાલકા ભરાઈ ગયા. એક ફાલકો સુરત માટે અનામત રહ્યો. રાવળનાથ લંગર ઉપાડવા તૈયાર થયું. સુરીશ્વરે મુહૂર્ત જોયું. ઊપડવાને આગલે દી' શેઠિયાઓએ ધર્માદાન કર્યાં. તે રાત્રે 'રાવળનાથ' પર મેહફિલ ઊજવાઇ. ખુદ મુત્સદ્દી મેહફિલમાં શામિલ થયો. રાણીવાસમાં કુતુબી ખાનુમ

મહાલવા લાગી. ખાનપાન ને નાચરંગથી જુંગ રંગમહેલ બની રહ્યું.

સવારે મહેમાનો કિનારે જવા મછવાઓમાં ઊતર્યા. શેઠિયાઓ સૂરત સુધી પગરસ્તે જવાના હતા એટલે એમના માટે કાંઠા ઉપર હાથીઓ ને પાલખીઓ ઊભાં હતાં. રસાલો વહાણ ઉપર ચડી ગયો હતો.

મુત્સદ્દી અને કુતુબી ખાનુમે કિનારે જવા નવાબી કિશ્તીમાં પગ મૂક્યો એટલે રાવળનાથે એને અગિયાર તોપોની સલામી આપી. કિલ્લાના તોપચીઓએ એનો સાત બારથી જવાબ આપ્યો. રાવળનાથ પચ્છમ ઉપર સહજ દખ્ખણ મૂકી, ધીમેધીમે સરવા લાગ્યું. મહેમાનોના અને બીજા અનેક મછવાઓ એને જતું જોવા થંભી ગયા.

કિશ્તીમાંથી મુત્સદ્દી મોમીનખાન આ બખ્તાવર જુંગને જતું જોઈ રહ્યો. ભરતી સાપણ પાણી પાસે આવી ગઈ હતી. એની કલમી ટૂંક પર વર્દ્ધમાન શેઠની પતાકા ઊડતી હતી. એની આગલી ટૂંક પર ખંભાતનો વાવટો ફરફરતો હતો. સૂર્યનાં કિરણોમાં એ ચાંદતારો ઝગમગતો હતો. એના પર નવાબ સાહેબની નજર ઠરી. એ દેખાવે એની આંખમાં મગરૂરી આણી! સાથે આંખમાં થોડી ભીનાશ પણ હતી: 'માશાલ્લા! જ્યાં સુધી ખંભાતની બંદરગાહમાં આવાં બખ્તાવર પઠાણો આવતાં જતાં રહેશે ત્યાં સુધી ખંભાતનું ગૌરવ આબાદ રહેશે!'

ખુદા પાકની એ રહેમત છે કે ઇન્સાનની આંખોથી ભાવિ હમેશાં ઓજલ રહે છે!

ખંડ : ૨૩ સૂરત સોનાની મૂરત

ભીમપરાના મંદિરના શિખર ઉપર દિશ નોંધી મિંઢોળા અને સુંવાળી વચ્ચેની નાળ ઉપર પઠાણ વધાવતા રાવળનાથે તાપીનો ઘડો વટાવ્યો. સવા બસો કોસનો તાપીનો પટ પણ કાંપથી છીછરો બનવા માંડ્યો હતો, અને મહીસાગરે ખંભાત બંદરની જે અવદશા કરી હતી તે જ હાલ સૂરતના શરૂ થયા હતા. આ વાતની કેવળ અહીં ઊંડાં પઠાણો લાવનાર માલમોને જ ખબર હતી. સૂરતના સ્હેલાણીઓ, સદ્ભાગ્યે, હજુ એ જાણતા ન હતા.

સૂરતમાં આ વખતે અંગ્રેજો અને વલંદાઓની કોઠીઓ હતી અને એક બાજુ પંજાબ, માળવા, રાજસ્થાન ને ખાનદેશનો માલ સૂરત ચડવા આવતો હતો, તો બીજી પાસ બરતાનિયા, ફિરાંસ, ફિરંગિસ્તાન, હિસ્પાનિયા, વેનીસ અને અરબસ્તાનનો માલ સૂરતમાં ઊતરતો હતો. મુઘલ શાહાનશાહતનું ખંભાત ભાંગ્યા પછી એ મુખ્ય બંદર બન્યું હતું અને હજારો હાજીઓ હેજ્જાજે શરીફથી અહીં આવતા-જતા હતા. સુરત ગોયા તે કાળે છોટું હેજ્જાજ ગણાતું હતું. ગામ વચ્ચે મુઘલાઈ નવાબીનો ગઢ હતો અને અમરોજીથી ડૂમસ તથા હાલના હજીરા સુધી દેશદેશના ખારવાઓની બજાર ખીચોખીચ ભરી પડી હતી. સામે કાંઠે રાંદેર એટલું આબાદ હતું કે ખરેખર તો એણે જ સૂરતને 'છોટા હેજ્જાજે શરીફ'નું બિરુદ અપાવ્યું હતું.

તે કાળે હજુ સૂરતમાં અનેક વહાણવટીઓ હતા. સૂરતની નાણાવટ ઠેઠ ચાંદની ચોકની રોનક સાચવી રહી હતી. સૂરતના બંદરમાં સુંવાળી પાસેની લંગરગાહમાં અનેક પરદેશી અને દેશી પઠાણોની ગરદી જામી રહી હતી. માત્ર એ પઠાણો નીચે નદીનું પેટ છીછરાતું જતું હતું ને સૂરતની દરિયાવરદી તવારીખનો અંત ઢૂકડાતો જતો હતો.

પણ હજુ સૂરત સોનાની મૂરત હતી. એની દરિયાવરદી આબાદીએ એને આબાદ રાખ્યું હતું. જે સૂરતને બબ્બે વાર ફિરંગીઓએ આગથી તારાજ કર્યું હતું, જે સૂરતને શિવાજીએ ભરપેટ લૂટ્યું હતું, જે સૂરતને ખુદ તાપીએ અનેક વાર ડુબાડ્યું હતું તે, દરેક ઘા પછી, જેવું ને તેવું ફરી સમૃદ્ધ બનતું હતું, કારણ એને પડખે રત્નાકર હીલોળતો હતો અને બંદર સુધીનો આશરે સાત કોસનો તાપીનો પટ, ખારાં, પણ પરિણામ જોતાં સાકર જેવાં મીઠાં પાણીથી ભરી રહ્યો હતો. જોકે હવે તો એ રત્નાકર પણ આસ્તે આસ્તે રૂઠતો જતો હતો.

જે સૂરતને આગ, લૂટ અને ડૂબ ન ડારી શકી એને, આખરે, તાપીના પેટનો કાદવ ભાંગવાનો હતો. રાવળનાથનો બુરુદિયો એની આગાહી આપતો હતો. રાવળનાથનું પઠાણ ઓવારાથી ઘણે દૂર થંભી ગયું.


એક જ ફાલકો માલ ફપાડવાનો હતો. બે દી' એણે માલ ઉપાડી લીધો. ત્રીજી પરોઢે, તે કાળના સૂરતની શરમ જેવો માલ લદાવા આવ્યો: સૂરતના ગુલામો! હબસી નહિ, પણ ભારતીય ગુલામો!


વર્દ્ધમાન શેઠના આડતિયાઓએ આ માલ પઠવીપઠવીને ભેગો કર્યો હતો. મરાઠા, પેશ્વા, સૂબા, નવાબ, કોળી અને કાઠી પરસ્પરમાં ઝગડા કરતા હતા, તે પછી અણખપતા કેદીઓનો આવી રીતે નિકાલ લાવતા હતા! પોતાને જોઇતા હોય કે ન હોય, પણ વર્દ્ધમાન શેઠને એ બધા સાથે 'સારું' રાખવા ખાતર એ કેદીઓ ખરીદી લેવા પડતા હતા.


આ વખતે એકસો ને સોળ માણસો, ખુદ શેઠે ખરીદ્યા હતા: ઓગણીસ મરાઠાઓ મુત્સદ્દીએ વેચ્યા હતા; ત્રેવીસ મુસલમાનો સરદાર રાજે સદાશિવરાવે વેચ્યા હતા; પાંત્રીસ કોળીઓ નાગર સરદાર વજેરામે આપ્યા હતા; બાવીસ સૂરતના મુઘલ ગઢમાંથી આવ્યા હતા; અને અઢાર અંગ્રેજ કોઠીના સાહેબ બહાદુરે પહેરાવ્યા હતા.


સૂરતના મહાજનનો કડક હુકમ હતો કે ભારતીય ગુલામો કોઇએ

નીચે જમણી બાજુ 'કાંકણી ફત્તેમાર'નું ચિત્ર: 'ફત્તેમાર' એ તમીળ શબ્દ છે. 'મરમ' અથવા 'મરન્' એટલે ઝાડ–પાટિયું કે લાકડું 'ફપોઇહ્ડુ' એટલે મૂકેલાં. એક ઉપર એક બાર અને ખાંચા બેસાડી ગોઠવેલાં 'મરન્' (પાટિયાં) વડે જેનું ખલ બનાવેલું હોય તે 'પોટ્ટુમરન'–પોટ્ટુમર–પોટ્ટમાર–પટ્ટમાર–પત્તમાર–ફત્તેમાર. આ 'પટ્ટમાર'ને વિપક્ષે 'કટ્ટમરન્'-catamarans હોય છે. 'કટ્ટ' એટલે બાંધેલાં;સીંદરીથી બાંધેલાં પાટિયાંવાળું વહાણ તે કટ્ટમરન્. ડાબી બાજુ : સૂરતમાં સ્થપાએલી અંગ્રેજી કોઠીના પ્રવેશદ્વારનું પાછળના કાળમાં કરાએલું એક આલેખન.









A
VOYAGE
TO
SURATT,
In the Year, 1689.

Giving a large Account of that City, and its Inhabitants, and of the *English* Factory there.

Likewise a Description of *Madeira*, St. *Jago*, *Annobon*, *Cabenda* and *Malemba* (upon the Coast of *Africa*) St. *Helena*, *Johanna*, *Bombay*, the City of *Muscatt*, and its Inhabitants in *Arabia Felix*, *Mocha*, and other Maritine Towns upon the *Red-Sea*, the *Cape of good Hope*, and the Island *Ascention*

To which is addded an *Appendix*, containing

I. The History of a late Revolution in the Kingdom of *Golconda*. II. A description of the Kingdoms of *Arracan* and *Pegu*. III. An Account of the Coins of the Kingdoms of *India*, *Persia*, *Golconda*, &c. IV. Observations concerning the *Silk worms*.

By *J. Ovington*, M.A. Chaplain to his Majesty.

Qui mores Hominum multorum vidit & urbes. Horat.
——*Orbesque novos trans aequora pandit.* Grot.

LONDON, Printed for *Jacob Tonson*, at the *Judges Head* in *Fleet-street*, near the *Inner-Temple-Gate*. 1696.

A 2

ઉપર : ઈ. ૧૬૩૮માં સૂરતમાં અંગ્રેજી કોઠીનું દૃશ્ય : તે કાળનું એક પ્રાચીન ચિત્ર; જમણી બાજુ : ઈ. ૧૬૯૬માં છપાએલા 'સૂરતની સફર' નામના પુસ્તકનું આ અગ્રપૃષ્ઠ અહીં એટલા માટે આપ્યું છે કે આજથી છેક અઢીસો વર્ષ પહેલાં પણ માત્ર વ્યાપારએડ અર્થે પ્રવાસ કરતી પશ્ચિમની પ્રજા આ તરફના જુદાજુદા પ્રદેશોની કેટલી કાળજીપૂર્વક તથા વિગતવાર અભ્યાસ કરતી હતી તેની માહિતી એમાંથી મળી રહે છે. નીચે : આ કથામાં આવતા 'રાવળનાથ'ના વર્ણનને હૂબહૂ મળતા આવતા અંગ્રેજ જહાજનું ચિત્ર.

દી' છતાં રસ્તા વચ્ચેથી સારવા નહિ. મહાજન પોતે છૂટથી ગુલામો વેચતું હતું, પણ એને નજરનું પાપ નહોતું જોઇતું! હવેલી અને દેરાસરમાં જનારા પણ 'રૂપિયાને આભડછેટ ન હોય' એ સૂત્રમાં માનતા! આ વેપાર પ્રત્યક્ષ ન કરતા, માત્ર વટાવ ખાતા!

'રાવળનાથ'ના ભંડકમાં પુરાવાની આગલી રાતે, દયાળુ નેમચંદ શેઠે ગુલામોને તેલનો શીરો પિરસાવ્યો. સાથે ધતૂરાનાં બીજ પણ પિસાયાં. પરિણામે, પરોઢે ગાડાંમાં પણ આ અભાગીઓ બેફામ પડ્યા હતા. સૂરજ ઊગે તે પહેલાં તો વહાણના ગુલામી ભંડકમાં એ પહોંચી ગયા. એ વખતે ચોકીદારો અને દાંડિયાઓ પણ ઊંઘ ખેંચી લે છે તો સૂરતી લાલા તો ક્યાંથી જાગતા હોય? સૂર્યપુત્રી તપ્તી-તાપી-ને કિનારે તો બ્રાહ્મમુહૂર્ત પહેલેથી જ પ્રહર દિવસ વીત્યે ગણાતું આવ્યું છે!

ખંડ ૨૪ : લાર સાગરના પીંઢારા

તે કાળની પાણીપથારો, સરજમીન હિંદુસ્તાનમાં વરતી રહેલી અંધાધૂંધીનો પડઘો પાડી રહી હતી. જમીન 'હિંદુસ્તાન' કહેવાતી પણ 'હિંદુસ્તાન' જેવો કોઈ એક મુલક ન હતો. 'ભરતખંડ' શબ્દ કેવળ પુરાણિકો વાંચતા. 'ભરત' જેવો કોઈ 'ખંડ' ન હતો. હતી માત્ર નાનીમોટી ખંડિત જમીનો અને તે પોતપોતાને જુદેજુદે નામે ઓળખાવતી. રાજા-રજવાડા ને ઠાકોર-ઠાકરડા અરસપરસમાં લડાઈ ઝગડા કરવામાં ટેક, વીરતા અને ક્ષત્રીવટ ખપાવી રહ્યા હતા. જ્યારથી હિમાલય ઓળંગી મુસલમાનોએ રાજ્યસત્તા સ્થાપવા માંડી ત્યારથી વારંવાર આ જુદાજુદા ટુકડાઓ, એકચ્છત્રે આવતા રહેતા હતા; પરંતુ દિલ્હીમાં મુઘલ પાયતખ્ત સામે જ આ ટૂંક બુદ્ધિના ખંડિયાતો એક ઓવારે પાણી પીતા; ફરી એ ચક્રવર્તી પરદેશી સત્તા જરા ઢીલી પડી કે એકબીજાનાં ગળાં કાપતા થઈ ગયા હતા. માતૃભૂમિ, જન્મભૂમિ, હમારા હિન્દુસ્તાન વગેરે શબ્દો ત્યારે જન્મ્યા જ ન હતા. પ્રાચીન કાળથી (અફસોસ છે, કે આજ સુધી) સામાન્ય ભારતીએ કદી પોતાને ભરતખંડનો વતની માન્યો જ નથી. એ પંજાબી હશે, સિંધી હશે, ગુજરાતી હશે કે મહારાષ્ટ્રીય હશે, દ્રવિડ હશે કે ઉત્કલ કે બંગનો વતની હશે,–પોતાના પ્રાન્તને માટે જ મગરૂરી દેખાડતો હશે. 'ભારત માતા' તો બહારનો હલ્લો આવે ત્યારે જ કેવળ આદર્શ રૂપે જ જન્મ લેતી, અને એ બહારાતુ હલ્લો જાય કે ફરી એ માતાનાં સંતાનો એકબીજાનું અળગાપણું બિરદાવતા. નિદાન વિક્રમની ઓગણીસમી સદીમાં ભરતખંડ એ ખંડિત ભારત હતું. હતી માત્ર ધર્મની અને સંસ્કૃતિની એકતા—અતૂટ અને અભેદ્ય.

આ ખંડની પડખેનાં પાણી એ વિભક્તતાના પડઘા પાડી રહ્યાં હતાં; ખાસકરીને, ઋગ્વેદનો એ અપર સાગર (આ પૂર્વાત્ આ અપરસ્માત્) જેને કાલિદાસે પણ 'અપર'સાગર જ કહ્યો છે (પૂર્વાપરી તોયનિધી), જેને અરબો લારી બંદર ઉપરથી અથવા લાટ દેશ પરથી 'લારનો દરિયો' કહેતા, અને જે પાછળથી અંગ્રેજોને મોંએ અરબી સમુદ્ર કહેવાતો હતો, તેમાં લડાઈ, ઝગડા, ચોરી, લૂટ અને જોરતલબી ચાલી રહી હતી. જમીન પેઠે અહીં પણ ફિરંગી, વલંદા, ફિરાંસિયા અને અંગ્રેજોનાં





'અન્જે' એટલે પાંચ. 'તેન્ગુ' એટલે નાળિયેરી. કોઈ કાળે અહીં પાંચ નાળિયેરીનો ટાપુ હશે. એના પરથી અન્જતેન્ગુ(અંજેન્ગો) નામે ઓળખાતા આ બંદર અને ગઢના અવશેષ દર્શાવતું, આજથી શતક સવા સો વર્ષ પર આલેખાયેલું ચિત્ર. ('સુકાની'ના સંગ્રહમાંથી) નોંધ : આજે તો સહસ્રાવધિ નાળિયેરીની આડે આ બંદર ઢંકાઈ પડયું છે.

વહાણો પોતાની સત્તા જમાવવા મથી રહ્યાં હતાં, ને જમીન પેઠે જ, એની કુહાડીના હાથા જેવા દેશીઓ, એના હુકમે, દેશી દેશી સામે લડી રહ્યા હતા. જેમ જમીન ઉપર અંધાધૂંધીને પરિણામે પીંઢારાઓનાં જૂથ આમ તોરથી સહુકોઇને લૂટવા બહાર પડયાં હતાં તેમજ લાર ઉપર પણ પીંઢારાઓ ફરતા હતા. એમાં જરાક ફરક હતો : લારના પીંઢારા પરદેશી બરછા સામે, અને પરદેશીનાં મિત્ર હોય એવાં દેશી વહાણો સામે સરેઆમ હુમલા કરતા. કચ્છ ને સૌરાષ્ટ્રના દરિયાઈ પીંઢારા ખરેખર તો, પરદેશીઓ સામે જ જંગ ખેલી રહ્યા હતા.

અપર સાગરમાં ફિરંગીઓ અને આડકતરી રીતે અંગ્રેજો ને વલંદાઓ અને પૂર્વ સાગરમાં ફિરાંસિયાઓ સાગરને પણ પોતાનો ઈલાકો બનાવી બેઠા હતા અને એમની પાસેથી 'પરવાનો' ખરીદ કરે એ દેશીઓને જ દરિયા ઉપર પઠાણ ફેરવવા દેતા હતા. લારી બંદરથી વેરાવળ પાટણ સુધીની કંઠારે હજુ એમની એ જોરતલબી સ્વીકારી ન હતી. પરિણામે પચ્છમ કંઠારનાં વહાણો 'ચાંચિયાં' ગણાવા લાગ્યાં હતાં, અને એમની સામે દરેકનો હાથ ઉગામેલો રહેતો હતો. અને પચ્છમ ધરાનો દરેક નાખવો પણ એ પરદેશીઓ સામે પોતાનો હાથ ઉગામી રહ્યો હતો. ઘોડાબારીથી માંડી ભગવા દાંડી સુધીમાં સાંકડી સપાટ જમીન દરિયામાં ભૂશિર જેવી વધી જાય તેને કોઇ વાર ચાંચ કહે છે. પોતા સાથે દુશ્મનાવટ રાખનાર પચ્છમ ધરાના નાખવાઓ માટે મરાઠા નાવિકો 'ચાંચ્યા' શબ્દ યોજવા લાગ્યા હતા. આજે 'ચાંચિયો' એટલે દરિયાઈ લુટારો એ અર્થ રૂઢ થઇ ગયો છે.

અંગ્રેજ તવારીખકાર લખે છે કે એ કાળે લારમાં પચ્છમ ધરાના આશરે બે હજાર નાખવાઓ પરદેશી જહાજો ઉપર હુમલા કર્યા જ કરતા હતા અને કોઇ પણ એકલા અટૂલા બરછાને આ પાણીમાં ફરવું મુશ્કેલ થઈ પડયું હતું. આ નાખવાઓ કચ્છના અખાતને બેય પડખે આવેલી કંઠારમાં પેદા થતા હતા.

રાવળનાથે હવે એ લારમાં પઠાણ મૂકયું. એને જોતાં જ બીજાં વહાણો સાબદાં થઈ ગયાં. 'બજરંગ બલી'નો ઝંડો જાનફેસાન મૈત્રી અને કટ્ટર દુશ્મનાવટ સિવાય કોઈ ત્રીજી ભાવના ન તો રાખતો હતો, કે ન તો બીજાને રાખવા દેતો હતો.

ખંડ ૨૫ : અરજાંશ — એકવીસથી સાડા આઠ

રાવળનાથને પહેલું બંદર અંજતેન્ગુ હતું; અને જો કે કંઠારે કંઠારે કેવળ સાડાબાર અરજાંશ (આસરે પોણા ચારસો કોશ) વહાવવાના હતા તોપણ અનુકૂળ પવન મેળવવા રાવળનાથ પહેલાં મોટે દરિયે ચાલ્યું.

આ દરિયામાં જેમજેમ જુંગ આગળ વધવા માંડયું તેમતેમ ફતેહમાર અને બતેલાઓની વસતિ ઘટવા માંડી અને એને બદલે ધાઉ, ભૂમ, ગુરાબ, બગલા, કોટિયા, જુંગ અને બરછાની ગરદી વધવા લાગી. દરેક વહાણ બને ત્યાં સુધી એકબીજાથી દૂર ચાલતું હતું, પણ દૂરબીનમાંથી એકબીજાની બારીકમાં બારીક હિલચાલની નિગરાણી કરી રહ્યું હતું અને દોસ્ત છે કે દુશ્મન, એ જોઇ અંતર ઘટાડતું કે વધારતું હતું.

અનેક બરછાઓએ રાવળનાથને ઓળખ્યું અને જૂના હિસાબ ચૂકતે કરવા આગળ આવ્યા, પણ ડોલ ઉપર વર્દ્ધમાન શેઠની પતાકા જોઈ જરા નિરાશ થઈ રસ્તે પડયા. ધાધલ જેવો નામચીન ખેપાની આજે શાંતિપ્રિય વાણિયાની પતાકા ઉડાડતો હતો એ જોઇને બરછાઓ અચંબો પામતા હતા. દરિયા વચ્ચે ઝપાઝપીની તક જતી રહેવાથી ખુદ ધાધલને કેટલી નાસિપાસી થતી હશે એ વિચારથી એ કપ્ટનોને રમૂજ ઊપજતી હતી.

હવે ખરી માલમાતની પાળી હતી. અજો બેડિયાત હવે સુકાન શીખતો હતો. એ સુકાન ઉપર હોય ત્યારે માલમો એને આસપાસનાં વહાણોની ન્યાત, જાત, સફર અને શાખ વિષે માહિતી આપતા હતા. એક દહાડો વેરસી માલમે કહ્યું 'ઈયાં આ પરદેસી બરછા હાલે કે આપણાં પચ્છમી વહાણ હાલે. બીજાં હાલે બેડી, વવાણિયા, સલાયા, જોડિયા, આડત્રા, બેટ, પોરબંદર કે વેરાવળનાં પઠાણ. ઇ વિના કોઈ આ બાજુ ન આવે; ને જો તણાઈ આવ્યાં તો મંડે લમણે હાથ દઇને રોવા. આપણો જણ વળી મળી ગ્યો તો એને દિશ દેખાડે, ને બાયડીછોકરાં ભેળાં થાય; ન કાં હાંઉં, ઈયાં જ રઝળી મરે.'

આ દરિયામાં અરબો રાવળનાથના ખાસ દોસ્ત હતા. અરબોની દરિયાખેડ એ દુનિયાની તવારીખમાં અજોડ છે. શામથી હિસ્પાનિયા અને બાબ-અલ-મંડબથી જાવા સુધી એમણે સૈકાઓ સુધી બહરી (દરિયાઇ) સલ્તનત ચલાવી છે. એ અરબો પચ્છમ ધરાના નાખવાઓ

ગુજરાત અને મલક્કા–જાવા

[પિનાંગના ગવર્નર અને કાઉન્સિલને, સેક્રેટરી સ્ટૅમ્ફર્ડ રૅફ્‌લ્સ મલક્કા વિષે બયાન મોકલતાં તારીખ ૩૧, ઑક્ટોબર ૧૮૦૮ ને દિવસે લખે છે, કે: 'અહીં આશરે ૨૦,૦૦૦ ની વસતિ છે જેમાં યુરપીય બહુ જ થોડા છે, અને તે પણ માતૃપક્ષે મલયૂ છે. એવી જ રીતે ચીનીઓ અને મલયૂ માને પેટે જન્મેલા ચીનીઓ પણ અહીં છે. થોડા ફિરંગીઓ બાદ કરતાં મુખ્ય તો મલયૂ, અરબ, જાવી અને તમીળ (શોળ દેશના શોળીય) છે.... આજે, ઇસ્વીસનના ઓગણીસમા સૈકાના આરંભમાં, મલક્કા બંદર સાથેનો ભારતીય વેપાર માત્ર થોડાક પુલિકટના વેપારીઓના હાથમાં છે. આ વેપારીઓ આપણા (કંપનીના) એકાદ વહાણમાં કોઇ વાર ૮૦ થી ૧૫૦ ગાંસડી કાપડ ચડાવે છે, જેની કિંમત આસરે ૮૦ થી ૧૪૦ હજાર ડાલર (એટલે ૩,૨૦,૦૦૦ થી ૫,૬૦,૦૦૦ રૂપિયા) થાય છે; પરન્તુ એમનો બીજો માલ ઘણુંખરું એમનાં પોતાનાં ત્રણચાર તમીળ વહાણોમાં જ આવે છે. એ વહાણો કાપડ ઉપરાંત નાળિયેરીનો કાથો (તમીળ: કાયર્) અને બીયાં પણ લાવે છે. આ વહાણો દર આખર વખતે અહીં આવી પહોંચે છે (આખર: જેઠ થી શ્રાવણ લગભગ), અને એ ઉપરાંત થોડાંક વહાણો સૂરતથી આવે છે. એમાં માલ ઉપરાંત વેપારીઓ પણ આવે છે. આ વહાણોમાં કંપનીનાં આ તરફ આવતાં કે ચીન જતાં વહાણો ઉપરાંત, ભારતીય વહાણો પણ સૂરતથી રેશમ અને છીંટ લાવે છે અને મલક્કા બંદર કરી, પછી થાઇ (સાયામ) તરફ હંકારી જાય છે.'

અને પછી સેક્રેટરીમાંથી જાવાનો લેફ્ટેનન્ટ ગવર્નર બનેલો એ રૅફ્‌લ્સ, તા. ૨૯ ઑક્ટોબર, ૧૮૧૨ ને દિવસે ઇસ્ટઇંડિયા કંપનીની કોર્ટ ઑવ ડિરેક્ટર્સને કહે છે, કે, 'આ દેશમાં ભારતથી મોટા પ્રમાણમાં કાપડની આયાત થાય છે. આપણા ઇંગ્લંડના વણકરોનો લાભ વિચારી આ વેપાર આપણા હાથમાં લેવા જેવો છે. અહીં જાવીઓમાં હલકા બરતું કાપડ વિશેષ ખપે છે અને એ આપણા વણકરો જરૂર સસ્તે બનાવી શકશે. આ સાથે હું તમને ભારતીઓએ જાવાની બજાર માટે બનાવેલા કાપડના નમૂનાઓ, ભાવતાલ સાથે, મોકલું છું.'

આ સંક્ષિપ્ત અવતરણોનો આધાર, Raffles of the Eastern Isles by C. E. Wurtzburg ના પાના ૭૫ અને ૨૬૯ ઉપર મળશે. આ તુમારો ઇ. ૧૮૦૮ અને ૧૮૧૨ માં લખાયા હતા. ત્યારે પણ મલક્કામાં 'શોળીય' લોકો પોતાનો દેશ કરીને વસી રહ્યા હતા. આ શોળીય માટે અંગ્રેજી શબ્દ Chulia છે અને ૧૮૫૬માં પ્રગટ થએલ ગ્રંથ, નામે Descriptive Dictionary of the Indian Isles and Adjacent countriesમાં એનો રચનાર John Crawford લખે છે કે 'શોળીય' શબ્દ મલયૂમાં 'ભારતીય' અર્થમાં વપરાતો. (The word is used by them as a general term for all the people of Hindustan and for the Country itself.) આજે બરમામાં ચુલિયા અથવા 'કાકા' શબ્દ તમીળ મુસલમાન પરચુરણ વેપારીને માટે વપરાય છે.

ઉપરનાં અવતરણો લખાયાં તેની અર્ધી સદી પહેલાં મલક્કા, જાવા અને આસપાસના મુલકોમાં ભારતીય વહાણવટીઓ અને ભારતીય નૌકાપતિઓનો સૂર્ય તપતો હતો. સૂરત એટલે 'ખંભાત અને સૂરત' બેય અર્થ થતો હતો. છેલ્લું બંદર સૂરત કરી, પછી વહાણો જાવા જતાં હતાં, એટલે 'ચુલિયા' પેઠે 'સૂરત' શબ્દ સામાન્ય અર્થમાં 'ગુજરાત' માટે વપરાશમાં આવ્યો. વહાણવટી વેપારી ખંભાત અને સુરતના વહાણો; અને નાખવાઓ કચ્છ અને સૌરાષ્ટ્રના–મોટે ભાગે રાજપૂત, અને એના હરીફ વેપારી તથા નાખવા તે તમીળ. ગુજરાત અને તમીળનાડના કાપડના વેપારનો જાવાસાગરમાંથી કેમ નાશ થયો એ ઉપરના ફકરાથી સમજાશે. રૅફ્લ્સની શિફારસ સ્વીકારી અંગ્રેજી કાપડ ભરીને પહેલું અંગ્રેજી વહાણ જાવામાં ઈ.સ. ૧૮૧૪માં આવી પહોચ્યું તે આજ સુધી આવવાનું ચાલુ છે.

—'સુકાની'

ઉપર ફિદા હતા. ભૂમધ્ય સમુદ્રમાં એ નાખવા નહોતા દેખાયા એટલું જ, બાકી તમામ દરિયામાં જ્યાં અરબ ન પહોંચે ત્યાં પણ એ નાખવો પહોંચતો. જે અરબો રાવળનાથના દોસ્ત ન હતા, તે ખુદ અરબોના પણ દુશ્મન હતા. એવાં એકબે વહાણ પણ ક્ષિતિજ ઉપર તરી આવ્યાં, પણ ભૂતકાળમાં રાવળનાથે એમના એવા ભૂંડા હાલ કર્યા હતા કે બજરંગબલીની પતાકા જોતાં જ એ ફરી ક્ષિતિજ પાછળ ડૂબી ગયાં.

'ઉ અધ-બળેલા છાણા જેવો ગુરાબ દેખાય છે નાં?' એક દિવસ રામસિંહ માલમે અજા સુકાનીને કહ્યું, 'ઈ મહમ્મૂદ બીન અબ્દુલાહ અલ શયતાની છે. એના ઉપર મોરો જરા ફેરવ તો બચા!'

અજા સુકાનીએ મોરો ફેરવ્યો. થોડી વારે એ ગુરાબે ઉથામણી મારવા માંડી અને જેટલા બને એટલા સઢ લફાવતો ભાગ્યો. રામસિંહ માલમને બહુ મઝા પડી લાગી. એણે હસતાં હસતાં કહ્યું, 'અલ શયતાની એવો ગઇયાળ છે કે એને હરામીમાં હરામી ચાંચિયાઓએ પણ જમાતમાંથી બાતલ કર્યો છે. એનો પેશો મડદાં ચૂંથવાનો છે. મગરીના મોંમાં પડવો સારો, પણ જાુસાં એના હાથમાં છાલ કોઈ ન પડે. ઘાયલને જોઈ એને હાડેહાડ ટાઢ ચડે છે.'

અજો આમ સાગરનો હેવાયો થતો જતો હતો. સાતમી સવારે એ તુતક પર આવ્યો ત્યાં સામે અંજતેંગુનું બંદર તરવા માંડ્યું હતું.

'અન્જ' એટલે પાંચ+'તેન્ગુપ' એટલે નાળિયેરી. કોઈ કાળે અહીં પાંચ નાળિયેરીનો ટાપુ હતો. આજે તો લક્ષાવધિ નાળિયેરી આડે જમીન નહોતી દેખાતી. આજે આ બંદર આજેન્ગોના અપભ્રષ્ટ નામે તારાજ પડ્યું છે.

બંદર નાનું હતું. એના કાંઠા ઉપર જબ્બર લોઢ અફળાતા હતા. કિનારે એક નાનો અંગ્રેજી કિલ્લો, થોડાં પાકાં મકાનો, નાળિયેરી વચ્ચે માછીમારોનાં ઝૂંપડાં, એક કૉવિલ (મંદિર) અને એક ખ્રિસ્તી દેવળ.


વાળુમાં મન્જીઓ પડી હતી અને પાછળની પહાડી ઉપર વનરાજીમાં એક નાનકડી નગરી માંડ દેખાતી હતી. જગતમાં ક્યાંય આટલી લીલોતરી હોઇ શકે એ અજા સુકાનીને મન નવાઈ જ હતી. (ચાલુ)

પોલિયો (બાળ-લકવા) ને ઋતુસમાપ્તિ

માંદગીનાં મૂળ-૨૧

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આ રોગનું આખું નામ ઍક્યૂટ ઍન્ટીરિયર પોલિયોમાયેલાઈટિસ છે. એનું બીજું નામ છે બાળલકવા (ઇન્ફન્ટાઈલ પૅરેલિસિસ) પણ આ ખોટું નામ છે, કેમકે એ નથી એકલો બાળકોનો રોગ, કે નથી હોતા એનો ભોગ બનનારા કાયમી પક્ષાઘાતી. પોલિયો-માયેલાઇટિસ એટલે કરોડરજ્જુના ભૂખરા દ્રવ્યનો દાહ.



પોલિયોની માનવશરીર પર થતી અસર

વિષાણુઓ (virus)થી પેદા થતો આ ચેપી રોગ છે. જીવાણુઓથી પણ ઘણા નાના વિષાણુઓ ચલો ફિવર, ઈન્ફ્લ્યુએન્ઝા, શરદી, બળિયા, અછબડા, પોલિયોમાયેલાઇટિસ ને બીજા રોગો ઉત્પન્ન કરનારા છે. ઢોરો અને વનસ્પતિમાં પણ તે રોગો આણનારા છે. પચાસ વર્ષ અગાઉથી એમ માનવામાં આવતું હતું કે બધા ચેપી રોગો જીવાણુઓને લીધે થાય છે, પણ ઈ. ૧૮૯૦માં થોડાક ચેપી રોગો આણનારા વિષાણુઓ શોધાયા. આ વિષાણુઓ એક રીતે અચેતન રસાયણો પેઠે વર્તે છે; તો બીજી રીતે જીવંત જીવો જેવા છે. જડ અને ચેતનની હદ પર આવેલા વિષાણુઓએ જડ ને ચેતનની કૃત્રિમ મર્યાદા તોડી નાખી છે. યોગ્ય આશ્રયદાતાના શરીરમાં તેઓ પેસે છે ને સંવર્ધન પણ પામે છે.

જીવાણુઓની જેમ વિષાણુઓ પણ મોં નાક અને ગળા દ્વારા માનવ શરીરમાં પ્રવેશ પામે છે. રોગીની ઉધરસ અને છીંકના છંટકાવ (droplet)માં આવેલાં દ્રવ્યોમાં રહેલાં વિષાણુઓ દ્વારા બીજાને ચેપ લાગુ પડે છે. વળી પોલિયો (પોલિયોમાયેલાઇટિસનું ટૂંકુ રૂપ)માં તો રોગીના મળમાં પણ વિષાણુઓ હોય છે, જે રોગ થયા પછી ત્રણ અઠવાડિયાં સુધી અને અરધા ભાગના રોગીઓમાં તો ૧૨ અઠવાડિયાં સુધી મળમાં જોવા મળે છે. આહાર માટે મળ પર બેઠેલી માખીઓને ચોંટેલા વિષાણુઓ પાછાં એમની દ્વારા જ આપણા ખાદ્ય દ્રવ્યો કે પાણીમાં પણ પ્રવેશે છે. આ રીતે પણ ચેપનો ફેલાવો થાય છે.

પોલિયો ઉગ્ર ચેપી રોગ છે. રોગી સાથેના ગાઢ સંબંધને લીધે તે ફેલાય છે. ગીચ વસતિમાં રોગને ઉમર સાથે સંબંધ જોવા મળે છે. ગામડાં કરતાં શહેરોમાં નાની ઉમરનાં છોકરાં આ રોગના ભોગ વધુ બને છે. મોટી ઉમરે એ લાગુ પડે તો એનાં પરિણામો પણ જોખમભર્યાં હોય છે. વિશ્વ-આરોગ્ય-સંસ્થા (WHO)ના અહેવાલ મુજબ ચેપી બનેલી ઘણી વ્યક્તિઓને કોઈ ખાસ ચિહ્ન દેખાતાં નથી કે મામૂલી માંદગી આવે છે, જ્યારે લકવો તો ક્વચિત્ જ થતી માઠી અસર.

પોલિયોનો રોગ દુનિયાના બધા ભાગોમાં થાય છે. પશ્ચિમ યુરોપ અને અમેરિકામાં એનો ઉપદ્રવ વિશેષ છે. મે માસથી ઑક્ટોબર સુધી આનો રોગચાળો ચાલે છે. ઈ. સ. ૧૯૪૯માં મુંબઈમાં આ રોગચાળા વખતે ઑગસ્ટમાં વધુ કેસ થયા હતા જે શિયાળો આવતાં કમી થયા હતા. કોઈ પણ રોગચાળા વખતે અમુક વ્યક્તિઓને જ ચેપી રોગ લાગુ પડતો જોવામાં આવે છે. આમ કેમ થતું હશે? એક તો રોગ થઈ આવવાની પ્રકૃતિવાળાને ચેપ લાગુ પડે છે. બીજું ચેપનો સામનો કરવાની અશક્તિવાળાને તે લાગુ પડે છે. ત્રીજું સારી તંદુરસ્તીવાળી વ્યક્તિના ગળા કે શરીરમાં ચેપના જીવાણુઓ હોવા છતાં એમને રોગનાં કોઈ ચિહ્નો થતાં નથી, અગર થાય તો તે મામૂલી હોય છે. રોગચાળાની શરૂઆતમાં ઝડપાનાર લોકોને રોગ ઉગ્ર રૂપમાં થઈ આવે છે; દિવસો વીત્યા બાદ રોગના ભોગ થનારને રોગનું રૂપ હળવું હોય છે.

પોલિયો મોટા ભાગે બાળકોને લાગુ પડે છે. આના રોગચાળા વખતે બાળકોને બચાવવા નીચેના નિયમો જાળવવા જોઈએ:

(૧) ઘણા માણસોની અડોઅડ આવવું પડે એવાં ટોળામાં ન જવું. જેમકે સિનેમા, નાટક, હોટેલ, ભાષણો વગેરે. (૨) વધુ પડતી રમત કે કસરત ન કરવી; ઉજાગરા ને થાક ન થવા દેવાં. (૩) તળાવ કે ગંદા પાણીમાં ન નહાવું કે ન તરવું. (૪) શરદી ન થાય તે જાળવવું. ઠંડા પાણીમાં લાંબો વખત તરવું કે નહાવું નહિ. ભીનાં પગરખાં ને કપડાં એકદમ બદલી નાખવાં. (૫) માખી ન બેસે એમ ખોરાક ઢાંકી રાખવો. કચરો ને ગંદકી દૂર કરવાં કે બાળી નાખવાં. (૬) ખાધા પહેલાં અને મળત્યાગ પછી માટી કે સાબુ વતી હાથ પગ બરાબર ધોવા. (૭) રોગચાળાના દિવસો દરમિયાન ગળાના કાકડાનું ઑપરેશન ન કરાવવું. આ સમયમાં કાકડાના ઑપરેશન બાદ પોલિયોનો ઉગ્ર અને ક્વચિત્ પ્રાણઘાતક હુમલો થઈ આવે છે. (૮) સિતુનના માલ્મી શહેરના ડૉ. રૅગ્નર હસનું કથન છે કે લસણથી આ રોગ સામે રક્ષણ મળે છે. શહેરમાં પોલિયોના ૬૭ કેસ હતા. એમણે તંદુરસ્ત બાળકોને લસણ આપવા માંડ્યું. જે બાળકોને લસણ ન મળ્યું તેવા નવા નવ કેસ થયા. લસણ ખાનારાઓ તંદુરસ્ત રહ્યા.

રોગોત્પાદક જીવાણુઓ અને વિષાણુઓને શરીરમાં હુમલો કરવા માટે અમુક પસંદગીનું ક્ષેત્ર હોય છે; એટલેકે તે અમુક પ્રકારના અવયવની પસંદગી કરે છે. પોલિયોના વિષાણુઓ જ્ઞાનતંતુની પેશીઓની પસંદગી કરે છે. શરીરમાં ગમે તે દ્વારથી પ્રવેશેલા વિષાણુઓ કરોડરજ્જુના આગલા ભાગમાં જાય છે. અહીંથી નીકળતા જ્ઞાનતંતુઓ મગજની આજ્ઞા મુજબ સંદેશાઓ માંસપેશીઓમાં લઈ જતા હોવાથી હાથ-પગ અને બીજા અવયવોનું હલનચલન થાય છે. હવે જ્યારે વિષાણુઓને લીધે કરોડરજ્જુનો આ ભાગ નાશ કે ઈજા પામે ત્યારે મગજના સંદેશાઓનું વહન થતું ન હોવાથી આપણે આપણી મરજી મુજબ માંસપેશીઓ હલાવી શકતા નથી. આમ શરીરના જે ભાગમાં અસર પહોંચે તેનો લકવો કે પક્ષાઘાત થયાનું કહેવાય છે.

કરોડરજ્જુના જે ભાગમાં નુકસાન પહોંચ્યું હોય તે મુજબ શરીરનાં અંગોમાં પક્ષાઘાત થાય છે. આમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયાની માંસપેશીઓને થએલો પક્ષાઘાત ભયંકર છે. અગાઉ તે ઘાતક નીવડતો હતો; પણ હવે 'આયર્ન લન્ગ' નામના સાધન વડે રોગીની માંસપેશીઓ કામ કરતી થાય ત્યાં સુધી કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ અપાતા હોવાથી રોગી ઉગરી જાય છે.

પોલિયોના ઘણા દાખલામાં શરીરના ઘણાખરા ભાગોમાં એકદમ પક્ષાઘાત દેખા દે છે, પણ પછીથી મોટા ભાગનો મટી જાય છે થોડાક

દાખલામાં તે તદ્દન મટી જાય છે, તો ઘણા દાખલામાં શરીરના એકાદ અંગમાં કાયમી અસર રહી જાય છે. વિષાણુઓથી કરોડરજ્જુમાં જેવી ઈજા થઈ હોય તે અનુસાર મટવાનો આધાર છે. સાધારણ ઈજા હોય તો વખત વીતતાં ઈજા પામેલા કોષો મરામત પામવાથી ઘણો સુધારો થાય છે; પણ કરોડરજ્જુના કોષો નાશ પામ્યા હોય ત્યારે પક્ષાઘાત કાયમી રહે છે. રોગચાળામાં સપડાએલા રોગીઓમાંથી ૧૫થી ૨૦ ટકા લોકોને ઉગ્ર હુમલો થતો હોવાથી શરીરના વધારે અંગોમાં પક્ષાઘાત થાય છે, જ્યારે ૨૫થી ૩૫ ટકા રોગીઓને રોગની સમધારણ અસર હોવાથી થએલા લકવાથી હલનચલનમાં અંતરાય ઊભો થાય એવી ખોડ આવી પડતી નથી. ૪૦થી ૬૦ ટકા રોગીઓને મંદ હુમલો હોવાથી રોગની માઠી અસરો કાયમ રહેતી નથી. તેઓ સબધું જીવી શકે છે.

પોલિયો કાંઇ આજકાલની પેદાશ નથી. એ તો આદિ કાળથી માનવીને પીડતો આવ્યો છે. આના સમર્થનમાં ઇ.સ.પૂર્વે ૩૦૦૦માં ઇજિપ્ત જ્યારે સર્વોપરી સત્તાધીશ હતું ત્યારનું (અત્યારે કોપનહેગન મ્યૂઝિયમમાં જળવાઈ રહેલું) એક શિલ્પ છે. આમાં પુરુષનો જમણો પગ લકવાથી સુકાઈ ગએલો ને ટૂંકાઈ ગયાની ખોડવાળો દેખાય છે. ખોડ નાનપણની હોવી જોઇએ, કારણકે લકવાવાળો પગ બિનઉપયોગી હોઈ હાથમાં લાકડીની સહાય લેવી પડી છે. રોગીનું આરોગ્ય પ્રાપ્ત કરવા માટે બાળક સાથે પતિ-પત્ની દેવીનું પૂજન કરવા અગર તો બાળકનું આરોગ્ય જળવાય તે માટે માતાપિતા દેવીનું સ્તવન કરવા આવ્યાં હોવાનું દૃશ્ય કોઇ શિલ્પીએ ટાંકણા વતી પથ્થરમાં ઉતાર્યું છે.

પોલિયોનું સૌ પ્રથમ વર્ણમ મિ. અન્ડરવૂડે ઈ.સ. ૧૭૮૯માં કર્યું. દક્ષિણ જર્મનીના જૅકૉબ હાઇને ૧૮૪૦માં આ રોગનું સ્થાન કરોડરજ્જુમાં હોવાનું જાહેર કર્યું. ૧૮૩૦માં એણે રોગને બાળલકવો નામ આપ્યું જે હજુ સુધી પ્રચલિત છે. આ અરસામાં અમેરિકામાં કૉબિટે આ રોગનું વર્ણન કર્યું. સ્ટૅમ્પેલે (૧૮૫૩-૧૯૨૫) એને ચેપી રોગ હોવાનું જાહેર કર્યું. ૧૯૦૮માં લેન્ડસ્ટાઈનર ને પૉપરે પૉલિયોથી મરણ પામેલા બાળકના કરોડરજ્જુના માવાનું દ્રવ્ય વાંદરાંમાં ઉતારી એમને રોગગ્રસ્ત બનાવ્યાં. ૧૯૦૯માં ફ્લેક્સનર અને રોમરે આ રોગના કારણરૂપ વિષાણુઓને દોષિત ઠરાવ્યાં. ૧૯૪૩માં સ્વીડનના સ્વેનગાર્ડે ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપ નીચે પોલિયો વિષાણુ શોધ્યાં. આમ, આ રોગ થવાનું કારણ હવે સ્પષ્ટ થયું છે. બાકી અગાઉ તો આ રોગ થવાના કારણરૂપ આપણે અંતરિક્ષમાંનો માતાનો રથ ફરી ગયો હોવાનું દૈવી કારણ માનતા હતા! રોગ થવાના કારણ માટે આપણે દેવોને ઠીકઠીક દોષિત ઠેરવ્યા છે. દેવો આપણું રક્ષણ કરે અને વળી કનડે પણ ખરા? વિજ્ઞાનના નવા પ્રકાશમાં રોગ થવાના કારણ રૂપ વર્ષોજૂનો અજ્ઞાનનો પડદો હવે દૂર હઠી ગયો છે.

પોલિયોના વિષાણુઓ દુનિયાભરમાં સર્વત્ર પથરાએલા છે. જ્યાં એમનો વાસ વધારે ત્યાં રોગનું પ્રમાણ ઓછું રહે છે, કારણકે ત્યાં બાળકો નાનપણથી જ વારંવાર વિષાણુઓના સંસર્ગમાં આવવાથી રોગક્ષમતા કેળવે છે. ઊંચાં જીવનધોરણવાળા દેશોમાં બાળલકવાનો ઉપદ્રવ વધુ હોય છે, જ્યારે જે દેશોમાં સ્વચ્છતા ઓછી છે તે દેશોમાં એનો ઉપદ્રવ ઓછો હોય છે! ઓછી સ્વચ્છતાવાળા પ્રદેશોમાં પોલિયોના પ્રવર્તમાન ચેપને લીધે મોટી ઉમરના માણસોને આ રોગ પરત્વે અસરકારક રોગક્ષમતા પ્રાપ્ત થયેલી હોય છે. ઊંચી સ્વચ્છતાવાળા દેશોમાં મોટી વયના માણસોને રોગક્ષમતા ઓછી મળેલી હોવાથી મોટી ઉમરે પણ આ રોગ થઈ આવે છે. સો વર્ષ પહેલાં પોલિયોના દાખલા એક વર્ષની વયનાં બાળકોમાં વધુ બનતા હતા. એથી રોગનું નામ 'બાળલકવો' પડેલું. પણ હમણાંના ઊંચા જીવનધોરણવાળા દેશોમાં આ વયની મર્યાદા વધીને ત્રીસ સુધી પહોંચી છે. બાળલકવો હવે 'પુખ્ત વયનો લકવો' બન્યો છે! હિન્દમાં આ રોગ પાંચ વર્ષની વયની અંદરનાં બાળકોને લાગુ પડે છે; એક કે બે વર્ષની વયમાં તે વધારે થાય છે.

પોલિયોનાં ચિહ્નો આ મુજબ છે: તાવ, માથાનો દુખાવો, ઉલટીઉબકા અને ગળવાની કે શ્વાસ લેવાની મુશ્કેલી ઉપરાંત ગરદન અને બરડાની માંસપેશીઓનું અકડાઇ જવું કે દુખાવો ખાસ હોય છે. કમનસીબ બીના તો એ છે કે આ રોગના શરૂઆતનાં કોઈ લાક્ષણિક ચિહ્નો એવાં નથી કે એની ઝટ ખબર પડી જાય. તાવ ઉલટી અને માથું બીજા રોગોમાં પણ ક્યાં નથી હોતાં? એટલે રોગીને હાથ, પગ કે કેડમાં લકવો થઇ ગયા બાદ જ પોલિયોની જાણ થાય છે. પાંચ સાત દિવસે તાવ મટી જાય છે, પણ કવચિત્ રોગી બેભાન, વધારે માંદો કે ચિત્તભ્રમ જેવો રહે છે. રોગનું પહેલું નિદાન અને સારવાર થાય તો ભયાનક અપંગતા નિવારી શકાય છે.

મૅલેરિયા માટે ક્વિનીન અને ટાઇફૉઇડ માટે ક્લોરોમાયસેટિન છે, પણ કરોડરજ્જુને ઇજા પહોંચાડે તે પહેલાં પોલિયો વિષાણુઓને મારવાની કોઇ દવા હજુ શોધાઈ નથી. હમણાં બળિયાની રસીની પેઠે પોલિયોની રસી શોધાઇ છે, જે લેવાથી રોગ સામે રક્ષણ મળે છે. રોગીના મળ, કફ અને લીંટમાં વિષાણુઓ હોવાથી એ કોઈના સ્પર્શમાં ન આવે તે જાળવવું જોઇએ. એવી જ રીતે રોગીની છીંક કે ઉધરસના સીધા સ્પર્શમાં પણ ન અવાય તે ખાસ જોવું જોઇએ. દૂધ અને ખોરાક માખીથી રક્ષવાં જોઇએ. ડીડીટીના વપરાશથી ઘરમાખીનો નાશ કરવો જોઇએ.


બાળકોને થતા ઉગ્ર રોગોમાં ડિફ્થેરિયા અને બાળલકવો મોખરે છે. આમાં દર દસ રોગીએ એકનું મરણ થાય છે. વળી એની વિષમતા લકવો થવામાં છે. જીવનવ્યવહારમાં આડે આવતી લકવાની અપંગતાથી કોનું હૃદય દ્રવી નથી ઊઠતું! લકવા માટે ઑસ્ટ્રેલિયાની નર્સ સિસ્ટર એલિઝાબેથ કિનીની સારવાર અત્યંત ઉપયોગી છે. ઈ.૧૯૧૦માં શોધાએલી આ પદ્ધતિ છેક ૧૯૪૦માં અમેરિકામાં વૈદકીય સ્વીકાર પામી છે. આમાં લકવાવાળો અવયવ પાટિયાં અને પાટામાં સ્થિર રાખવામાં આવે છે. પછી સંકોચાઈ ગએલી માંસપેશીઓ પર ગરમ ભીના ફ્લૅનલના પાટા બાંધવામાં આવે છે. આથી વેદનાને રાહત મળે છે. આનાથી માંસપેશીઓ ઢીલી પડ્યા બાદ નિષ્ણાત પાસે માલિશ ને અવયવોનું હલનચલન કરાવવામાં આવે છે ને છેવટે રોગીને આપમેળે અવયવો હલાવવાનું કહેવામાં આવે છે. લકવો થયા પછી તરત આ સારવાર કરવામાં આવે તો લકવાની ઘણી અપંગતા નિવારી શકાય છે. આવી સારવારનું એક સ્થળ મુંબાઈમાં સરદાર પટેલ સ્ટૅડિયમ પાસે 'રી-હૅબિલિટેશન સેન્ટર' નામનું છે. નાનપણમાં બાળલકવા થવાથી આવેલી પગ કે હાથની ખોડ અત્યારની નવી ઑર્થોમેડિક શસ્ત્રક્રિયા વતી સુધારી શકાય છે.

ઋતુસમાપ્તિ

સ્ત્રીઓનું જાતીય જીવન બે ભાગમાં વહેંચાએલું છે. એક તો યૌવનારંભે શરૂ થતો રજોદર્શનકાળ, અને બીજું પ્રૌઢાવસ્થાએ આવતો ઋતુસમાપ્તિ કાળ. આ બન્ને સ્થિતિઓ બીજગ્રંથિઓના સ્રાવની શરૂઆત અને અંત સમયે પ્રાપ્ત થાય છે.

પેડુના ઊંડાણમાં, ગર્ભાશયથી એક ઇંચ દૂર, એના ડાબા જમણા બન્ને પડખે બે બીજગ્રંથિઓ આવેલી છે. યૌવનારંભે આ બીજગ્રંથિઓના સ્રાવો શરૂ થાય છે. આમાંના એક ઈસ્ટ્રીન સ્રાવની અસર નીચે કન્યાનો દેહ સ્ત્રીત્વભર્યો કંડારાય છે. બસ્તિપ્રદેશ પહોળો થાય છે,

સ્ત્રીનાં પ્રજનન અવયવો. પેઢુનાં ઊંડાણમાં ગર્ભાશયથી એક ઇંચ દૂર એના ડાબા જમણા બંને પડખે બે બીજગ્રંથિઓ આવેલી છે. યૌવનારંભે આ ગ્રંથિના સ્રાવો શરૂ થાય છે. બીજાશયમાંથી બીજકણ છૂટું પડી બીજવાહક નળીમાં થઈ ગર્ભાશય તરફ આગળ વધે છે. આ દરમિયાન જો બીજકણ પુરુષના શુક્ર-જંતુથી ફલિત થઈ જાય તો તેને ધારણ કરી ગર્ભને વિકસાવવા જરૂરી પોષણ આપવા માટેની તૈયારી રૂપે ગર્ભાશયના આવરણમાં ભરાવો થાય છે. બીજકણ ફલિત ન થતાં એ આવરણ ખરી પડે છે. એનું નામ રજોદર્શન કે ઋતુદર્શન. સ્ત્રીઓમાં યૌવનારંભે શરૂ થતું આ રજોદર્શન સરાસરી ત્રીસ વર્ષની અવધ



સુધી ચાલુ રહે છે. અને પ્રૌઢાવસ્થા આવતાં કુદરતી રીતે જ એ બંધ થઈ ઋતુસમાપ્તિનો સમય આવે છે. આ વખતે બીજાશયો સુકાઈ જાય છે. સ્ત્રીજાતીય આંતરસ્રાવો ઇસ્ટ્રિન અને પ્રોજેસ્ટેરોનના સ્રાવો પણ એકદમ ઘટવા લાગી, પરિણામે ગર્ભાશય, યોનિ ને સ્તનમાં ક્ષીણતા આવી પડે છે. જનન અવયવોના આ ફેરફારો સમગ્ર જીવનના ફેરફારો સમાન હોઈ એની અસર સ્ત્રીના આખા શરીર ઉપર પડે છે, એટલું જ નહિ પણ તેની અસર તેના જ્ઞાનતંત્ર ઉપર પણ દેખા દઈ તેનામાં સ્વભાવફેર થતો પણ જોવા મળે છે. શરીરે પરસેવો વળવા માંડે છે અને ઊનવા લાગવો વગેરે ત્રાસદાયક ચિહ્નો દેખા દે છે. આમાં અજ્ઞાનતા, ચિંતા અને ભય આ પીડાને અનેકગણી વધારી દે છે.

પૂંઠનો ભાગ ભરાવદાર અને ગોળ બને છે, સ્તન વિકાસ પામે છે અને રજોદર્શન શરૂ થાય છે.

વયના તેરથી સોળમા વર્ષ સુધીમાં રજોદર્શન શરૂ થાય છે. આ છે એમની જિંદગીનો યૌવનારંભ, આ છે પ્રજોત્પત્તિકાળ. આ કાળની સરાસરી અવધ ત્રીસ વર્ષની છે. યૌવનારંભે શરૂ થતું રજોદર્શન કુદરતી રીતે પ્રૌઢાવસ્થામાં બંધ પડે છે. આને 'ઋતુસમાપ્તિ' કાળ (Menopause: climactive period) કહે છે. રજોદર્શનની જેમ આ પણ જીવનપરિવર્તન (Chang of life) આણનાર સમય છે.

અડકાવ બંધ થવાનો સમય સ્ત્રીના જીવનમાં ખરેખર ફેરફાર આણનારો સમય છે. ચાલીસથી પિસ્તાલીસ વર્ષની ઉમરના ગાળામાં આ સમય આવે છે અને એની ક્રિયા બે વર્ષ પર્યંત ચાલે છે. અડકાવના પ્રમાણમાં અને રંગમાં ફેર પડે છે. મોટા ભાગે લોહીનું પ્રમાણ ઘટે છે અને તેનો રંગ ઘેરો બને છે. બે અડકાવ વચ્ચેનું અંતર અનિયમિત બને છે. પંદર દિવસ જેટલું વહેલું થવાથી માંડી બેત્રણ મહિના જેટલું મોડું થાય છે. પછી અડકાવ પાણી જેવો પાતળો અને રંગવિહીન બની એક દિવસ કે થોડા કલાક માટે દેખા દેતાંદેતાં સદાને માટે બંધ થઈ જાય છે. થોડા દાખલામાં વારંવાર પુષ્કળ અડકાવ આવવાથી માંડી લોહીવાની સ્થિતિ પણ થઈ આવે છે. કવચિત્ એકદમ લોહી ઠલવાઈ પણ જાય છે. આ વખતે કટોકટી આવી પહોંચે છે અને તાત્કાલિક દાક્તરી સારવાર લેવી પડે છે.

ઋતુસમાપ્તિના સમયમાં શરીર, મન ને સંવેદનાઓના ફેરફારો ઊભા થાય છે. કેડ અને માથાના દુખાવા સાથે સાંધાઓમાં વાની વેદના થાય છે. શરીરમાં ઊનવા (hot flushes) બળે છે. અડકાવના દિવસો પછી ખૂબ પરસેવો થાય છે. અનિદ્રા સતાવે છે અને શરીર ગરમ ગરમ લાગે છે. ગુહ્યાંગોમાં ખજવાળ આવે છે. વધારે કે વારંવાર અડકાવ જવાથી રક્તક્ષય થઇ આવે છે. લોહીનું ઊંચું દબાણ ને ચક્કર સતાવે છે. થાક અને કંટાળો અનુભવાય છે. સ્વભાવમાં ચિડિયાપણું અને ઉદાસીનતા આવે છે. બાળકોનું બોલવું કે એમનો કિલકિલાટ પણ ગમતાં નથી. કોઈક સ્ત્રીમાં ગાંડપણ પણ દેખા દે છે; તે ચિત્તભ્રમ બની જીવનમાંથી રસ ગુમાવે છે. વારંવાર રોવાનું તથા મરી જવાનું મન થઇ આવે છે. શરીરમાં ચરબી જમા થવા માંડે છે, વાળ સફેદ થવા માંડે છે. ને સ્ત્રીસહજ માર્દવ ને લાવણ્ય ઘટવા માંડે છે.

આવા બધા ફેરફારો આવી પડવાનું કારણ શું? ઋતુસમાપ્તિ વખતે બીજગ્રંથિઓનો ઈસ્ટ્રીન નામનો સ્રાવ ઘટવા માંડે છે. આ સ્રાવની જ્ઞાનતંત્ર પર પ્રબળ અસરો છે. આના ઘટાડાથી બેચેની અને અસુખ આવી પડે છે. ઋતુસમાપ્તિ-કાળના ફેરફારોને શરીર અનુકૂળ બનતાં સુધી આ પીડા રહે છે. કુંવારી કે પરિણીતા દરેકને આવાં ચિહ્નો થઈઆવે છે, પણ બહુ બાળકોવાળી માતાને આ ફેરફારનાં દુ:ખો વધારે હોય છે એ ચોક્કસ છે. કેટલીક સ્ત્રીઓને આવી બેચેની કે અસુખ થઈ આવતાં નથી. દર દસે છ જણાંને ઊનવા બળે છે, તો દર ત્રણે એક જણને જ્ઞાનતંતુની ઉશ્કેરણી થાય છે. જેને થાય છે તેને અડકાવ બંધ થતાં અગાઉ મહિનાઓથી કે બંધ થયા પછી મહિનાઓ સુધી થાય છે. આમાં અજ્ઞાન ચિંતા અને ભય આ પીડાને અનેકગણી વધારી દે છે. સામાન્ય જ્ઞાન વિશ્વાસ અને શાંતિ ધરાવનારને આ કાળનું પીડાનું વાવાઝોડું થોડા દુ:ખ સાથે પસાર થઈ જાય છે.

ઋતુસમાપ્તિ વખતે અડકાવ ઓછો થતાંથતાં બંધ થઈ જાય છે. હવે પક્વ બીજકોષો પેદા થતા નથી એટલે ગર્ભાધાન થતું નથી. પ્રજોત્પત્તિકાળનો અંત આવે છે. હા, આટલું જાણવા જેવું છે કે અડકાવ બંધ થયા પછી એક વર્ષ સુધી ગર્ભાધાન થવાની સંભવિતતા રહે છે ખરી; પણ વંધ્યા માટે તો માતૃત્વની આશા નાશ પામે છે.

ઋતુસમાપ્તિ-કાળની પીડાઓ મટાડવાની દવાઓ હમણાં શોધાય છે. ઇસ્ટ્રીનનો ખૂટતો સ્રાવ ભરપાઈ કરવા માટે ઈસ્ટ્રીન દવા રૂપે લેવાય છે. સ્ટીલબેસ્ટેરોલ નામની દવાની ગોળીઓ અડકાવ બંધ થયા પછી ચૌદ દિવસ સુધી વાપરવાથી ઘણી રાહત મળે છે. આ દવાઓ જેને માફક આવે તેને વિટામિન ઈ ગુણકારી થઇ પડે છે. આ દવા ઊનવા, પસીનો અને ચક્કરમાં ઉપયોગી નીવડે છે.

ચરબી જમા થતી હોય તો ખોરાકમાં ફળો અને શાકભાજી વિશેષ લેવાનાં રાખવાં જોઈએ. માનસિક અસ્વસ્થતા વખતે મોટે ભાગે પતિનું વર્તન પીડા વધારનાર કે ઘટાડનાર થઈ પડે છે. પતિએ વહાલ ને સહાનુભૂતિ દાખવવાં જોઇએ. ક્રોધ કે ઠપકાથી (અનુ. પૃ. ૧૫૪મે)

પચ્ચીસ વર્ષ પહેલાં



ચૈત્ર ૧૯૮૭
અંક ૮૭

કલાકાર શ્રી રસિકલાલ પરીખે કાષ્ઠમુદ્રા (વૂડકટ)ની કલાનું પહેલું ચિત્ર કર્યું, ને તે કલાપ્રકારનો ગુજરાતને સૌ પ્રથમ પરિચય એના મુખચિત્રવાળા 'કુમાર'ના આ અંકે કરાવ્યો. તે સાથે એમાં એ કલાનો ટૂંકો પરિચય લેખ આપ્યો હતો તે સર્વકાળને માટે ઉપયોગી હોઈ અહીં ઉતાર્યો છે; અને સાથે, ગુજરાતના એ પહેલા વૂડકટના ચિત્ર ઉપરાંત યુરોપના એ કલાના સ્વામી આલ્બર્ટ ડ્યૂરરની પણ એક કૃતિ નમૂના તરીકે આપી છે:

'ચિત્રકાર કાગળ ઉપર તો ચિત્રો ચીતરે જ છે. કેટલાક કાપડ, ધાતુ ને કાચ તથા ભીંત પર પણ ચિત્રો કરે છે. પણ ચિત્રકાર લાકડા પર પોતાના ચિત્રનું બીબું છાપ માટે કોતરે એમાં ઘણી મહેનત, સાવચેતી ને ઝીણવટની જરૂર છે. પોતાનું કલ્પેલું ચિત્ર બીબા માટે લાકડા પર અવળું ઉતારવું ને કોતરવું એમાં ચિત્રને અવળું જોવાની દૃષ્ટિ ઉપરાંત જહેમત ને બુદ્ધિ રહેલી છે. સાઇકલ પર બેસનારને જમણી બાજુએ વળવા માટે ડાબી તરફ હૅન્ડલ ફેરવવાનું હોય તો કાળજી ને એકાગ્રતા જાળવવાની કેટલી મુશ્કેલી પડે તે સમજી શકો, તો આ લાકડ-કોતર-કલાની મુશ્કેલી સમજાય. ચીતરવામાં અણધારી ભૂલ કે ડાઘ આવી પડે તો તે સહેલાઈથી દૂર કરીને સુધારી પણ શકાય; જ્યારે લાકડા પર કોતરવા માંડેલા ચિત્રમાં હથિયાર જરાપણ આડું-અવળું ગયું કે એકાદ અણધાર્યો છોલ ઊખડી ગયો કે આખું બીબું નકામું! વળી લાકડાના સળ-વળ પારખવામાં પણ ઊંડી નજર જોઇએ.

આમ આ કાષ્ઠ-મુદ્રાની કલા મર્યાદાઓથી જકડાએલી છે. તેમાં પ્રવીણતા મેળવવી એ ઊંડી દૃષ્ટિ, એકાગ્રતા, હળવો હાથ અને સ્થિર તથા ધાર્યો કાપ મૂકી શકે તેટલો કાબૂ માગી લે છે. ચીનજાપાન અને યુરોપમાં એવાં 'વૂડ-કટ' ચિત્રો કરનારા કલાકારો ઊંચી પંક્તિના મનાય છે અને તેમનાં એવાં ચિત્રોની છાપો મૂલ્યવાન ગણાય છે; કેમકે એ છાપ એટલે ખુદ કલાકારના હાથના જ, અને આટલી જહેમતે કોરેલા બીબાની પાધરી છાપ; આથી તે કલાકારની મૂળ કલમના ચિત્ર સરખી કીમતી લેખાય. વળી એમાં હાથકારીગરીની મહત્તા પણ રહેલી છે. સાંચાના બનાવેલા કાપડને મુકાબલે ખાદીની જે મહત્તા છે તે સમજનારા આવાં ચિત્રોની મહત્તા સમજી શકે.

કાપડની છાપનાં લાકડાનાં બીબાં તો બહુ જૂના કાળથી હિંદુસ્તાનમાં બને છે, ને પ્રાણીઓ, વેલો તથા બુટ્ટીઓના અનેક ચતુરાઈભર્યા નમૂનાઓ મળી આવે છે; પણ ચીનજાપાનની માફક કાગળ ઉપર ચિત્ર છાપવાનો તેનો પ્રયોગ ભાગ્યે જ થયો જણાય છે. જોકે કોતરેલાં બીબાંથી ચિત્ર છાપવાની પ્રથા બહુ પ્રાચીન કાળથી જાણીતી થઈ હોય એમ લાગે છે. આસીરીઅનો ને ઇજિપ્તવાસીઓ પણ કાપડ પર છાપો છાપતા. પરંતુ તેઓ એ બીબાં પથ્થર ઉપર કોતરતા. ચીનાઓ તો પોતાનાં ધર્મશાસ્ત્રોનાં પાનાનાં પાનાં પથ્થર પર કોતરીને છાપતા. જાપાને તે પછી પથ્થરને બદલે લાકડાનો પ્રયોગ કરવા માંડ્યો. પહેલાં તો સૈકાઓ સુધી આ બીબાં જ છાપનાં મુખ્ય સાધન ગણાતાં, પણ પંદરમા સૈકામાં બજારમાં કાગળ મળવા લાગ્યો અને છાપખાનાં ઉત્પન્ન થયાં એટલે તે વખતથી હાથકારીગરી તરીકે આ હાથે કોતરેલાં બીબાંની કીમત વધી. ચીન અને જાપાન આજે એ કળામાં જગતશ્રેષ્ઠ છે.

કળાના બધા ક્રમમાં બને છે તેમ શરૂઆતમાં બહુ જ ઉત્તમ નમૂનાઓ બન્યા હતા. જૂના-





વધસ્તંભ ઉપર ઈશુ: યુરોપના ખ્યાતનામ જર્મન કલાકાર આલ્બર્ટ ડ્યૂરરનું એક વૂડકટ નાનામાં નાની વિગતોના આબેહૂબ આલેખન તથા ભરચક અને સપ્રમાણ સંયોજનવાળાં ડ્યૂરરનાં વૂડકટ રેખાની એટલી તો બારીકી ધરાવતાં કે જાણે કલમથી કરેલાં રેખાંકન!

માં જૂનો ૧૪૧૮નો એક નમૂનો મળ્યો છે. તે વખતે ચિત્ર તથા અક્ષરો સાથે જ કોતરવામાં આવતાં, અને હાલ પણ એ રીતનો ઘણી વાર પ્રયોગ થાય છે. યુરોપના જૂના કાળના કાષ્ઠ-મુદ્રાના કલાકારોમાં આલ્બર્ટ ડ્યૂરર નામી થઈ ગયો. તેનાં કોરેલાં બીબાંની છાપ માટે અતિ ભારે કીમતો આજે ઊપજે છે. જે છાપ બજારમાં ફેરિયા પાસેથી એક વાર મામૂલી કીમતે મળતી તે આજે સેંકડો ને હજારોની ગણાય છે. જાપાનની જૂની રંગીન છાપોનું પણ એવું જ બન્યું છે. તેમાં ઘણી વાર બેત્રણ કે પાંચસાત રંગો લાવવા માટે તેટલાં જ બીબાં-માં તે છાપ વહેંચી નાખી પછી તે છાપવામાં આવતાં. એક બીબાં વડે રેખાઓ પડે, બીજા-થી છાયાપ્રકાશના ભેદ છપાય અને ત્રીજાથી વળી ઘેરી છાયાઓ ઊઠે. ૧૬મા સૈકામાં યુરો-માં મહાન ચિત્રકારોનાં ચિત્રો ઉપરથી પણ લાકડાનાં બીબાં કરી છાપો ઉતારવામાં આવતી. સંચા વડે છપાતી હાલની રંગીન છાપોની એ આગલી પેઢી કહી શકાય.

આ કલામાં લાકડાને બદલે લીનોલિયમ વાપરવાની રીત ગયા સૈકાના અંતમાં જર્મનો-એ કાઢી. એ શોધે બીબાં કોતરવાની આજની વિદ્યામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. કોતર-વામાં લીનોલિયમ લાકડા કરતાં સહેલું છે, કારણ કે તેમાં કોઈ જાતના સળ-વળ હોતા નથી અને તેની છાપ લાકડાની છાપને મળતી જ આવે છે. પણ તે લાકડા કરતાં પોચું હોવા-થી તેમાં બહુ ઝીણી વળદાર રેખાઓ ઊતરી શકે નહિ, એટલે એમાં જેટલી ઝીણી રેખાઓ ઉતારી શકાય તેટલું સિદ્ધહસ્તપણું ગણાય.'

જુવાન વાચકો પાસે જેમને માટે એક પણ વિશેષણ વાપરવાની જરૂર નથી, એ સ્વા-તંત્ર્ય-શહીદ સરદાર ભગતસિંહનું ચરિત્ર આ અંકમાં આવેલું તેની માત્ર રૂપરેખા:

પંજાબ અજબ ભૂમિ છે. વેદની ઋચાઓ એ સંસ્કારભૂમિમાં સર્જાઇ; આર્ય ભાવના અને સંસ્કારો એ પ્રદેશમાં મૂર્તિમંત થયા; સંસ્કૃતિ અને સ્વમાનના સિદ્ધાંતો પ્રાણને ભોગે પણ જતા ન કરાય એ નગ્ન સત્ય એ ભૂમિના ગુરુ ગોવિંદના અનુયાયીઓએ ઔરંગઝેબને શી-ખવ્યું. આધુનિક યુગમાં જલિયાંવાલા તથા ગુરુકા બાગે અમર ઇતિહાસ સર્જ્યો. આવા મુલ્કમાં, લાયલપુર પ્રાંતના એક ગામમાં એક પ્રખ્યાત કુટુંબમાં ભગતસિંહનો જન્મ થયો. એ કુટુંબ મૂળથી જ પંજાબમાં પ્રખ્યાત હતું તેના પિતા, કાકા ને પિતામહ પ્રખર દેશભક્તો અને પ્રાંતીય નેતાઓ તરીકે જાણીતા હતા. પર-તંત્રતા મિટાવી સ્વતંત્રતા સર કરવા એ કુટુંબ-ના પુરુષોએ કૈંક કુરબાનીઓ કરેલી.

ભગતનો જ્યારે જન્મ થયો તે વેળા ઘરમાં ન મળે એના પિતા કિશનસિંહજીની હાજરી કે નહોતા કાકા અજિતસિંહ હાજર. એક જેલ-માં હતા! બીજા સરકારની નજર ચુકાવવા ને-પાળ ચાલ્યા ગયા હતા. પુત્રજન્મના સમા-ચારથી પિતાને જેલમાં જે આનંદ થયો હશે ને જે ભાવનાઓ ઘડાઈ હશે તે જ જાણે એના ભાવિ જીવનનું બંધારણ કરવામાં ફલિભૂત થઈ.

ભગતસિંહની ચપળતા, કુશાગ્ર બુદ્ધિ અને અજબ ગ્રહણશક્તિનો વિકાસ બહુ જ વેગથી થઈ રહ્યો હતો. ત્રણ વર્ષની નાની ઉંમરે તો એ ગાયત્રીમંત્ર શીખી ગએલો. તોફાનમસ્તી કર-વામાં નાનાં બાળકો અને મિત્રોને ભેગા કરી તેમના પર સરદારી ભોગવવામાં ને એવાં જ દંગલો મચાવવામાં એને મજા પડતી.

યથાસમયે ભગતસિંહે શાળાનું ભણતર પૂરું કર્યું અને લાહોરમાં દયાનંદ ઍંગ્લો વર્ના-કયુલર કૉલેજમાં તે જોડાયા, જ્યાં અસહકાર યુગની શરૂઆત સુધી તેઓ ભણ્યા અને પાઠ્ય પુસ્તકો ઉપરાંત બીજા વિષયોમાં પણ ચંચુપાત કર્યો. અસહકારને અંગે સરકારી શાળા-કૉલેજો નો ત્યાગ કરવાનું મહાસભાએ ફરમાન કર્યું એટલે ભગતસિંહે પણ કૉલેજ છોડી. એના જીવનમાં આ કાળ અત્યંત મહત્ત્વનો હતો. એના યુવાન હૃદયમાં આ વખતે જે વિચારો

ઊગ્યા, જે ભાવનાઓ જન્મી તે વડે તેનું આખું જીવન ઘડાયું. એને નવજીવનની દીક્ષા આપનાર ગુરુ સ્વર્ગસ્થ પં. રામપ્રસાદ બિસ્મિલ ને ચન્દ્રશેખર આઝાદ હતા. ૧૯૦૫–૦૬ના યુગમાં બંગાળમાં સરકારની દમનનીતિને લીધે વિપ્લવની જે પ્રબળ ભાવના જન્મી તે કદી મૃતપ્રાય: બની નથી. બંગાળ, પંજાબ અને મહારાષ્ટ્ર એ આ પ્રવૃત્તિનાં કેન્દ્રો ગણાય. પંજાબ અને મહારાષ્ટ્ર મૂળથી જ લડાયકવૃત્તિનાં રહ્યાં, એટલે એ ભાવના ત્યાં પોષાય એ સ્વાભાવિક છે; અને બંગાળ તો હિંદ સમસ્તમાં વધુમાં વધુ ભાવનાશીલ પ્રાંત છે, એટલે આ પ્રવૃત્તિનું મૂળ એ પ્રાંતમાં નંખાય એમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી. એટલે આખો દેશ જ્યારે સવિનય ભંગની તૈયારી કરી સમૂહબળથી રાજ્યનો હૃદયપલટો કરવા તૈયાર થયો હતો તે સમયે થોડા મુઠ્ઠીભર યુવાનો અને યુવાન નેતાઓ જુદા જ પ્રકારની તૈયારી કરી રહ્યા હતા. તેમનો દેશપ્રેમ એટલો પ્રખર હતો કે શાંત કાર્ય કરવા જેટલી ધીરજ તેમનામાં નહોતી. એમના મર્યાદિત જીવનકાળમાં જ હિંદ આઝાદ થાય એ જોવાની એમને તીવ્ર આકાંક્ષા હતી, અને એ આકાંક્ષા સિદ્ધ કરવા પૂરેપૂરો ભોગ આપવાની એમની તૈયારી હતી.

આવા વિચારો ધરાવતા યુવકોના સંપર્કમાં ભગતસિંહ આવ્યા ને પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્વ, અડગ ધૈર્ય ને અસીમ શૌર્યને લીધે સ્વાભાવિકરીતે જ પોતાની ટોળીમાં આગેવાન તરીકે તરી આવ્યા અને બિસ્મિલના વિશ્વાસપાત્ર બન્યા. આ જ અરસામાં પંજાબ અને બંગાળનાં ગુપ્તમંડળોના કાર્યકર્તાઓ પરસ્પરને મળ્યા, અને કોઈ ભીષણ કાર્યક્રમ ઘડવાની વિચારણાઓ ચલાવી. ભગતસિંહે તેમાં હિંસામંત્રની દીક્ષા લીધી; 'હિંદુસ્તાન રીપબ્લિકન આર્મી'નો એ અદના સૈનિક બન્યો.

સરદાર કિશનસિંહને આ વાતની ખબર પડી અને હિંસાવાદીઓના આખરી ફેજનો વિચાર કલ્પી એમનું હૃદય કકળી ઊઠ્યું. એમણે ભગતસિંહને પ્રેમ-શૃંખલામાં જકડી લેવાનો વિચાર કર્યો. ચકોર પુત્ર પિતાની આ યુક્તિ સમજી ગયો અને ગાંસડાંપોટલાં બાંધી લાહોરમાંથી અલોપ થયો. જેણે પોતાનું જીવન દેશને અર્પણ કર્યું હોય તેણે સંસાર-બંધનની માયાજાળ તોડયે જ છૂટકો.

લાહોરમાંથી છટકી ભગતસિંહ દિલ્હી ગયા રહ્યા અને બલવંતસિંહ નામ ધારણ કરી 'અર્જુન' તથા 'પ્રતાપ' પત્રમાં લેખક તરીકે કામ કરી જીવનનિર્વાહ ચલાવ્યો. કાનપુરમાં તેમને શ્રી બટુકેશ્વર દત્તની પહેલી પિછાન થઈ. ગંગા–જમનાનાં પ્રલયપૂરની હોનારત વખતે સંયુક્ત પ્રાંતનાં ગામનાં ગામ તણાઈ ગયાં ને અનેક કુટુંબો નિરાધાર બની ગયાં તે વખતે એ પીડિતોના સંકટનિવારણ માટે ભગતસિંહ તથા દત્તે સાથે મળી એટલું કામ કર્યું કે ત્યાંના વતનીઓએ એ યુવાન જોડીનાં લાંબા કાળ સુધી ગુણકીર્તન કર્યાં હતાં. 'પ્રતાપ'ના તંત્રી સ્વ. ગણેશશંકર વિદ્યાર્થી –જે કાનપુરના છેલ્લા રમખાણમાં બલિ થયા તે–તેમણે ભગતસિંહની નિમણૂક એક નિશાળના મુખ્ય શિક્ષક તરીકે કરવાની ભલામણ કરી. પણ એ યુવાન તો હિંદને જુદો જ પાઠ શીખવવાનાં સ્વપ્નાં સેવી રહ્યો હતો. દરમ્યાન સરદાર કિશનસિંહને



ખબર મળ્યા કે ભગતસિંહ કાનપુરમાં છે એટલે તેમણે પોતાના એક મિત્રને તાર કરીને, ભગતસિંહને તેની માતા બીમાર છે એવા સમાચાર આપી તરત લાહોર મોકલવાની યુક્તિ રચી. માતાની માંદગીના સમાચાર મળતાંવેંત જ માતૃવત્સલ પુત્ર કાનપુરથી ઊપડ્યો.

તેની પ્રવૃત્તિઓ સરકારથી છાની તો ન હોતી જ રહી. કાકોરી કાવતરાની તપાસ વખતે પણ 'બિસ્મિલ'ના પ્રિય શિષ્ય તરીકે પોલીસની નજર તેમના ઉપર ગએલી અને ભાઇ ગિરફ્તાર પણ થએલા, પરંતુ ચાલાકીથી છૂટી ગયા હતા. સરદાર કિશનસિંહે એને પ્રવૃત્તિમાં બાંધવાનો ઈરાદો કરીને એની પાસે લાહોરને ચોખ્ખું દૂધ પૂરું પાડવા એક ડેરી કઢાવી. થોડો સમય આ ડેરી ઠીકઠીક ચાલી, પણ ભગતના જીવનનો ઉદ્દેશ કાંઈ દૂધ વેચવાનો નહોતો; એના મનોરથ તો દેશના દરેકેદરેક બાળકને ચોખ્ખું અને પૂરતું દૂધ મળી શકે તેવી સ્થિતિ લાવવાનો હતો. એટલે વારંવાર લાહોરથી દિવસના દિવસ સુધી તે અદૃશ્ય થઈ જતા.

૧૯૨૭માં સાઈમન કમિશન પંજાબમાં આવ્યું. લાલા લજપતરાયની આગેવાની નીચેના વિરોધ-સરઘસ પર લાઠી ચાલી. પંજાબના એ વૃદ્ધ સિંહ લજપતરાયને મરણતોલ માર પડ્યો અને તે ટૂંકી બીમારી ભોગવી મૃત્યુ પામ્યા. દેશસમસ્તમાં હાહાકાર ફેલાઈ ગયો. સૌએ એકે અવાજે કહ્યું કે પોલીસની લાઠીથી જ લાલાજીનું અવસાન થયું છે. તે છતાં સરકારે ઉડાઉ જવાબો આપ્યા અને જાહેર તપાસ-સમિતિ નીમવાનો ઈન્કાર કર્યો.

ભગતસિંહ ને એના પક્ષે આ વાત ઉપાડી લીધી. તેમણે લાલા લજપતરાયના ખૂનના બદલામાં, જેની લાઠીથી તેમનું ખૂન થવાનું કહેવાતું હતું તેનું ખૂન કરવાનો નિશ્ચય કર્યો. આ નિશ્ચયનો તરત જ અમલ થયો. એક સંધ્યાકાળે પોલીસ ચોકીમાંથી પોલીસ અમલદાર મિ. સૅાન્ડર્સ બહાર જવા નીકળ્યા. કોઇએ તેને સ્કૅાટ માની લીધો અને રાહ જોઈ ઊભેલા સાથીઓને તેના ખબર આપ્યા. એ યુવાનોએ દોટ મૂકી. પિસ્તોલમાંથી ગોળીબાર થયા. સૅાન્ડર્સ પડ્યો. વિદ્યુત્વેગે યુવાનો નાઠા. કોઇને ખબર ન પડી કે આ બધું કેમ બન્યું. પોલીસે ખૂનીની શોધ કરવા આકાશપાતાળ એક કર્યાં, પણ કશો જ પત્તો લાગ્યો નહિ.

થોડા દિવસ પછી એક સવારે લાહોરની દીવાલો પર લાલ પોસ્ટર ચોડેલાં દેખાયાં. તેમાં સરકારને 'હિંદુસ્તાન રીપબ્લિકન આર્મી'ના સેનાની બલરાજની ધમકી હતી, તથા સાથેસાથે ખુલાસો આપ્યો હતો કે સૅાન્ડર્સનું ખૂન વ્યક્તિગત વેરથી પ્રેરાઇને નહિ પરંતુ લજપતરાયના ખૂનના બદલા રૂપ હતું. આ વાંચીને સરકાર ચોંકી ઊઠી. જડતીઓ ને ધરપકડો પૂર જોશમાં ચાલી. બાવીસ માણસો પકડાયા, છતાં ખૂનીનો તો કશો જ પત્તો મળ્યો નહિ. પરંતુ ત્યાર પછી ચાર માસમાં એક એવો બનાવ બન્યો કે જેથી ખૂની આપોઆપ સરકારના હાથમાં આવીને ઊભો.

૧૯૨૮ની આઠમી એપ્રિલે દિલ્હીમાં મળેલી વડી ધારાસભાની બેઠકમાં એક એવો બનાવ બન્યો જેથી સરકારની આખી પાદશાહત ડોલી

ઊઠી. સમસ્ત દેશમાં તીવ્ર સનસનાટી ફેલાઈ રહી. એક અત્યંત મહત્ત્વના મુદ્દામાં પ્રેસિડેન્ટ પટેલ તે દિવસે પોતાનો ચુકાદો આપવાના હતા. સરકાર તથા પ્રજાપક્ષ વચ્ચે આ બાબત તીવ્ર મતભેદ હોઈ પ્રશ્ન બહુ રસિક બન્યો હતો. શ્રી વિઠ્ઠલભાઈ કેવા પ્રકારનો ચુકાદો આપશે તે જાણવા સૌ ઇંતેજાર હતા. ધારાસભાનો હૉલ સભ્યો ને પ્રેક્ષકોથી ચિકાર ભરાઈ ગયો હતો.

શ્રી પટેલે ખુરશી પરથી ઊભા થઈ પોતાનું વક્તવ્ય વાંચવાની શરૂઆત કરી. હૉલમાં નીરવ શાંતિ ફેલાઈ ગઈ. પણ તે એક ક્ષણ વાર જ. બીજી જ ક્ષણે ભયંકર ઉલ્કાપાત સમો ધડાકો થયો. હૉલ ધુમાડાથી ભરાઈ ગયો. લોકો કાંઈ સમજી શકે તે પહેલાં બીજો ધડાકો થયો. સર્વત્ર ગભરાટ અને ભય વ્યાપી ગયાં. થોડી વારમાં હૉલમાંથી ધુમાડો શાંત થયો ત્યારે જણાયું કે એક ખાલી પાટલીના ભુક્કા થઈ ગયા હતા, જમીનનો થોડો ભાગ તૂટી પડ્યો હતો તથા થોડા સભ્યોને સહેજ ઇજા થઈ હતી. ઉપર પ્રેક્ષકોની ગૅલેરીમાં બે યુવાનો ઊભા હતા. એમના મુખ ઉપર કૃતાર્થતાનું આછું સ્મિત હતું. એમણે શાંતિથી પોતાનાં ગજવામાંથી લાલ ચોપાનિયાં કાઢી હૉલમાં ફેંક્યાં તથા પિસ્તોલ કાઢી ગોળીબાર કરવા માંડ્યા. એક પોલીસ ઈન્સ્પેક્ટર તેમને પકડવા ધસ્યો, એટલે તેમણે જાતે જ પિસ્તોલ આપી દીધી. આ બે યુવાનો તે ભગતસિંહ ને બટુકેશ્વર દત્ત હતા.

એક જ દિવસમાં ભગતસિંહ અને તેના શૂરા સાથીનાં નામ હિંદના ખૂણેખૂણે ફરી વળ્યાં. ગઈ કાલના અજ્ઞાત યુવકો વળતી પ્રભાતે જગપ્રસિદ્ધ બની ગયા. અનેકને આ કાર્ય અવિચારી લાગ્યું. પણ એમના એ કાર્યનું રહસ્ય તો જ્યારે અદાલતમાં કેસ ચાલ્યો ત્યારે જ સમજાયું. જે કાર્ય હજારો ભાષણોથી કે સેંકડો પુસ્તકોથી ન થઈ શક્યું હોત એ કાર્ય પાંચ મિનિટના એ ભવ્ય નાટકથી થઈ શક્યું. હિંદની નોકરશાહીના કાનના પડદા ને નેત્રોનાં પડળ એનાથી ખુલી ગયાં. ઈચ્છા-અનિચ્છાએ એણે જોવું પડ્યું કે હિંદી નવજવાનોની ધીરજ હવે ખૂટી છે; રાષ્ટ્રીય અસ્મિતાએ ઉદ્દામ સ્વરૂપ ગ્રહણ કર્યું છે. જો કાંઈ સંતોષકારક નિકાલ નહિ આવે તો પરિણામ બૂરું આવશે. શહેનશાહતના વડા પ્રતિનિધિ વાઇસરૉયે પણ આ વસ્તુનો સ્વીકાર કર્યો અને એ પછીના પોતાના ભાષણમાં આ વસ્તુનો તેણે ઇશારો કર્યો.

હિંદમાં ક્રાન્તિની જ્વાળા પ્રદીપ્ત કરવા આ જવાનોએ જાણીબૂઝીને, સઘળી જવાબદારી પોતાને શિરે લઇને જાનની કુરબાની કરી.

ભગતસિંહ તથા દત્તને પકડ્યા પછી પોલીસે આકરી તપાસ શરૂ કરી. આરોપીઓ પાસેથી તો કશી જ વિગતો મળી નહિ. પરંતુ એટલામાં લાહોર અને સહરાનપુરમાં યુવાનોની ધરપકડ થઈ. આમાંના કેટલાક તાજના સાક્ષી બન્યા અને તેમણે બધી વિગતો પોલીસને જણાવી. આથી જણાયું કે સૅાન્ડર્સના ખૂનમાં પણ ભગતસિંહનો હાથ હતો.

લાંબા વખત સુધી અદાલતમાં ધારાસભા-બૉમ્બ-કેસનો મુકદ્દમો ચાલ્યો. ભગતસિંહને બચાવ કરવાની કશી તમા નહોતી. એ તો જીવનની પરવા પરવારીને બેઠો હતો. પરંતુ તેના પિતા વગેરેએ મળી બચાવ માટે બૅરિસ્ટર અસફઅલીને રોક્યા. અદાલતે બંને આરોપીઓને ગુનેહગાર ઠરાવ્યા અને આજીવન કાળા પાણીની સજા ફરમાવી.

આ પછી સૅાન્ડર્સ ખૂન કેસ ચાલ્યો. તે દરમ્યાન આરોપીઓ સાથે જે પ્રકારનું વર્તન ચલાવવામાં આવતું હતું તે પ્રત્યે વિરોધ દર્શાવવા તેઓ ભૂખમરાની હડતાલ પર ગયા અને તેમાંના એક યુવાન શ્રી જતીન દાસ ૬૧ દિવસના ઉપવાસ પછી મરણ પામ્યા. એ યુવાનનો ભોગ વિરલ અને અનુપમ હતો. આખો દેશ એથી વિહ્વળ થઇ ગયો.

કેસને જલદી પતાવી દેવા લૉર્ડ અર્વિને ખાસ ફરમાન કાઢી એક ખાસ અદાલત (ટ્રિબ્યૂનલ) નીમી. પરંતુ તેની કાર્યવાહી પ્રત્યે અવિશ્વાસ હોવાથી આરોપીઓએ તેનો બહિષ્કાર કર્યો. ૧૯૩૦ની સાતમી ઑક્ટોબરે આ કેસ ખતમ થયો અને ભગતસિંહ, સુખદેવ તથા રાજગુરુને એ અદાલતે ફાંસીની સજા ફરમાવી. કાયદાની દરેકે દરેક બારીકીનો ઉપયોગ કરી જુદીજુદી રીતની અપીલો કરવામાં આવી, પણ બધી જ નિષ્ફળ ગઈ અને અંતે સરકારે નિશ્ચય જાહેર કર્યો કે ભગતસિંહની સજા કાયમ રહેશે. છેવટના ઉપાય તરીકે બચાવપક્ષના વકીલોએ એક દયાની અરજી ઘડી તેના પર ભગતસિંહના હસ્તાક્ષર માગ્યા. પણ એ શૂરા સિપાહીએ દયાની યાચના કરવાની ના પાડી. એણે તો સામેથી સરકારને આહ્વાન દીધું કે 'મને ગોળીથી વીંધો; મારે માટે ફાંસી ન હોય.'

તે પછી હિંદની સમસ્ત પ્રજાએ વાઇસરૉયને દયા માટે અરજ ગુજારી. મહાસભાવાદીઓ, વિનીતો સૌએ દયાની માગણી કરી. છેલ્લેછેલ્લે મહાત્માજીએ પણ લૉર્ડ અર્વિનને પ્રાર્થના કરી. પણ બધું વિફલ ગયું. હૃદયહીન નોકરશાહી મક્કમ રહી. ફાંસીનો હુકમ કાયમ રહ્યો.


ફાંસીનો દિવસ નજીક આવ્યો. આખરી મુલાકાતો થઈ ગઈ. ભગતસિંહના જીવનની ઘડીઓ ગણવા માંડી. ફક્ત ૨૩ વર્ષનો યુવાન દિલમાં અનેક આશાઓ અને આદર્શો, કોડ અને 'કાંક્ષાઓ ભરેલો; અને આવતી કાલે તો મોતને ભેટવાનું! ભર્યા જગતમાંથી, સ્નેહીજનોની મધ્યમાંથી એકલા અને અટુલા વિદાય લેવાની. ભલભલા મર્દની છાતી આ કરુણ સંજોગોમાં ડગી જાય, શરીર ધ્રૂજી ઊઠે. પણ ભગતસિંહે ન અનુભવ્યું કશું યે દુ:ખ કે એને ન થઇ કશી ગ્લાનિ. એ તો જવાંમર્દ હતો. એની ફિલસૂફી કર્તવ્યપરાયણ સૈનિકની હતી; પરમહંસ મુમૂર્ષુની હતી. એ તો આનંદથી, ઉલ્લાસથી મોતની નોબતો સાંભળી રહ્યો.

૨૩મી માર્ચની કાળસંધ્યા ઊગી ને આથમી. સૂરજ ડૂબી ગયો. લાહોરની જેલમાં છૂપા ઓળાઓ સમા અમલદારો આમથી તેમ ભમવા લાગ્યા. પોણા આઠ વાગ્યે બધું તૈયાર થઇ ગયું. મુસાફરીનો સાજ ગોઠવાઈ ગયો. વીર પગલે, સ્મિત વદને, ઉતાવળાં પણ નિશ્ચલ ડગ ભરતા શહીદો ફાંસી-ખોલીમાંથી બહાર પડ્યા. એમણે એકબીજાની વિદાય લીધી, સ્નેહીસમુદાયનું સ્મરણ કર્યું, તેત્રીસ કરોડ અનામી ભારતવાસીઓને માનસિક વંદન કર્યું, સર્વ વાસનાઓ અને એષણાઓ શમાવી દીધી ને જેલના શાંત વાતાવરણને ભેદી એક વીરગર્જના થઇ: 'ઇન્કિલાબ ઝિંદાબાદ!'

અગમ્ય અજ્ઞાત પ્રદેશોમાં, હિમાલયનાં ગિરિગહ્વરોમાં ને હિંદી મહાસાગરનાં મોજાંઓમાં પડઘો પડ્યો... ભગતસિંહ ઝિંદાબાદ.

હિંસા કે બૉમ્બ એ ભગતસિંહનો સ્વભાવધર્મ હતો એમ માનનારા ભૂલ કરે છે. ભગતસિંહનો આદર્શ તો હતો સમાજવાદીનો. એના અભિલાષ સંહારના નહિ પણ ભવ્ય સર્જનના હતા. એણે પોતે મૃત્યુ પહેલાં થોડા સમય પર જ લખેલા એક પત્રમાં તે જણાવે છે કે 'બૉમ્બથી હમેશાં ફાયદો થાય એમ માનવું ભૂલભરેલું છે. ઊલટું અનેક વાર ગંભીર નુકસાન થવાનો સંભવ છે. હિંદુસ્તાન રીપબ્લિકન સોસાએટીના અત્યાર સુધીના ઇતિહાસથી બૉમ્બવાદની નિષ્ફળતા સારી રીતે પૂરવાર થાય છે.' કેટલાકને આશા હતી કે ભગતસિંહ ફાંસીમાંથી મુક્ત થાય તો અહિંસાવાદી બને. પરંતુ સરકારનો અભિપ્રાય આથી જુદો જ હતો. એણે તો એની રાક્ષસી પકડ જરા યે ઢીલી કરવાનો ઇન્કાર કર્યો. પરિણામે એક મહાન દેશભક્ત થવાને સર્જાએલા આત્માનો પૂર્ણ વિકાસ થાય એ પહેલાં જ એ ફના થઈ ગયો.'

'હિંદનાં શિલ્પ-સ્થાપત્ય' એ નામથી ચાલતી ડૉ. હરિપ્રસાદ દેસાઇની લેખમાળાના આ અંકમાંના હપ્તામાં નટરાજની મૂર્તિના તાંડવ નૃત્યનો અર્થ સમજાવ્યો છે તથા ગુજ-



આજે જેના અત્યત જૂજ અવશેષ જ દેખાય છે તે પાટણની રાણીવાવનું આજથી સો-સવાસો વર્ષ પર એક અંગ્રેજે કરેલું આલેખન



રાતનાં કેટલાંક શિલ્પોનો ઉલ્લેખ કરેલો છે:

'મદ્રાસના મ્યૂઝિયમમાં ચાર ફીટ ઊંચી નટરાજની ધાતુ મૂર્તિ છે. એ લગભગ દોઢ હજાર વર્ષ પૂર્વની, ઇ. સ. ૫૦૦ની સાલની ગણાય છે. શિવના તાંડવનૃત્યનો અપૂર્વ ખયાલ આપતી એ મૂર્તિ અદ્ભુત છે. એ નૃત્યના પ્રસંગની મૂળ કથા કોયલ પુરાણમાં નીચે પ્રમાણે છે: 'યજ્ઞયાગના આડંબરમાં બ્રાહ્મણો બેઠા હતા. પંડિતો શાસ્ત્રનાં ખંડનમંડનની ચર્ચાઓ કરતા હતા. વિદ્યાવિલાસ ચાલી રહ્યો હતો, અને યાજ્ઞિકોના વૈભવ તથા ચમત્કારિક શક્તિઓનો પણ પાર ન હતો. એ બધું પોલાણ રુદ્ર સ્વરૂપ શંકરે જોયું. વિદ્વાનો ખુદ પોતાના વર્તનથી ખરા ધર્મની વિડંબના કરતા હતા એમ લાગવાથી એ જંગલી બાવાનું રૂપ ધારી એ સ્થળે ગયા ને યજ્ઞને અભડાવીને ઊભા. બ્રાહ્મણો ગુસ્સે થયા ને એમણે યજ્ઞમાંથી મંત્રબળે એક સાપ ઉત્પન્ન કરી આ જોગી ઉપર ફેંક્યો. પણ બાવાએ તો સાપને પકડીને કેડે વીંટાળી દીધો. બ્રાહ્મણોએ તરત વાઘ ઉત્પન્ન કર્યો ને એના ઉપર છોડ્યો. જોગીએ એને પણ પકડી લીધો ને એનું ચામડું ઉતરડીને પોતાને અંગે ઓઢી લીધું. છેવટે હારીને બ્રાહ્મણોએ એક વામનરૂપ અસુર ઉત્પન્ન કર્યો અને એ અનાર્ય બાવાને મારવા એ વામનને પ્રેરણા કરી.

એ વામનને પણ આખરે બાવાએ પાડ્યો ને એને પગ તળે ચાંપી પોતાનું અલૌકિક તાંડવ નૃત્ય શરૂ કર્યું, જે નૃત્યની આ મૂર્તિ છે. બ્રાહ્મણો, વિદ્વાનો, પંડિતો ને યાજ્ઞિકો સૌ એ નૃત્ય જોઈ રહ્યા! ડમરૂ વાગતું હતું. આખું શરીર ત્વરિત ગતિથી નાચી રહ્યું હતું. કુદરતના નૃત્ય સાથે શંકરના આ નૃત્ય અને સંગીતના તાલ મળવા લાગ્યા. બ્રહ્માંડ ડોલતું હતું; સૂર્યમંડળો, ગ્રહો અને ઉપગ્રહોના સંગીત અને નૃત્ય સાથે શિવ નાચતા હતા.

બ્રાહ્મણોને એમણે આ નૃત્યથી પદાર્થપાઠ આપ્યો કે 'સૃષ્ટિના નિયમોને અનુસરો', 'અનંતની સાથે એકતાન થાઓ.' મૂર્તિમાં જોશો તો એ નૃત્યમાં શિવનાં બધાં અંગો પ્રવૃત્ત છે, છતાં મુખ પર નિવૃત્તિ છે. કર્તવ્યમાત્ર વેગથી કરવું, છતાં અંતરની શાંતિ છોડવી નહિ એ એનું સૂચન છે. હિંદુ ધર્મનો આ બીજો મોટો આદર્શ છે ને શિલ્પીઓએ તે આવી અદ્ભુતરીતે શિવના તાંડવની મૂર્તિથી સમજાવ્યો છે. એક આદર્શ બુદ્ધનો (જે ગયા અંકમાં આપ્યો છે): જ્ઞાનપ્રાપ્ત કરી આત્મદર્શન કરવાનો; બીજો, આ જ્ઞાન મેળવ્યા પછી કર્મ કરવાનો. આમ હિંદના શિલ્પાચાર્યોએ કલા દ્વારા જ્ઞાનયોગ ને કર્મયોગ જનતાને સમજાવ્યા છે.


ફળની આસક્તિ રાખ્યા વગર નિષ્કામ બુદ્ધિથી જે સંસારવ્યવહાર ચલાવશે, તે ખૂબ પ્રવૃત્તિમાં રહ્યા છતાં અંતરની શાંતિ રાખી શકશે એવો પણ એ મૂર્તિમાંથી આપણે બોધ લઇ શકીએ. પ્રવૃત્તિ શિવના નૃત્ય જેવી ભયંકર કરે, છતાં સમતોલપણું સાચવી રહે તો એ લોકો દુર્લભ મનુષ્યજીવનને સાર્થક કરી શકશે.

હિંદુ ઢબના શિલ્પની પરંપરામાં બંધાએલા અનેક પ્રાચીન અવશેષો હજી ગુજરાતમાં ઠેરઠેર મોતીના દાણા પેઠે વેરાએલા પડ્યા છે. પાટણના ધર્મપ્રેમી અને પ્રજાપાલક ગુર્જર નરેન્દ્રોએ અસંખ્ય દેવાલયો, ઓવારા, વાવો અને મહાલયો બંધાવ્યાં છે. સિદ્ધપુરનો રુદ્રમહાલય કારીગરીમાં કેવો સમૃદ્ધ હશે તેનો ખયાલ બાકી રહેલી એની એક કમાન અને જૂજ અવશેષો પરથી પણ આવી શકે છે. વડનગરમાં બીજી એવી જ કીર્તિસ્તંભની એક કમાન ઊભી છે. ઉજ્જયિનીના મહાકાળ મંદિરનો દરવાજો પણ એનાથી જરા મોટો, પરંતુ એવા ગુજરાતના જ ઘાટનો છે. ઝીંઝુવાડાનો કિલ્લો તથા ડભોઇનો કિલ્લો ને એના દરવાજાઓના ઘાટ તથા કોતરણી શુદ્ધ હિંદુ ઢબનાં છે. સિદ્ધરાજ જયસિંહ તો ગુજરાતનો અતિ શક્તિમાન ને સમૃદ્ધિશાળી રાજા થઈ ગયો. વિરમગામનું મુનસર ને ધોળકાનું મલાવ તળાવ એના વખતનાં છે. આ લખાયા પછી સહસ્રલિંગ તળાવના અવશેષો ખોદી કઢાયા છે.

આજે આપણી ઊગતી પ્રજાના એક તદ્દન અવગણાએલા અંગ 'સુલેખન' (સારા અક્ષરો લખવાની કળા) વિષે કેટલાક ઉપયોગી વિચારો, 'લિપિસમીક્ષા' એ નામના પુસ્તકનો પરિચય આપતા એક નાના અવલોકનમાં આપ્યા હતા તે ખાસ મનનીય છે:


'શુદ્ધ લેખિની-સંચાલન હી સુલેખન કા પ્રાણ હૈ' એ સૂત્ર પર આજકાલ આપણી કેટલી શાળાઓ ધ્યાન આપે છે? આપણા વિદ્યાધિકારીઓ અક્ષરલેખનને નજીવો વિષય માની પ્રજાઆખીમાં એ અક્ષરોની કુરૂપતા ને અશાસ્ત્રીયતા પ્રસારવાનું પાપ નિભાવી રહ્યા છે. છતાં કોઇએ એ પ્રશ્ન ઉઠાવ્યો નથી. હિંદી લિપિમાં પણ એટલી જ અરાજકતા વ્યાપેલી જોઈ કાનપુરના સુલેખાચાર્ય પંડિત ગૌરીશંકર ભટ્ટે 'લિપિ સમીક્ષા' બહાર પાડીને શાળાઓમાં ચાલતી અનેક કૉપીબુકોના લિપિદોષો બહુ જ સ્પષ્ટ રીતે બતાવી આપ્યા છે.

અક્ષરના સ્વરૂપ અને આકારનો નિર્ણય કરવામાં કલમનો ઘાટ કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે તે સમજ્યા કે સમજાવ્યા વિના જ આપણી સંખ્યાબંધ કૉપીબુકોનો વેપાર અને વ્યવહાર ચાલુ છે. પંડિતજીનાં પુસ્તકો જોનાર વિદ્યાર્થી કે શિક્ષકને એ બધાની પોલ આપોઆપ સમજાશે. તેમના જ શબ્દો લઇએ તો 'લેખનકલા સભ્ય ભારતની એક સૌથી મોટી સંપત્તિ છે. સાફ, સરળ ને સુંદર લેખન માનવસમાજના મનનું સ્વાભાવિક ચિત્ર છે. માત્ર પ્રાચીન ભારતના જ આચાર્યો નહિ, પણ આધુનિક યુરોપી વિદ્વાનો પણ અક્ષરો પરથી માનવવૃત્તિનું વિવેચન કે વિવરણ કરે છે. લેખન એ એવી કળા છે કે જેનો અસાધારણ પ્રત્યક્ષ પ્રભાવ સમસ્ત સમાજ કે દેશની ચાલુ મનોદશા પર પડે છે. કોઈ પણ સંસ્કારી દેશ આ કલાની ઉપેક્ષા નહિ કરી શકે. દેશનાં બાલક-બાલિકાના ચરિત્રનિર્માણમાં સુલેખનની ઉપયોગિતા બહુ છે. ટૂંકમાં સુંદર લેખનકળા કોઈ પણ રાષ્ટ્રની જીવનજ્યોતિ યા પ્રાણ છે.'



ટિકિટ સંગ્રહ

એ સંસારવ્યાપી શોખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ



ગયા (માર્ચ) માસની ૨૩મી તારીખે પાકિસ્તાન 'ઈસ્લામી ગણરાજ્ય' તરીકે જાહેર થયું તેના સ્મરણમાં એ પડોશી દેશે જે ખાસ ટિકિટ કાઢેલી તેનું જરા મોટું કરી બતાવેલું ચિત્ર (મોકલનાર: એ. ડી. કરીમ–કરાચી)



આ જે જેનો ટપાલી ઉપયોગ તો નથી પણ સંગ્રહની દૃષ્ટિએ ઘણા સંગ્રાહકોને જે બહુમૂલ છે એવી ભારતનાં દેશી રાજ્યોની ટિકિટો પૈકી જયપુર રાજ્યની ટિકિટોનો સમૂહ તેમાં અનુક્રમે (૧) પાંચ રૂપિયાની ટિકિટમાં : રાજ્યના આદ્ય સ્થાપક ને એ વખતના નવાં મહારાજા (૨) બે રૂપિયા : અમ્બર રાજમહેલ (૩) ૧ રૂપિયો : ચંદ્રમહાલ (૪) ૮ આના : સીરેહ દેવોરીહ દરવાજો (૫) ૬ આના આલ્બર્ટ મ્યૂઝિયમ (૬) ૪ આના : હાથીનો રથ (૭) ૩ આના : રથ (૮) અઢી આના : સરસ્વતીનું આસન (૯) બે આના : જૂના વખતનો સૈનિક (૧૦) ૧ આનો : હાથી ઉપર નિશાન (૧૧) ½ આનો : નવા મહારાજા (૧૨) ¼ આનો : સૂર્યનારાયણનો રથ. પોતાના સંગ્રહમાંથી આ પ્રકટ કરવા સાથે શ્રી સી. તેજપાલે ટિકિટની મહત્તા વર્ણવતો નાનો લેખ આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'માં આપેલો તેનો રસમય ભાગ તારવીને એ ટિકિટો સાથે અહીં પ્રકટ કરીએ છીએ:

'ટિકિટ જેવી કાગળની એ નાની કટકીની મદદ વડે એક પ્રજા બીજા દેશની પ્રજા સાથે કેટલા ઉપયોગી સંબંધો, અગત્યનાં વાતચિત-વ્યવહાર ને લાખોના ધંધા-રોજગાર ખેડી શકે છે! અનેક પ્રિયજનો, સગાંને મિત્રો હજારો માઇલથી માત્ર એ નજીવા ટુકડા વડે એકબીજાના અંતરની મોંઘી લાગણીઓ, અને હેતનાં પૂર કેવી તીવ્રતાથી અનુભવી શકે છે, તેનો ખયાલ કરીએ તો એ કાગળના નાચીઝ ટુકડાની મહત્તા અને ધન્યતા સહેજ સમજાશે.



વળી, એ નાના કાગળના ટુકડા પાછળ કેટલાં માણસોની કામગીરી અને રોજીનો સમાવેશ હોય છે તેની કલ્પના કરો. જૂજ કિંમતની ટિકિટ ચોડેલો તમારો કાગળ ટપાલપેટીઓમાંથી પત્રો એકઠા કરનારા ટપાલના નોકરો, તેના ઉપર ગામ અને તારીખવાળી છાપ મારનારા પૅકરો, તેને ચેક કરનારા સોર્ટરો, તેને શહેરમાં વહેંચનારા ટપાલીઓ, સેન્ટ્રલ ઑફિસેથી ખૂણેખૂણાંનાં ગામડાંઓ-માં લઇ જનારા હલકારા, એમ અનેક માણસોને પોષે છે. પરદેશ જતા કાગળો રેલવે સ્ટેશનોએ લઇ જનારા મજૂરોના હાથમાંથી પસાર થઇ ટ્રેનો મારફત બંદર-કિનારે પહોંચે છે, ત્યાંથી સ્ટીમર ઉપર ચડી દરિયાપાર જાય છે, અને તે દરિયાપારના કિનારા ઉપર ઊતરી, વળી પાછા ટ્રેનમાં અને ઉપર કહેલા બીજા દેશના એટલા જ કામદારોના હાથમાં અને પોસ્ટ આફિસોમાં ફરીફરીને છેવટે સરનામાવાળા માણસના ઘરના ઉમરા ઉપર જઇ પડે છે. એ બધું આપણા કોઈથી અજાણ્યું તો નથી, પરંતુ એ હકીકતોની પાછળ ખરેખરી અદ્‌ભુતતા તો એ છે કે થોડા જ પૈસાની ટિકિટ વડે આટલા માણસો અને વાહનોની રોજી તથા ખર્ચમાં ફાળો પૂરીને આપણે આપણા વિચારો ધરતીના એક છેડાથી બીજા છેડા ઉપર ખાતરી-પૂર્વક ને સહેલાઈથી પહોંચાડીએ છીએ. વળી આ વ્યવહારમાં પોસ્ટમેનો, કારકુનો આપવા, રેલવેના માણસો, બંદર અને સ્ટીમરના માણસો, ખલાસીઓ, ઈજનેરો વગેરે અનેક માણસોના હાથમાંથી પસાર થવા ઉપરાંત આપણા એ 'પાંખવાળા શબ્દો' તેને છેલ્લે ઠેકાણે પહોંચતાં પહેલા માણસોના હાથમાં, ઘોડા ઉપર, રેલવેમાં, સ્ટીમરમાં, મોટરમાં અને એરોપ્લેન સુદ્ધાંમાં સફર ખેડે છે. આ બધું એક ચોખૂણા નાનકડા કાગળના કટકા વડે! ખરે જ, શું ટિકિટ એ અદ્‌ભુત વસ્તુ નથી લાગતી?'


ચિત્રોમાં રહસ્યકથા... ...૪: સંકેતનો ભેદ



ઇન્સ્પેક્ટર દીક્ષિતને ઑફિસમાંથી એક ફોટો આપી કહ્યું કે 'આ માણસની હીલચાલ ભેદી છે અને તેનો પીછો પકડવાનો છે. કંઈ વજૂદવાળું કારણ ન મળે ત્યાં સુધી ગિરફતાર ન કરશો.'

એની પાછળ પડતાં દીક્ષિતે જોયું કે બદર તરફની એક મોટી બજારમાંની દવાની દુકાનની એક બારીમાં એને કંઈક રસ હતો. જોકે એ ત્યાં જરા યે થોભતો નહોતો, પણ દર દોઢ બે કલાકે એ ત્યાંથી પસાર થતો.

આખરે સાંજે પાંચેક વાગ્યે ઈન્સ્પેક્ટર દીક્ષિતે જોયું કે ત્યાંથી પસાર થતાં એ બારી સામે અટકીને ધ્યાનથી કંઇક જોવા લાગ્યો; અને સહેજ વાર જ ત્યાં ઊભો રહી તુરત ચાલતો થયો.



એના ગયા પછી દીક્ષિતે ત્યાં જઈ જોયું તો અત્યાર સુધી ખાલી રહેલી બારીની અભરાઈમાં વિવિધ નામાક્ષરોનાં લેબલો સાથે કેટલીક શીશીઓ મૂકેલી હતી. ઇન્સ્પેક્ટરને તાત્કાલિક તો એમાં કંઈ સમજ ન પડી, પણ એ વિષે પાછળથી નિરાંતે વિચાર કરવા એમણે તુરત તેનો આલેખ પોતાની ડાયરીમાં ઉતારી લીધો. ને પછી પેલાનો પીછો પકડવા જતાં તેને ઉતાવળે એક બસમાં ચડી જતો જોયો.

દીક્ષિત તુરત જ ઑફિસમાં જઈ પેલો આલેખ કાઢી તેમાંથી કંઈ ભેદ મળે તો ઉકેલવા બેઠા. થોડીક માથાકૂટ બાદ તેમને ઉકેલ મળી ગયો. અને એ જ રાત્રે પોલીસ પાર્ટી લઈ તેમણે ધક્કા પર ઓચિંતો છાપો મારી એક હોડીમાં છટકી જતા પેલા માણસ તથા તેના દાણચોર સાગરિતોને ગિરફતાર કર્યા !

પેલા આલેખમાંથી ઈન્સ્પેક્ટર દીક્ષિતે શો ઉકેલ શોધી કાઢ્યો તે તમે કહી શકશો ? નહિતર ખુલાસો નીચે અવળો છાપ્યો છે.

ઋતુસમાપ્તિ (પૃ. ૧૪૬થી) પત્નીને માનસિક હાનિ ન થાય એની તકેદારી રાખવી જોઇએ. પતિવિહોણી સ્ત્રીએ આ સમયે પોતાના ઘરઉદ્યોગ કે સામાજિક કામમાં વધારે મન દેવાની જરૂર છે. રસ પડે એવાં અને સર્જનાત્મક કામોમાં મચી પડવું જોઇએ. શિક્ષિકાઓને માનસિક થાક અને બીજો વરતાતાં હોય તો આરામ લેવાની સલાહ છે.

સ્ત્રીઓની જેમ પુરુષોને પણ પચાસની આસપાસ જીવનપરિવર્તનકાળની અસરો નડે છે ખરી. નિરુત્સાહ, થાક, કમ યાદદાસ્ત, મનની નબળાઇ વગેરે દેખા દે છે. શુક્રગ્રંથિ-સત્ત્વ દવારૂપે લેવાથી ફાયદો થાય છે.

લેબલોના અક્ષરો પર વિચાર કરતાં દીક્ષિતે જોયું એ કોઈ દવાઓ માટેની સંજ્ઞાઓ ન હતી પણ કંઇક સંકેત એમાં છુપાએલો હતો. તે શોધી કાઢવા અનેક મથામણ પછી જ્યારે તેમણે એ બાટલીઓમાંના પ્રવાહીના પ્રમાણના અનુક્રમમાં એટલે કે સૌથી વધુ પ્રવાહીવાળી બાટલી પહેલાં, પછી એથી ઓછા પ્રવાહીવાળી, પછી એથી ઓછા, એ ક્રમમાં ગોઠવી એટલે આખો સંદેશ સ્પષ્ટ થઈ ગયો. તે આ પ્રમાણે હતો Carnac Dock Mid Night તુરત ઇન્સ્પેક્ટર સમજી ગયા કે આજે મધરાતે આ લોકો કાર્નાક બંદર પર મળવાના લાગે છે. આ પછી તો કોણ અને કઈ રીતે મળશે એ શોધી કાઢતાં દીક્ષિતને વાર ન લાગી. અને પછી તો પોલીસ પાર્ટી લઈ પેલાને ગિરફતાર કરવાનું જ કાર્ય તેમને બજાવવાનું હતું.

ઉત્સર્ગ (અનુસંધાન પૃ. ૧૩૩થી ચાલુ)
મોટા ડૉક્ટરોને બોલાવવા પડયા હતા. પરંતુ બધી વ્યવસ્થા બાપુજીએ કરી રાખી હતી. ઓહ, બાપુજી અમને જરા ય તકલીફ થવા દેતા નથી.તેઓ તો જાણે અમારી ઇચ્છા પહેલે-થી જ જાણી જાય છે. કંઇ કહેવાની જરૂર જ નથી રહેતી.

છા : તારી બા ન આવ્યાં?

મં : તેઓ પણ આવવાનાં હતાં, પરંતુ પુરી-ની હવાથી તેમને ખૂબ ફાયદો થયો છે. એટલે તેઓ હવે પંદરવીસ દિવસ બાદ આવશે. આપ આજકાલ અહીંઆં જ છો? છ મહિના પહેલાં જ્યારે હું આપને મળી હતી ત્યારે આપ કહેતાં હતાં કે હું હૃષીકેશ જવાની છું; તો જઇ આવ્યાં?

છા : હા, જઇ આવી.

મં : મારી ય ઇચ્છા છે હૃષીકેશ જોવાની. બાપુજી કહેતા હતા કે બહુ સરસ જગા છે. તમને કેવી લાગી?

છા : બહુ જ સરસ. ગંગાજીની પવિત્ર ધારા એવી વહે છે,જાણે સ્વર્ગ પાણી બનીને ન વહેતું હોય! જ્યારે સ્નાન કરીએ ત્યારે એવું લાગે કે જાણે આખા શરીરમાં ગંગાજળ વહી રહ્યું હોય. અને પ્રકૃતિનાં દશ્યો તો એવાં મનો-રમ્ય કે જાણે ઈશ્વરે સમુદ્રની ભીની લહેરોને યુક્તિપૂર્વક ગૂંથીને સજાવી દીધી હોય. તું જુએ તો અહીંઆવવાનું જ ભૂલી જાય.ત્યાં જવાની ઇચ્છા છે?

મં : હા, બહુ જ.

છા : તો હમણાં નહિ. ચાર મહિના બાદ તને લઈ જઇશ. મારી સાથે આવજે.

મં : જરૂર. બાપુજી પણ સાથે આવશે.

છા : તેઓ કેવી રીતે આવી શકશે? એમને હમણાં બહુ કામ કરવાનું છે. છેલ્લાં બેવરસથી તો તેઓ કયાં ય ગયા જ નથી.

મં : વારુ તો હું જ તમારી સાથે આવીશ.

છા : જરૂર.

મં : બહુ સારું થયું કે તમારી એકાએક મુલા-કાત થઈ. હું તમારે ત્યાં જ આવવાની હતી.

છા : કંઈ વાંધો નહિ. હું જ આવી ગઈ. શું ડૉકટર ઘરમાં નથી?

મં : ના. 'સ્ટડીસર્કલ'માં ગયા છે. પણ હવે આવતા જ હશે. બાપુજીએ ન જાણે કેટલાં ય ઍપૅરૅટસ બનાવ્યાં છે. કોઇમાં લાલ અજવાળું થાય તો કોઈમાં લીલું. હું તો છ મહિના બાદ આવી છું. મને તો કંઇ ખબર જ નથી. કંઈ અદ્ભુત શોધ કરી છે. કહે છે કે મરવા બાદ પણ માણસ મરતો નથી! હું તો હેરત પામી ગઇ!

છા : સાચું કહે છે.

મં : તમે ય માનો છો?

છા : માનવાનું શું? એ તો સાચી જ વાત છે. આપણા ઋષિમુનિઓ તો એની સાધના-ના સેંકડો ગ્રંથો લખી ગયા છે.

મં : કહે છે કે મરવામાં કશી તકલીફ નથી.

છા : કપડાં બદલવામાં શું તકલીફ થાય છે?

મં : તમે ય બાપુજીના જેવી જ વાત કરો છો નેશું?હમેશાં હળોમળો એટલે રોજરોજની વાતોની કંઈક અસર તો થાય જ ને?

છા : ભલે એમ સમજ.

મં :જવા દો એ મરવા-જીવવાની વાતોને! આપ કંઈક લેશો ને?

છા : ના...હવે હું જઈશ.

મં : વાહ, હમણાં આવ્યાં ને હમણાં જ જશો? બાપુજીને તો મળ્યાં જ નહિ?

છા : પછી કયારેક મળીશ. એમને મળવાનું તો કયારેક થઈ જ જાય છે.

મં : થોડી વાર બેસો ને?

છા : ના, હવે વધુ નહિ. બસ તને જોઈ લીધી. તને મળવું'તું. વળી કયારેક આવીશ.

મં : વારુ, કોઇકોઈ વાર આવતાં રહેજો.

છા : હા...જરૂર. વારુ નમસ્તે. (છાયાદેવી જાય છે. મંજુલ દરવાજા સુધી પહોંચાડી પાછી ફરે છે.)

મં : (સ્વગત) છાયાદેવી! બાપુજીની બહુ જ પાસે આવવા છતાં યે બહુ જ દૂર! (સિ-તારનેઉઠાવી)સોમલા...!(સોમલાનોપ્રવેશ)

મં : સોમલા આ લઈ જા; જો સંભાળજે. (ઉતાવળે ડૉ. શેખરનો પ્રવેશ.)

શે : (આવતાં જ) મંજુલ, હું જલદી જ આવી ગયો. આજે મારું મન જ ન માન્યું. 'સ્ટડીસર્કલ'ને કંઈક કહીને જ આવતો રહ્યો. બસ બેચાર વાતો બતાવી દીધી. વધારે કહી જ ન શકયો. તને મૂકીને ગયો હતો ને? (ઍપ-રૅટસ તરફ જોતાં) અરે? આ બલ્બ કેવી રીતે સળગ્યો? શું તું ઍપૅરૅટસ જોતી હતી? (જઇને બલ્બ ઑફ કરી દે છે.)

મં : હા, અમસ્તી જ જોતી હતી. મને તો કંઈ સમજણ જ ન પડી.

શે : વારુ, મારા જવા બાદ કોઈ આવ્યું તો ન હતું ને?

મં : હા, આવ્યાં હતાં છાયાદેવી.

શે : (આશ્ચર્યથી) છાયાદેવી?!

મં : હા, છાયાદેવી. મારી સિતાર સાંભળી-ને આવેલાં.છમહિનાથીમને જોઈ નહતી એટલે મળવા આવેલાં. મેં એમને તમે આવો ત્યાં સુધી થોભવા કહ્યું પણ એ ન રોકાયાં.

શે : તું સિતાર...સિતાર વગાડતી હતી?

મં : હા.બીજું શું કરું બેઠીબેઠી? પરંતુ તમને એમાં આશ્ચર્ય શાનું થાય છે?

શે : મંજુલ...! મંજુલ...!

મં : શું બાપુજી?

શે : છાયાદેવી? છાયાદેવી તો બે મહિના પહેલાં મરણ પામી છે!

મં : (આશ્ચર્યથી વિહ્વળ થતાં) મરી ગઈ છે?

શે : હા, તું તો બહારગામ હતી. તને શી ખબર એને ટાઇફૉઈડ થયો હતો.

મં : (દુ:ખ અને આશ્ચર્ય) મરી ગયાં?

શે : હા બિચ્ચારી..

મં : તો પછી અહીં કેવી રીતે આવી શકે?

શે : બીજું કોઇ તો નહોતું આવ્યું?

મં : શું હું છાયાદેવીને નથી ઓળખતી? આ ટેબલ પર એમનું ચિત્ર સેંકડો વાર પડયું રહે છે. એમને મળી છું યે ઘણી વખત.

શે:(વિચાર કરતાં કરતાં)છા..યા..દે..વી..!

મં : પરંતુ મર્યા બાદ એ અહીં કેમ આવે?

શે : (ઍપૅરૅટસ તરફ જોતાં) આના જ સહારે. આ જે લીલો બલ્બ છે તે પ્રેતાત્માને પોતાના તરફ ખેંચે છે. એનાથી જ ખેંચાઈને છાયાદેવીનું સૂક્ષ્મ શરીર આવ્યું ને 'ઍપૅરૅટસ' થી એને મનુષ્યનો આકાર મળી ગયો, ને વળી પ્રેતાત્માને સંગીત બહુ ગમે છે. તારી સિતાર સાંભળી એ સીધી ઓરડામાં આવી ગઈ.

મં : (ગભરાઇને) તો શું મેં પ્રેતાત્મા સાથે વાત કરી? છાયાદેવી સાથે નહિ?

શે : હા, છાયાદેવીના પ્રેતાત્મા સાથે.

મં : (ગભરાઇને વિચારતાં) ઓહ! તો... તો...હું પણ મરી!

શે : (સમજાવતાં) બેટી, કેવી વાત કરે છે? તું કેવી રીતે મરી શકે છે?

મં : (વિચાર કરતાં) છાયાદેવીના પ્રેતાત્મા-એ કહ્યું હતું કે ચાર મહિના બાદ એ મને લઇને હૃષીકેશ જશે. એટલે મારું મૃત્યુ નક્કી ચાર મહિના બાદ થશે જ, બાપુજી! હું પણ મરી જઈશ! (ગળું ભરાઈ આવે છે.)

શે : (મંજુલને ટેકો દેતાં) દીકરી, તું નહિ મરી શકે.

મં : (શિથિલ થઇ) બાપુજી, હું પણ... અરેરે મરી...જઈશ!

શે : (દુ:ખી સ્વરમાં) ઓહ,મંજુલ...! મં-જુલ...! (અચેત મંજુલને સંભાળીને આરામ-ખુરશી પર સુવડાવી દે છે) આહ, આ શું થઇ ગયું! મારી શોધનું જ આ દુ:ખદ પરિણામ છે! મંજુલ...! મારી મંજુલ...! (અત્યંત વિહ્વળ થઇ સોમલાને બોલાવે છે) સોમલા...!

શે : (સોમો આવતાં) તું કયાં હતો?

સો : સાહેબ, અંદર હતો. બહેને હુકમ દીધો હતો. બહેન અત્યારથી સૂઈ ગઈ?

શે: વિનય ક્યાં છે ?

સે: બહારના ઓરડામાં છે.

શે: એને અત્યારે જ અહીં બોલાવી લાવ.

સે: જી.

શે: મંજુલ બેહોશ થઈ ગઈ.(વિચાર કરતાં) હવે એનું આખુ જીવન ભય અને કલ્પાંતમાં જ વીતશે......ને એ સાચેસાચ ચાર મહિના બાદ નહિ રહે. (વિચાર કરતાં માથું પકડી) આહ...મારી મંજુલ...! તને મારા જ કારણે આ દુ:ખ...ચાર મહિના બાદ...ફક્ત ચાર મહિના બાદ! પછી મારા આદર્શોની રક્ષા હું કેવી રીતે કરીશ ? મારી મંજુલ...! છાયાદેવી, તું અહીં શા માટે આવી ? તેં મંજુલ સાથે શા માટે વાત કરી ? (ઑલિવર લૉજની એક ચોપડી કાઢી ઝડપથી પાનાં ફેરવી ખોલી વાંચે છે) ધ સ્પિરિટ મસ્ટ બી કૉલ્ડ ઇન વ્હેન ઍનીથિંગ કનેક્ટેડ વિથ ઇટ કમ્સ ટુ પાસ. (વિનય ઉતાવળે પ્રવેશે છે)

વિનય: આપે મને બોલાવ્યો ?

શે: હા. હું 'સ્પિરિટ કૉનટૅક્ટ' કરું છું.'ઍપૅરેટસ'નો ફેસ સધરલી ડાયરેક્શનમાં કરો અને મારા ઊભા રહેવાનાં પૅડસ્ટલને ઈસ્ટર્ન ડાયરેક્શનમાં.ઓરડાનું ટેમ્પરેચર ૬૦F.કરો. મારો વાદળી ઓવરકોટ મારી પાસે મૂકો.

વિ: જી.

શે: ઓરડામાં અગરબત્તી સળગાવો. અને ઍપૅરેટસ ઇંડિકેટર સામે ફૂલદાની મૂકો. (વિનય ક્રમશ: ઍપૅરેટસ અને અન્ય વસ્તુઓ ઠીક કરે છે અને ડૉ. શેખરે કહેલી ચીજોને વ્યવસ્થિત રીતે સજાવે છે. શેખર આ સમય દરમિયાન ચોપડી વાંચવામાં લીન છે.)

શે: પ્લસ ઍન્ડ માઈનસ કૉનટૅક્ટ પૉઇન્ટ્સ અત્યંત પાસે કરો ને ઈંડિકેટિંગ બૅંડ શૂ હૉર્નના રૂપમાં કરો.

વિ: જી.

(ડૉ. શેખર પાછા ચોપડી વાંચવામાં મશગૂલ થાય છે. વિનય કપાએલા અક્ષરો બલ્બની સામે મૂકે છે અને બલ્બની સામે Chhaya દૃષ્ટિગત થાય છે.

શે: બધું બરાબર થઇ ગયું ?

વિ: જી.

શે: તો તું જા અને જો કોઇ અહીં આવે નહિ.

વિ: જી (જાય છે.)

શે: (ઊઠીને વાદળી કોટ પહેરે છે. પછી મંજુલની સામે જઈ એને 'પાસ' દેતાં) મંજુલ! તું હવે વધુ ગાઢ નિદ્રામાં સૂઈ જા.

(બે ત્રણ 'પાસ' આપી દે છે. પછી મંજુલના માથા નીચેનો તકિયો ઠીક કરે છે અને પછી ઍપૅરેટસની પાસે આવી સ્વિચ ઑન કરે છે. લાલ બલ્બ સળગી ઊઠે છે; એના પછી લીલો બલ્બ. ટ્યૂબમાં તરલ પદાર્થ ઝડપથી સળગી ઊઠે છે. બીજી સ્વિચ ઑન કરે છે. એક બીજો લાલ બલ્બ સળગે છે. પીળા રંગનો તરલ પદાર્થ ટ્યૂબમાં ઊઠવા માંડે છે. પછી ચક્રાકાર થઈ ટ્યૂબમાં ફરવા લાગે છે. ડૉક્ટર હવે પૅડેસ્ટલ પર ઊભા રહે છે. બધો પ્રકાશ ઓલવાઇ જાય છે ને ફક્ત ઍપૅરેટસમાં લીલો અને લાલ પ્રકાશ દેખાય છે. ડૉ. શેખર આંખો બંધ કરે છે અને બોલે છે:)

શે:(ધીરેધીરે)પ્રિય પ્રકાશના અનંતસમૂહ, હું પ્રાર્થના કરું છું. મને શક્તિ આપો કે તમારું હું સ્વાગત કરી શકું...મારી સમીપ આવો, જેનાથી હું અનુભવ કરું કે તમારું આવવું મારા માટે મંગલમય છે...અંધકારના ગહન રહસ્યને ચીરીને...મારીસામે આવો કે જેનાથી હું પણ પ્રકાશમય થઈ જાઉં. વાદળાંઓને ખસેડીને આવો. તારાઓનાં કિરણો પર પગ મૂકીને ધીરેથી ઊતરો કે જેથી હું સમજી શકું કે પ્રકાશમાં ને તમારામાં કાંઈ ફરક નથી. મારા યંત્રમાં સાકાર થઇને મારી સામે આવી જાઓ.

હું પણ સ્થૂળ શરીરમાં સૂક્ષ્મ શરીર છું ને તેથી તમારી સાથે વાર્તાલાપ કરી શકું છું. મેં તારી જ્યોતિ ને શક્તિ ધારણ કર્યાં છે. મારા પર શ્વેત પ્રકાશની વર્ષા થઈ રહી છે ને મારા રોમેરોમમાં વ્યાપી પ્રકાશથી ભરી રહી છે.

જીવિત અગ્નિનાં ચક્રો મારી ચારે ય તરફ ફરી રહ્યાં છે, જેથી સૂક્ષ્મ શરીર આકર્ષિત થઈ શકે છે, પરંતુ મારામાં પ્રવેશ નથી કરી શકતું.

મારો આ હાથ ઉત્તર ધ્રુવની જેમ ઉજ્જ્વલ છે કે જેનાથી હું તમોને બોલાવું છું. હું નિદ્રા જેવી શાંત સમાધિમાં છું. મારો આત્મવિશ્વાસ છે કે હું પવિત્ર અને શોકરહિત છું. ...પ્રકાશમયી દેવી છાયા! તમે આવી રહ્યાં છો, આવી રહ્યાં છો...

(થોડી વાર શાંતિ છવાઈ રહે છે. પછી દરવાજા પર અવાજ થાય છે. પછી છાયાદેવી પહેલાંની જ શ્વેત વેશભૂષામાં પ્રવેશ કરે છે. એમની મુખમુદ્રા વધુ ગંભીર છે. ડૉ. શેખર ધીમેધીમે પોતાના પૅડેસ્ટલ પરથી નીચે ઊતરે છે.)

શે: મારા તમને નમસ્કાર હો, છાયાદેવી! (છાયાદેવી સ્વીકારાત્મક માથું હલાવે છે.)

શે: (દૃઢતાથી) હું અહીં સત્ય સિવાય કોઈ બીજો અનુભવ નહિ થવા દઉં. તું સાચું જ કહીશ; તું છાયાદેવી છે ?

છા: હા.

શે: શ્રીમતી છાયાદેવી છો, જેનું મૃત્યુ બે મહિનાં પહેલાં જ થયું હતું ?

છા: હા ડૉક્ટર, તમે મને ઓળખો છો; તમને ઉષ્ણતાની એક લે'ર અડેલી માલૂમ પડી હશે: હું છાયાદેવી છું.

શે: હા, ઉષ્ણતાની લે'રનો મેં અનુભવ કર્યો. સ્વર્ગની દેવીને પ્રણામ હો.

છા: એ અસત્ય છે; હું અંતરિક્ષમાં છું.

શે: ક્ષમા કરો. તમને મારા યંત્રથી કષ્ટ તો નથી થયું ને ?

છા: ના, પણ વારંવાર આવવું ગમતું નથી.

શે: આ સમયે થોડુંક વધારે કષ્ટ સહન કરી લો. હું થોડી વાર વાતો કરું ?

છા: વધારેમાં વધારે અરધા મુહૂર્ત સુધી.

શે: અર્થાત્ ૪૫ મિનિટ ?

છા: એથી વધુ કોઈ પણ રીતે નહિ.

શે: મારો તાપક્રમ ઋણ છે, તારો ધન છે. વાતો કરી શકીશ ?

છા: હા.

શે: ખુરશી પર બેસવાની તસ્દી લેશો ? (છાયા દેવી હસે છે)

શે: તું હમણાં અહીં આવી હતી ?

છા: હા.

શે: કેવી રીતે આવી હતી ? મેં આખો પ્રયોગ તો નહોતો કર્યો ?

છા: શુક્રતારાની જેમ માત્ર લીલા બલ્બનું નિમંત્રણ મારા માટે પર્યાપ્ત હતું...સિતારનું સંગીત મારા માટે પર્યાપ્ત હતું...મંજુલનું ત્યાં રહેવું મારા માટે પર્યાપ્ત હતું.

શે: તેં મંજુલ સાથે વાત કરી હતી ?

છા: હા.

શે: તેં મંજુલને શા માટે કહ્યું કે ચાર મહિના બાદ તું એને હૃષીકેશ લઈ જઈશ ?

છા: તમને દંડ દેવા ?

શે: શું હજી તારી પ્રતિહિંસા નથી ગઈ ?

છા: તમને તમારાં કાર્યોનો પૂરો પુરસ્કાર મળવો જોઇએ ને ? તમે મારા પ્રેમને ઠોકરે માર્યો...તમે મને વચન દઇને ય મારી સાથે લગ્ન ન કર્યાં. હું કંઈ ન કરી શકી. વનમાં લાગેલી આગમાં જમીન પર પડેલી લતાની જેમ બળતી રહી. પરંતુ તમે એક ટીપું પાણી પણ ન નાખ્યું. તમે મને સ્વપ્નાની જેમ હસીને ટાળી દીધી અને ઊંઘનાં અંધારામાં હું તડપતી રહી. તમે, ડૉક્ટર, આખા સંસારના માટે ઉપકારી હોવા છતાં મારા એક પર ઉપકાર ન કરી શક્યા.

શે: હું અસમર્થ હતો, છાયા!

છા: ચૂપ રહો, ડૉક્ટર! એ દિવસે તમે મને શું કહ્યું હતું? 'છાયા, હું તારી છાયાની પણ પૂજા કરીશ.' પરંતુ તમે મારા શરીરની ત[illegible] જોઈ પણ ન શક્યા. તમે ફૂલોની માળા તે દિવસે મને પહેરાવી હતી, પણ પછી તમે ક-

દાચ એ ન જોયું કે માળા સુકાતાં પહેલાં જ હું સુકાવા લાગી હતી.

શે : હું શું કરત છાયા...? તે દિવસે—તને મળવાના બીજે દિવસે જ મારા મિત્રના મૃત્યુના સમાચાર આવ્યા. હું મારા મિત્રને મારા કરતાં ય અધિક ચાહતો હતો. એ મિત્રની વિધવા પત્ની અને પુત્રી મંજુલના પોષણનો ભાર મેં મારા પર લીધો. મને લાગ્યું કે તારી સાથે લગ્ન કરવાથી હું મારા મિત્રની વિધવા પત્નીની સેવા નહિ કરી શકું. એ મિત્રના પરિવારમાં બીજું કોઈ ન હતું. પછી હું શું કરત, છાયા! એ વિધવા સ્ત્રી, સ્વર્ગની દેવી કરતાં યે વધુ પવિત્ર. મારી સેવા એ સ્વીકારી શકી એ શું મારા માટે સર્વોત્તમ સુખની વાત ન હતી? આ મંજુલ મને મારા પ્રાણથી યે અધિક પ્રિય છે. પોતાના પ્રિયતમ મિત્રની સ્મૃતિરેખા—મંજુલ! જે ચાર મહિના બાદ મરવાની છે.

છા : પરંતુ તમે મારા સંસારમાં આગ લગાવી દીધી. ડૉક્ટર, તમે ક્યારે ય સ્ત્રીના હૃદયનો તાગ ન મેળવ્યો કે એ પ્રેમ કરતી વખતે સમુદ્રથી યે વધુ ઊંડી અને ગંભીર થઇ જાય છે, અને નિરાશ થવા પર આગની જ્વાળા કરતાં યે વધુ ભયાનક, જેની એકએક ચિનગારીથી આખું જીવન જલીજલીને બુઝાય છે; જેથી એને વારંવાર બળવું પડે છે: જાણે હૃદયની પાસે નીકળેલું એક ગૂમડું હોય જે હૃદયની પ્રત્યેક ધડકની સાથે નવું દર્દ આપે. તો પણ હું મૌન રહી, હસતી રહી. પરંતુ તમે એ પણ ન સમજ્યા કે છાયા એ માટે હસી રહી છે કે એના જીવનનો સૂરજ આથમી રહ્યો છે. મારા જીવનના એ દિવસો મારા મૌન રહેવામાં, અંધારાના જેવા ભયાનક થતા હતા. અને ડૉક્ટર, હું વધુ દિવસ સુધી જીવતી ન રહી શકી.

શે : એ જૂની વાતોને ભૂલી જા, છાયા...!

છા : હવે તો કંઈ બાકી નથી રહ્યું. એ વાતો સ્વપ્નાં જેવી લાગે છે. પણ જેવી રીતે ભયાનક સ્વપ્નું જોયા પછી ઉદાસી રહી જાય છે એવી જ રીતે હજુ મારા મનમાં કાળો ડાઘ પડેલો છે. જેવી રીતે નદીનું પૂર ઊતરી જવા બાદ કિનારાની માટી ધોવાઇને વાંકીચૂંકી થઈ જાય છે, તૂટીફૂટી જાય છે, એવી મારી ભાવના થઇ ગઈ છે. ભરતીની લહરો ચાલી ગયા બાદ કિનારાની માટી પર જેવાં ચિહ્ન અંકાઈ રહે છે તેવી જ રીતે મારી પાસે આજે ય તમારી સ્મૃતિરેખા છે, ડૉક્ટર!

શે : મેં તારી સાથે લગ્ન ન કર્યાં છાયા, કેવળ એક પવિત્ર ઉદ્દેશ માટે! પોતાના જીવનની સમસ્ત સેવાઓનો એક પવિત્ર સ્મૃતિમાં ઉત્સર્ગ કરવા માટે!

છા : ઇંદ્રધનુષ્ય બનવાની પહેલાં જ તોફાન આવી ગયું. પરંતુ તમે કમજોર હતા, ડૉક્ટર! તમે તમારાં મિત્ર-પત્નીની સેવા પણ કરી શકત અને કોક પીડિત હૃદયની સાથે પ્રેમ પણ. મનુષ્ય શું નથી કરી શકતો? એ સૂરજની જેમ ઉષ્ણતા પણ પહોંચાડી શકે છે અને પ્રકાશ પણ. પરંતુ તમે ફક્ત એક ચિનગારીની જેમ ઉષ્ણતા આપીને એક કાળા કણની જેમ નીચે પડી ગયા...તમે પ્રકાશ ન આપી શક્યા, ડૉક્ટર! મારી પાસે તમારા પૂર્વજન્મનું ચિત્ર પણ છે. જેમાં તમે મારી સાથે લગ્ન કર્યાં હતાં એ જ સગાઇએ મેં તમને પ્રેમ કર્યો. પરંતુ...

શે: હું અપરાધી છું, છાયા... મને ક્ષમા કરો!

છા : હવે ક્ષમા ચાહો છો? અને પહેલાં? પહેલાં સેવાના વ્રતમાં શું આત્મ-પ્રશંસાના ભૂખ્યા ન હતા? ચોરની જેમ તમે શું મારી પાસેથી ભાગી નહોતા ગયા? મારી સાથે જો લગ્ન નહોતા કરી શકતા તો એક વીરની જેમ લીધેલા વચન માટે પશ્ચાત્તાપ તો કરવો હતો! પરંતુ તમે તો મારી સામે જ જોયું નહિ. જાણે હું તમને મૃગજળની જેમ દગો દેત!

શે : ના છાયા! મને ડર હતો કે ક્યાંક તારા તરફ જોઈ હું મારા સેવાવ્રતથી ડગી તો નહિ જાઉં? હું મારા મિત્રની પત્ની તરફ ઉદાસીન તો નહિ થઈ જાઉં!

છા : તો તમે કાયર પણ હતા, એમ કેમ નથી કહેતા કે તમારામાં આશંકાઓ પણ હતી અને ડર પણ. સાહસ પણ ન હતું કે તમે મારી સામે જોઈ સ્પષ્ટ વાત કરત! કાચને તોડી તોડી એના ચૂરો થએલા ટુકડાઓને ઉઠાવી તો લેવા હતા! સમજત કે ભૂલથી કાચ તૂટી ગયો છે, અને એ તૂટેલા કાચ સાથે તમને કંઈક અનુરાગ પણ છે. પરંતુ તમે મને ઊંચા શિખર પરથી પછાડીને એ પણ ન જોયું કે હું કેટલે નીચે પડું છું. અ-સહાય થઈ તૂટતા તારાની જેમ ક્યાં જાઉં છું...ક્યા પથ્થર તરફ ચૂરેચૂરા થવા જાઉં છું? સ્ત્રીના હૃદયમાં આગ લગાવી ત્યાગનું નિર્મળ જળ પીતાં તમને શરમ ન આવી? તમને ક્યાં ખબર હતી કે એ જળમાં મારાં કેટલાં આંસુઓ મળેલાં છે?

શે : હું નહોતો જાણતો દેવી, કે તમારો પ્રેમ આટલી સીમા સુધી પહોંચી ગયો છે.

છા : સ્ત્રીના સાચા પ્રેમની સીમા નથી જાણતા અને મૃત્યુનું રહસ્ય શોધવામાં પડ્યા છો? ક્યારેક મારા રહસ્ય તરફ પણ નજર કરતે...પરંતુ કરોળિયાની જેમ ગોળગોળ જાળ વણી વચમાં બેસી પૃથ્વીની ગોળાઇ નથી જોઈ શકાતી. આગિયાના જીવનની ચિનગારીથી જ્વાળામુખીની આગ કલ્પી નથી શકાતી! ડૉક્ટર, તમે ન સમજી શક્યા કે સ્ત્રીની નિરાશાના અંધકારમાં જ એક જ્વાળામુખી સંતાએલો હોય છે, અને એ જાગ્યા પછી સ્ત્રીને આગ સિવાય કંઈ જ દેખાતું નથી.

શે : હું ધારતો હતો, દેવી, કે તને મારા વ્રતથી સંતોષ થશે. આજન્મ અવિવાહિત શેખર તરફ તું કરુણા અને સુખ પ્રકટ કરીશ. પરંતુ મારા આત્મબલિદાનની કાંઈ કિંમત ન રહી. મેં મારું સારું ય સુખ અને સારો ય આનંદ એક દેવીનાં પવિત્ર ચરણોમાં મૂકી દીધો, પણ એનો કાંઈ અર્થ ન નીકળી શક્યો! મિત્રની પત્નીમાં મેં માની છાયા જોઇ અને મંજુલમાં પુત્રીની. શું આ વિષમતામાં મારું જીવન વ્યર્થ સમજ્યું જાય? મંજુલને ખબર જ નથી કે એના પિતામાં અને મારામાં શો ફરક છે. પરંતુ મંજુલનું સુખ મારા જીવનનો મોટામાં મોટો આદર્શ છે. એને માટે હું બધું કાંઈ કરી શકું છું, અને હું તો ત્યાં સુધી કહું છું કે મારા મિત્રની પુત્રી મંજુલના સુખને માટે એક વખત પરમેશ્વરની પૂજાને ઠુકરાવવી પડે તો એને માટે પણ તૈયાર છું. એ મારુ વ્રત છે, એ મારી તપસ્યા છે, મારું સર્વ કાંઇ એ જ છે.

છા : એ બધું તો તમે કર્યું, પરંતુ એક નિરપરાધ જીવનને તમે એમ ને એમ બળતું મૂકી દીધું. જલતાંજલતાં મારાં આંસુઓની નદી બની ગઈ. પણ ડૉક્ટર, હવે હું વિશેષ નથી કહેવા માગતી. માત્ર એક વાત: કે હવે મને તમે બોલાવવાની તકલીફ લેશો નહિ. મને મારા જ સંસારમાં રહેવા દો. વારંવાર તમારી પૃથ્વીનો સ્પર્શ મારી શાન્તિના સ્વર્ગને નરક સમાન બનાવી દે છે.

શે : હું એ માટે તૈયાર છું. પરંતુ દેવી, મંજુલનું જીવન નષ્ટ ન થવા પામે. ચાર મહિના બાદ પણ એ જીવતી જ રહે, અને એના મગજમાંથી એ વાત જ નીકળી જાય કે થોડા સમય પહેલાં તેં એને ચાર મહિના બાદ હૃષીકેશ લઇ જવાનું કહ્યું હતું. જેવી રીતે કંઇ થયું જ ન હોય. પુનર્જન્મમાં જેવી રીતે મનુષ્ય પાછલા જન્મની વાતો ભૂલી જાય છે તેવી જ રીતે મંજુલ પણ તારી વાતો ભૂલી જાય.

છા : ડૉક્ટર, હું એ નહિ કરી શકું.

શે : દેવી, તું બધું જ કરી શકે છે. હું પ્રાર્થના કરું છું. તારી ઇચ્છાના તરંગો વાયુ બનીને મંજુલના શ્વાસ દ્વારા એના મસ્તકમાં પહોંચશે અને એના મૃત્યુના વિચારો લઈ બીજી જ ક્ષણે બહાર આવી જશે.

છા : હું એમ નહિ કરી શકું, ડૉક્ટર!

શે : હું ભિક્ષા માગું છું, દેવી! દેવી, હું ભિક્ષા માંગુ છું.... (આગળ વધે છે)

છા : ડૉક્ટર, ત્યાં જ રહો, તમારી સીમાથી આગળ ન વધો. હું તમારા સંસારની સ્ત્રી નથી. મને તમે અડી શકતા નથી; અડવાનું પરિણામ બહુ ભયંકર આવશે.

શે : વારુ. આગળ નહિ વધું. પરંતુ મારી પ્રાર્થનાનો સ્વીકાર તો કરો.

છા : ડૉક્ટર, થોડાંક વર્ષો પહેલાંની વાત યાદ કરો. મેં તમને પ્રાર્થના કરી હતી અને તમે મારો તિરસ્કાર કર્યો હતો. આજે તમે પ્રાર્થના કરો છો. બોલો, હું તમારો તિરસ્કાર કરું? સંયમની જંજીરમાં જકડાએલા એ સંન્યાસી! બીજાના હૃદયને બાળવું એ પણ પાપની પરિભાષામાં આવી શકે છે. એ પાપનાં પરિણામ જોવાની શક્તિ શું તમારામાં નથી?

શે : મોટી પરીક્ષા ન લો, દેવી! મંજુલનું મૃત્યુ જોવાની શક્તિ મારામાં નથી.

છા : જેવી રીતે મારું મૃત્યુ જોવાની શક્તિ તમારામાં હતી તેવી જ રીતે મંજુલનું મૃત્યુ જોવાની શક્તિનું આવાહન કરો.

શે : છાયા, તું સાચે જ એવું કરવા ચાહે છે તો પછી હું એવા સ્વર્ગીય આત્માઓનું આવાહન કરીશ કે તારે નષ્ટ થવું પડશે. મારા 'આરાધ્ય', મને શક્તિ આપો કે હું છાયાને નષ્ટ કરી શકું. તારે નષ્ટ થવું પડશે, છાયા!

છા : શું કહ્યું ડૉક્ટર? ફરીથી બોલો જોઈએ; એ વાક્યને ફરીથી મોં પર લાવો જોઈએ? આત્માઓ નથી નષ્ટ થતા કે નથી પેદા થતા. હું નષ્ટ નથી થઈ શકતી. તમારી સાથે યુદ્ધ કરવાથી તમારી હાર થશે એ હું જાણું છું; તમારાં આ બધાં ય યંત્રો નષ્ટ થઈ જશે; તમે ય નાશ પામશો. અને જુઓ, તમે તમારી સીમાથી બહુ જ આગળ વધી રહ્યા છો. મૃત્યુના રહસ્યને કોઈ નથી જાણી શક્યું, પરંતુ તમે તમારા પરિશ્રમથી ઘણું બધું જાણી લીધું. આ રહસ્ય સંસારનાં માનવીઓ માટે નથી. ઈશ્વરે મૃત્યુને મનુષ્યજીવન બાદ એ માટે બનાવ્યું છે કે સંસારનું જીવન જીવન રહે.

શે : પરંતુ હવે હું થોભી શકું તેમ નથી.

છા : થોભવું જ પડશે. તમારી શોધનું જ એ પરિણામ છે કે મંજુલ પોતાના મૃત્યુની વાત જાણી શકે.

શે : ઓહ, મંજુલનું મૃત્યુ! બચાવો, દેવી, એને બચાવો!

છા : તમે મંજુલ માટે સત્ર કાંઈ કરી શકો છો?

શે : હા સર્વ કાંઈ. મારા જીવનનાં બંધન પણ તોડી શકું છું.

છા : તો પહેલાં આ યંત્રને તોડી નાખો! (તીવ્ર દૃષ્ટિથી જુએ છે)

શે : (ચોંકીને) હેં, આ યંત્ર તોડું? મારા જીવનની આખી સાધના... સારી યે તપસ્યા.. ના... ના... દેવી, એ મારાથી નહિ થાય.

છા : તો મંજુલનું મોત નિશ્ચિત છે. હું નથી ચાહતી કે તમે આત્માઓના સંસારમાં પણ તોફાન જગાવો; મૃત્યુના પડદાને ફાડી તમે આગે કદમ બઢાવો. તમે ત્યાં જ રહો, જ્યાં સુધી રહેવાનો તમને અધિકાર છે. ને તમારે તમારા જીવનની બધી ય સાધનાઓ ભૂલી જવી પડશે. બોલો, મંજુલના જીવન ને તમારા યંત્રમાં તમને કોણ અધિક પ્રિય છે?

શે : જો એ જ છે તો મંજુલનું જીવન, દેવી!

છા : તો તમારું યંત્ર નષ્ટ કરો.

શે : ઓહ... યંત્રનો નાશ કરું? વારુ મંજુલના જીવન માટે એ પણ કરીશ... નક્કી કરીશ. મારું યંત્ર તોડી નાખીશ. (યંત્ર તોડવા આગળ જાય છે ને થોભે છે) ના દેવી! મને આ દંડ ન આપો, દેવી મને આ દંડ ન આપો; મારા જીવનની બધી સાધના...

છા : વીર પુરુષની જેમ સજા સ્વીકારો. ડૉક્ટર! યંત્ર તોડી નાખો.

શે : તોડી નાખું?... વારુ તોડી નાખું છું. (થોભી જાય છે.)

છા : શક્તિશાળી ડૉક્ટર...! મંજુલના લાંબા જીવન માટે યંત્ર તોડી નાખો!

શે : (મોટેથી બૂમ પાડીને) મંજુલના લાંબા જીવન માટે... (યંત્ર પર પ્રહાર કરે છે. યંત્ર તૂટી જાય છે. છાયાદેવી પણ દેખાતી નથી.)

શે : (બૂમ પાડતાં) છાયા...છાયા...(કાંઈ જવાબ ન મળતાં શેખર સ્વિચ ઑન કરે છે, અજવાળું થાય છે ને મંજુલ જાગે છે.)

મં : (આંખ ચોળતાં)... બાપુજી!

શે : મંજુલ!

મં : (ઊઠીને) બાપુજી, ઊંઘ આવી ગઈ હતી. (શેખર નિરુત્તર રહે છે.)

મં : બાપુજી... બોલતા કેમ નથી? નારાજ થઈ ગયા...?

શે : (ગંભીરતાથી ભારે સ્વરમાં) ના... મંજુલ.

મ : વારુ, અગર મારા ઊંઘી જવાથી આપ નારાજ થતા હો તો હું રાત્રે ય નહિ સૂઉં. પરંતુ તમારે મને સારીસારી વાત સંભળાવવી પડશે.

શે : ને કદાચ હૃષીકેશ ચાલી ગઈ તો?

મં : હું મારા બાપુજીને છોડીને હૃષીકેશ શા માટે જાઉં? હું તો હમેશાં તમારી પાસે અહીં જ રહીશ.

શે : તને કોઇએ હૃષીકેશ લઈ જવાની વાત કરી હતી?

મં : મને? (વિચાર કરે છે) મને કોણ કહે? કદાચ તમે મને તમારાથી દૂર કરવા ચાહો તો જુદી વાત છે.

શે : ઓહ...! મારી મંજુલ...(મંજુલને છાતીએ વળગાડે છે.)

મં : (તૂટેલા ઍપૅરૅટસ તરફ જોતાં) અરે, આ કોણે તોડયું, બાપુજી?

શે : (ગંભીરતાથી) મેં.

મં : આપે? અરે આપ તો એનો એક વાલ્વ પણ આઘોપાછો નહોતો થવા દેતા ને આપે કેવી રીતે તોડયું?

શે : મેં તોડી નાખ્યું મંજુલ, મેં. હવે કોઇ શોધ નહિ કરું. હવે હું ને મારી દીકરી મંજુલ!

મં : બાપુજી...

શે : મંજુલ... (બન્ને એક બીજા તરફ વધે છે. પડદો પડે છે)

સુભાષિત

·અનુષ્ટુપ·

कश्चिदाश्रयसौन्दर्याद्धत्ते शोभामसज्जनः।
प्रमदालोचनन्यस्तं मलीमसमिवाञ्जनम्॥

(અનુવાદ)

લહી આશ્રય શોભાનો બને દુર્જન સુંદર,
કામિની લોચને જેમ બેસીને શ્યામ અંજન.

[વિવરણ : બીજાની સુંદરતાનો-કે ગુણનો ઓથ લઇને સુંદર કે સદ્ગુણી બનવા મથનાર ખટપટી માણસને આ શ્લોકમાં સુંદર સ્ત્રીના નયનને આશરે જઈ શોભતા કાજળની સાથે સરખાવીને કવિએ દુર્જનસ્વભાવનું તેમજ સૌંદર્યનું બંનેનું એકીસાથે સરસ પૃથક્કરણ કર્યું છે. અને બોધ આપ્યો છે કે કાજળને તથા દુર્જનને સુંદર ન ગણતાં તેમના આશ્રયને જ સુંદર ગણવો. વિવેકબુદ્ધિની કુશાગ્રતા જ જીવનસંગ્રામમાં સફળ બનાવે છે તે વિચારને, કલામય રીતે વણી લેતા આ સુભાષિતનું ઉપમાસામર્થ્ય પણ ઊડીને આંખે વળગે તેવું છે. **—ચંદ્રશંકર પંડ્યા**]

.....

વીજળીવાળો : (પોતાના સાથીદારને) 'જો તો પેલા બેમાંથી એક તાર પર હાથ મૂકી જો તો.' સાથીએ એના કહ્યા પ્રમાણે કર્યું.

'કેમ કંઈ થાય છે?'

'ના.'

'સારું. મારે એ જ જોવું'તું. જો હવે બીજાને અડતો નહિ; નહિ તો મરી જઈશ.'

ડૉ. જેમ્સ કઝિન્સ (અનુ. પૃ. ૧૩૦થી) વિષે ઊડતા વિચારો મળતા હતા. કેટલાક વ્યાખ્યાતા કિપ્લિંગની કવિતાની કડીઓ બોલતા ને હિંદુસ્તાનના 'ધર્મવિહીનો' માટે મિશનો મોકલવા શિલિંગનું દાન પેટીમાં નાખવા કહેતા. બાઇબલ લખનારને પોતાને કૈંક દર્શન થયું હતું એ નક્કી, પણ તેનો ઉપદેશ કરનારા તો દંભી હતા. બે હજાર વર્ષ પહેલાંના ગ્રંથમાં જ માત્ર સત્ય પડેલું છે એમ તેમને લાગતું. મને તો તે સર્વત્ર દેખાતું, પ્રતિપળે દેખાતું. આથી અનેક વિરોધી તત્ત્વો વચ્ચે મનની શાંતિ મળી રહેતી.

એક વાર દૂરનો પ્રવાસ કરીને એક વેપારી વહાણ બંદરમાં આવ્યું. તેનો કેટલોક માલ મારા શેઠિયાઓની આડતનો હતો તે બીજા વહાણમાં ફેરવવા હું બંદર ઉપર ગયો. આવેલા માલની નોંધ મેળવવા એ વહાણની પેઢી ઉપર હું ગયો. નોંધ આપનાર કારકુન, હું નોટમાં ઉતારતો હતો ત્યારે, બહુ ધીમેધીમે બોલતો હતો તેને મેં વધુ ઝડપથી લખાવવા કહ્યું. તેણે ચકિત થઈ મારી નોટમાં જોયું અને બોલ્યો, 'અરે છોકરા! તું તો લઘુલિપિથી લખી લે છે! તેં લખેલું મને વાંચી બતાવ જોઇએ!' મેં તે વાંચી બતાવ્યું એટલે કાંઈક સૂઝ્યું હોય તેમ તે બોલ્યો, 'તારે નવી નોકરી જોઇએ છે?'

મેં કહ્યું, 'હું હાલ છું ત્યાં ઠીક છું; પણ મારી માને પૂછી જોઈશ.'

'જરા ઊભો રહે' કહી તે અંદર જઇને પાછો આવ્યો: 'જો, મિ. ડૅન એકાદ વરસમાં શહેરના મેયર થવાના છે. તેમને એક સેક્રેટરીની જરૂર છે. તો અંદર આવીને તેમની સાથે થોડી વાત કર.' અંદર જઇને મેં મિ. ડૅન ઉર્ફે ડૅનિયલ ડિક્સન–એક જંગી વહાણવટાની અને ઈમારતી લાકડાની પેઢીના શેઠને જોયા.

એણે આંખોથી મારું માપ લીધું અને સવાલોથી મારી બુદ્ધિ જોઇ લીધી. 'આપણને માફક આવે એવો જ આ છોકરો છે;' તેણે કારકુનને કહ્યું. 'આપણે તેને વરસે ૧૦૦ પાઉન્ડ પગાર આપીશું.' અને પછી મને કહ્યું, 'જા, તારી માને પૂછી જો અને આવતા મહિનાથી કામે ચડી જા.'

મારો પગાર ચારગણો થયો જોઇ મારી માએ ઈશ્વરની કૃપા માની અને હવે ઘર સારા લત્તામાં હોવું જોઇએ એમ વિચાર્યું. નવું ઘર, નવો પોશાક, નવું કામ, એ બધું મારાં સ્વપ્નોની સિદ્ધિસમું હતું. માત્ર રેશમી હૅટ ભાવિના કોઈ સંકેત માટે બાકી રહી!

મારી પત્રવ્યવહારની ચીવટ અને ડૅન સાહેબમાં શુદ્ધ ભાષાનો અભાવ, એ બેનો યોગ થતાં મારા કામમાં માત્ર બીજાના બોલના ઉતારા કરવા કરતાં કંઈક અસામાન્ય કરી બતાવવાની મને તક મળી. લઘુલિપિ અને ટાઈપરાઇટિંગે મને વિશેષતા અપાવી. સુભાગ્યે ડૅન શેઠ અમારી પરસ્પરની આ સગવડ સમજી ગયા. એમને મેયર તરીકે પાર્ટીઓમાં, ક્લબોમાં, સભાઓમાં ને પ્રસિદ્ધ રાજનેતાઓની મુલાકાતોને પ્રસંગે ભાષણ કરવાં પડતાં તેને મઠારી આપનાર કોઈ જોઇતું હતું. તેવા પ્રસંગે મને માત્ર નોંધ કરનાર કારકુન કરતાં મારી શક્તિઓનો વધુ સારો ઉપયોગ કરવાની તક મળતી. એમની સાથે ઘણા મહાન પુરુષોની મુલાકાતો પણ થઈ. બધી તો યાદ નથી, પણ અલ્સ્ટર હૉલમાં લાંબી દાઢીવાળા લૉર્ડ સૅલ્સબરીને ઠસોઠસ મેદની સામે જે બોલતાં સાંભળેલા તે એમના ભાષણથી અસાધારણ સળવળાટ થએલો: 'લોખંડી શાસનનાં વીસ વરસો... ગોળીબાર કરતાં અચકાશો નહિ.' એટલા શબ્દોમાં આયર્લૅંડ તરફની ઇંગ્લંડની નગ્ન પાશવતા ખુલ્લી થઈ જતી હતી. વર્ષોના જુલ્મ અને દબાણ કરતાં પણ આ ભાષણ વડે તેમણે એક જ કલાકમાં ઈંગ્લંડના સેંકડો દુશ્મનો ઊભા કર્યા. એ વખતે સરઘસમાં જતાં એક પ્લૅટફૉર્મ ઉપર ઊંચા કપાળવાળો, સ્મિત કરતો ને સલામો ઝીલતો એક પુરુષ બેઠેલો જોયો હતો. એણે પાછળથી આયર્લૅંડના સેક્રેટરી ઑવ સ્ટેટ તરીકે 'બ્લડી બાલ્ફર'નું નામ મેળવ્યું હતું.

મેયર સાહેબનાં ભાષણો તૈયાર કરતાં હું ઘણું શીખ્યો હતો. બે વર્ષમાં બેલફાસ્ટની વસતિ એક લાખની થઈ ગઈ અને મારા શેઠ મેયર ડૅન 'સર ડૅનિયલ ડિક્સન બૅરોનેટ' થયા. મારે માટે થોડું કામ વધ્યું અને થોડી નવી ઓળખાણો પણ થઇ.

શરીરશ્રમમાં હું ઘર અને નોકરી વચ્ચે સાઇકલ ચલાવતો. મેં શરૂઆત તો કરેલી નક્કર ટાયરવાળી ટ્રાઇસિકલથી! એ ત્રણ પૈડાંને સહારે મેં એક વાર ૯૦ માઈલની રખડપટ્ટી કરી, તેમાં મારી નબળી તબિયતે લતાડ ખાતો. માની શિખામણે લીંબુનું ગરમ પાણી પી, આખો રવિવાર પથારીમાં કાઢયો અને મૃત્યુને ઠેલ્યું. વચ્ચે સંગીત શીખવાનો નાદ પણ કરી લીધો. તેથી મારી છાતી સુધરી અને મારો ટૂંકો પડેલો કોટ હવે નાના ભાઇને કામ લાગશે કહી માએ દૂર કરાવ્યો.

બે વરસની સર ડૅનિયલની નોકરીના ઘસડબોળાથી કંટાળી હું તે છોડી શિક્ષકના ધંધામાં પડયો. શૉર્ટહૅન્ડ અને ટાઇપિંગ એ શાળા-શિક્ષણ વિનાના મારા ગૌરવના વિષયો હતા. મારા જેવી જ ઇચ્છાવાળા એક બીજા મિત્રની સાથે 'કઝિન્સ ઍન્ડ ક્લાર્ક'નું ઇન્સ્ટીટયૂટ (એક ઓરડો ને ઓસરી) દરિયો દેખાય એવા જાહેર રસ્તા પર ખોલ્યું. સાથેસાથે જ 'આઇરિશ ફોનોગ્રાફિક બુલેટિન'નું મેં સંપાદન કરવા માંડયું ને તે માટે લીથોગ્રાફી મુદ્રણપદ્ધતિનો પણ મેં પરિચય કર્યો.

અક્ષરશઃ ભાષણ ઉતારનાર તરીકેની મારી શક્તિ સંસ્થાને કામ લાગતાં પત્રકારો સાથે તેથી સંબંધ થતો ને ઘણી વાર મુશ્કેલી વખતે તેમને કલાકોનાં ભાષણો નોંધી આપતો. છતાં પત્રકાર તો થવું જ નહિ એવી મનથી ગાંઠ વાળી હતી.

શૉર્ટહૅન્ડના પાકા શિક્ષક થવા માટે સર્ટિફિકેટની પરીક્ષા આપવા મેં લંડન સુધીની મુસાફરી પણ કરી હતી. ત્યાં એક ટોળી સાથે ફોટો પણ લેવડાવ્યો,–કદાચ જાહેરાત માટે ઉપયોગી થાય. ક્રિસ્ટલ પૅલેસમાં એક સર્કસ જોવા ગયો તેમાં આયર્લૅન્ડના 'કૉકની' ઉચ્ચારો કરતો ભાડૂતી ગામડિયો પોકારો કરતો હતો એટલે મને ગુસ્સો ચડી ગયો: 'કોઈ પણ પ્રજા જેવા સારા લોકોની આ બદનક્ષી થાય છે.' એમ બૂમ પાડી, પણ આસપાસના લોકોએ સિસકારા કરી મને બેસાડી દીધો. ઘેર આવ્યા પછી તાર મળ્યો કે હું પાસ થઈ ગયો હતો અને દૈનિક પત્રમાં મારો ફોટો છપાયો હતો.

કવિતા ક્યાં અને ક્યારે?

બહુબહુ નાનપણમાં મનના ઉછાળા અને દેશભક્તિથી આયર્લૅન્ડને મેં 'ડીઅર એમેરાલ્ડ આઈલ' (પ્યારા નીલમ દ્વીપ) કહી સંબોધેલો. છતાં ઓગણીસ વર્ષ સુધી કાવ્યદેવી હાજર થયાં ન હતાં. નાનપણમાં એક ગોઠિયા સાથે દરિયાકાંઠે એક સગાને ઘેર ગયો હતો, ત્યાં કોઈ સૂત્ર અને મારી સહી લખવાને તેમણે મહેમાન-નોંધની ચોપડી ધરી. મારા દોસ્તે લખવામાં ઘણી વાર કરી. મને આશ્ચર્ય થયું અને જાણ્યું કે 'ભાઇ તો કવિ છે.' આથી મારામાં પણ કવિનો અંશ જાગી ઊઠયો અને લીટી, બીજી એવા પ્રાસ-અનુપ્રાસવાળી છ લીટીઓ લખી કાઢી. એ જોઈ વૃદ્ધ પિતાની જુવાન પુત્રીએ ઈર્ષ્યા કરી. તેને મેં એક કવિતા માટે વચન આપ્યું. કવિતા મોકલી, પણ મેં સંઘરી નહિ: 'ઊડતા વાળ ને ઉત્તેજિત આંખો' પણ તેમાંથી અણધાર્યું કંઈ બન્યું નહિ.

કવિઓ અને કવિતા વિષે મને કંઈ જ જ્ઞાન નહોતું. કવિતા લખવા એકાંત જોઇએ તેની પણ મને જાણ નહોતી: અમારા શહેરની વચ્ચે એક મફત લાયબ્રેરી હતી. તેના ઉપરના માળે એક ચિત્રાલય શરૂ થયું હતું જેમાં રૉબર્ટ બર્ન્સનું તેની શતાબ્દી વખતે જે પૂતળું ખુલ્લું મુકાયું હતું તેની નાની આવૃત્તિ હતી. પૂતળાની કિંમત કોઇએ ચૂકવી નથી એવું મેં જાણ્યું તેથી મને અપાર વ્યથા થઈ.'' (ચાલુ) **ર. મ. શ.**





આ એક પાસ ઊતરે શશી અસ્ત-માર્ગે,
આ ઊગતા રવિ તણા જ કુસુંબી પાદ;
સંસાર આ અહીં દિશા-યુગ-અંતરાળે
બે તેજના ઉદય-અસ્તથી બાંધી રાખ્યો.
('સરસ્વતીચન્દ્ર') —ગોવર્ધનરામ

હિંદી સમાજવાદના પિતા : સ્વ. આચાર્ય નરેન્દ્ર દેવ

ભગવાન બુદ્ધ, કાર્લ માર્ક્સ અને મહાત્મા ગાંધીની ફિલસૂફીનો જીવન અને વિચારમાં અસાધારણ સમન્વય સાધનાર મહાન વિચારક અને લોકનાયક આચાર્ય નરેન્દ્ર દેવનું ગયા ફેબ્રુઆરીની ૧૯મીએ મદ્રાસ રાજ્યના ઈરોડ ગામમાં, જ્યાં લાંબા સમયના દમના વ્યાધિને કારણે તેઓ સારવાર માટે ગયા હતા ત્યાં, અવસાન થતાં જુદાજુદા વાદાવાદોની કપરી જાળજંજાળનાં ગૂંચળાંઓમાં ગૂંચવાઈ ગએલા દેશને એક વિરલ માર્ગદર્શકની ન પૂરી શકાય એવી ખોટ પડી છે. સમાજવાદ એ દેશની હાલની સ્થિતિને તબક્કે તેની સર્વાંગીણ ઉન્નતિ માટે સર્વસ્પર્શી 'મધ્યમમાર્ગ' છે એમ તેમને પહેલેથી જ લાગેલું, તેથી તેનું ઊંડું અધ્યયન કરી લોકોમાં તેના પ્રસાર માટે તેમણે ભારતમાં સૌપ્રથમ બહુવ્યાપી પ્રયત્નો કર્યા અને 'હિંદી સમાજવાદના પિતા'નું બિરુદ મેળવ્યું. હિંદી સંસ્કૃતિનો તલસ્પર્શી અભ્યાસ, રાષ્ટ્રીય એકતા માટેની તાલાવેલી અને સમાજવાદ એ તેમના જીવનનાં સવિશેષ પ્રેરક બળો હતાં.

તેમનો જન્મ ઉત્તર પ્રદેશમાં અયોધ્યાથી ત્રણ માઈલ દૂર આવેલા ફૈઝાબાદ જિલ્લામાં સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી બાબુ બલદેવપ્રસાદને ત્યાં ઈ. ૧૮૮૯ની ૩૧મી ઑક્ટોબરે થયો હતો. અલ્લાહાબાદ અને બનારસમાં તેમણે શિક્ષણ મેળવેલું. રમેશચન્દ્ર દત્તને અધ્યક્ષપદે ભરાએલી અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભાની બેઠકમાં પ્રતિનિધિ તરીકે ગએલા પિતાની સાથે દસ વર્ષની વયે હાજરી આપનાર બાળક નરેન્દ્ર દેવના કુમળા મનમાં રાજકારણનાં બી પહેલેથી જ વવાઈ ચૂકેલાં. ઈ. ૧૯૧૩માં સંસ્કૃત, પાલી, પ્રાકૃત અને પુરાતત્ત્વ એટલા વિષયો લઈ ને તેઓ એમ.એ. થયા. ઈટાલીના સ્વાતંત્ર્યવીર મૅઝિની, હિંદી કલાસંસ્કારના આદિ પુરસ્કર્તા કુમારસ્વામી, રશિયન વિચારક ક્રૉપૉટ્કિન, તત્ત્વજ્ઞ અરવિંદ ઘોષનાં તથા ફ્રૅંચ ક્રાંતિ પર લખાએલાં પુસ્તકોએ તેમને ઉદ્દામ રાષ્ટ્રવાદી બનાવ્યા. ટિળક તેમના આદર્શ બન્યા. બાદ કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરી તેમણે કાયદાની પરીક્ષા આપી અને ફૈઝાબાદમાં વકાલત શરૂ કરી. સાથોસાથ ફૈઝાબાદમાં 'હોમરૂલ લીગ'ની શાખાની સ્થાપના કરી તેના તેઓ મંત્રી બન્યા. એ પછી ઈ. ૧૯૨૧માં સ્થપાએલી કાશી વિદ્યાપીઠમાં કાર્ય કરવા પં. જવાહરલાલે આમંત્રણ આપતાં તેઓ તેમાં જોડાયા ને પાંચ વરસ બાદ ઈ. ૧૯૨૬માં તેના આચાર્યપદે આવ્યા.



તેમની રાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત ઈ. ૧૯૧૮ના 'હોમરૂલ લીગ'ના દિનથી લોકમાન્ય ટિળકની આગેવાની નીચે થઈ, જે તેમના છેલ્લા શ્વાસ સુધી ઉત્તરોત્તર વિકસતી ચાલેલી. કાશી વિદ્યાપીઠની તેમની કારકિર્દી દરમ્યાન પંડિત નેહરુ ને તેમણે બંનેએ મળીને અનેકવિધ પ્રકારે ચોમેર રાષ્ટ્રીય વાતાવરણ જમાવ્યું. ઈ. ૧૯૩૦માં ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભનું વ્યાખ્યાન આપવા નિમંત્રણ આપી મહાત્મા ગાંધીજીએ તેમનું બહુમાન કર્યું. ઈ. ૧૯૩૬માં તેમને ઉત્તર પ્રદેશ કૉંગ્રેસ કમિટીના પ્રમુખ નીમવામાં આવ્યા હતા.

ઈ. ૧૯૨૯માં અમેરિકામાં અભ્યાસ કરી પાછા ફરેલા જયપ્રકાશ નારાયણ સાથે મળીને તેમણે કૉંગ્રેસ



કાગડો

આપણે ત્યાં સૌને પરિચિત આ ચતુર પંખીજાતિનું શાસ્ત્રીય નામ છે Corvus.

હિંદમાં સિંધ, વાયવ્ય સરહદનો પ્રાંત, પંજાબ અને કાશ્મીર સિવાય બધે દેખાતો, ૧૮ ઇંચ લાંબો અને ડોકની આસપાસ રાખોડિયા ભૂરા રંગનો પટ્ટો ધરાવતો તથા બાકીને ભાગે જાંબુડિયા આસમાની લીલા રંગની ખૂલતી ઝાંયવાળા કાળા રંગનો 'ઘરકાગડો' તેના નામ પ્રમાણે હમેશાં માણસની સોબતમાં માલૂમ પડે છે. માણસ સાથેના સહવાસે તેને હિંમતવાન અને ચોરવાની વૃત્તિનો બનાવ્યો છે. તેનું સંઘચારીપણું સવારે અને સાંજે ખાસ દેખા દે છે. કાગડાને મહાત કરે છે કોયલ, તેના માળામાં પોતાનાં ઈંડાં મૂકી કાગડી પાસે સેવડાવીને. ગીધ, બળદ, ગાય વગેરેની પીઠ પરનું ભાઠું ઠોલી ખાઈ તેમને તે હેરાન કરે છે. ડાળી માંહેના, ઝાડનાં પાદડાંવાળા માળામાં કાગડી ૧થી ૧॥ ઇંચનાં ૪થી ૫ અને ક્યારેક ૬થી ૭ ઈંડાં મૂકે છે. એંઠવાડ, કોહેલું માંસ, જીવડાં એ કાગડાનો ખોરાક છે. નર-સ્નેહમાં કાગડાની જાત સૌથી ચડિયાતી.

ઉત્તર ગોળાર્ધમાં અને હિંદમાં હિમાલય સિવાય પંજાબ, વાયવ્ય સરહદ પ્રાંત અને પશ્ચિમ રજપૂતસ્થાનના રણમાં દેખાતો ૨૪ ઇંચ લાંબો 'મુક મુક' એવો અવાજ કરતો આખે શરીરે સહેજ જાંબુડિયા રંગની ઝાંયવાળા તદ્દન કાળા રંગનો 'કાળો કાગડો' સામાન્ય રીતે જીવનભર એક સાથી સાથે રહે છે. હિંદુસ્તાન, બ્રહ્મદેશ, સિલોન અને જાવાથી ઑસ્ટ્રેલિયા સુધીમાં દેખાતો, અપ્રિય ન લાગે તેવો 'કૉ કૉ' અવાજ કરતો, ૧૭ ઇંચ લાંબો અને ડોકના પાછલા તથા છાતીના કાળા ભાગ સિવાય આખે શરીરે ઘેરા વાદળી રંગનો કે જાંબુડિયા રંગની ઝાંયવાળો કાળા રંગનો 'અરણ્યવાયસરાની કાગડો' નામ પ્રમાણે જંગલવાસી છે. છેક વાયવ્યમાં અને કાશ્મીરમાં દેખાતો, ૧૩ ઇંચ લાંબો અને ગળાને ભાગે પહોળો ભૂરો પટ્ટો તથા ઝાંખા સલેટિયા કાળા રંગનાં પીંછાં ધરાવતો 'જંગલી કાગડો' અવાજ મીઠો કાઢે (કોઈ બોલતાં પણ શીખે) છે.

માત્ર બંધારણવાદી જ ન બની જાય તે માટે પક્ષની અંદર જ એક જૂથ રચવાનું નક્કી કર્યું. આ વિચારપ્રવાહને ૧૯૩૦-'૩૧ની સત્યાગ્રહની લડતે યોગ્ય દિશામાં વાળવાની તક આપી, અને પરિણામે ઈ. સ. ૧૯૩૪માં 'કૉંગ્રેસ સમાજવાદી પક્ષ'ની સ્થાપના થઈ, જેના અધિવેશનના પ્રમુખ નરેન્દ્ર દેવ જ ચૂંટાયા. ઇ. સ. ૧૯૩૬માં પં. નેહરુ કૉંગ્રેસના બીજી વાર પ્રમુખ ચૂંટાયા. તેમણે કૉંગ્રેસ કારોબારીના સભ્ય તરીકે નરેન્દ્ર દેવની નિમણૂક કરી, ત્યારથી તે છેક ઈ. ૧૯૪૮માં જ્યારે સમાજવાદી જૂથ કૉંગ્રેસમાંથી છૂટું પડયું ત્યાં સુધી, તેઓ કૉંગ્રેસના વરિષ્ઠ મંડળના સભ્ય રહેલા. કિસાનોનું સંગઠન કરીને તેઓ 'હિંદ કિસાન સભા'ના બે વાર પ્રમુખ બનેલા. સ્વરાજ્ય પહેલાંની કૉંગ્રેસમાં તેમનું એવું સ્થાન હતું કે ગાંધીજીએ, સુભાષ બોઝ અને પં. નેહરુએ નરેન્દ્ર દેવ કૉંગ્રેસના પ્રમુખ બનશે તેવી સભાવનાઓ એકથી વધુ વાર પ્રકટ કરેલી. પરંતુ તેમની દેશસેવાએ અહીંથી જુદો જ વળાંક લીધો. આ બધી પ્રવૃત્તિઓ દરમ્યાન પણ તેમનો દમનો ઉગ્ર વ્યાધિ તો ચાલુ જ હતો. ગાંધીજીએ તેમને સેવાગ્રામમાં રાખી કુદરતી ઉપચારો દ્વારા એ વ્યાધિ ઘણે અંશે નરમ કરી દીધો હતો. પરંતુ પાછળથી તે ફરી ઊબળી આવી જીવલેણ નીવડયો. આઝાદી પછીના પ્રથમ પ્રધાનમંડળના પ્રધાન તરીકે તેઓ આવે તેવી પં. નેહરુની ઇચ્છા હતી. પણ પ્રજાને માટે લોકશાહી સમાજવાદ વિશેના શિક્ષણનું મહત્ત્વ તેમને મન વધુ લાગ્યું અને તેમણે પ્રધાનપદનો અસ્વીકાર કર્યો. આ પહેલાં ૧૯૩૭માં પણ તેમણે ઉત્તર પ્રદેશનાં કૉંગ્રેસી પ્રધાનમંડળના સભ્ય થવાનો અસ્વીકાર કરેલો. ૧૯૪૮માં સમાજવાદી પક્ષ છૂટો પડયા પછી તેના તરફથી ૧૯૫૧-'૫૨ની ચૂંટણીમાં તેઓ ઊભા રહ્યા હતા. પાછળથી પ્રજાસમાજવાદી પક્ષ સ્થપાતાં ૧૯૫૪માં તેઓ તેના પ્રમુખ નિમાએલા. વળી ચાર વર્ષ પૂર્વે ચીન ગએલા ભારતીય સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળના તેઓ સભ્ય હતા. છેલ્લે તેઓ મધ્યસ્થ રાજ્યસભાના સભ્ય હતા.

ઈ. ૧૯૪૭થી ચાર વર્ષ સુધી લખનૌ યુનિવર્સિટીના ઉપકુલપતિને પદેથી તેમણે જે કામગીરી બજાવી તે અત્યારે શિક્ષણના ક્ષેત્રે ઐતિહાસિક બની ચૂકી છે. પોતાને ઉપકુલપતિ તરીકે મળેલો વિશાળ બંગલો તેમણે નિરાશ્રિત વિદ્યાર્થીઓને રહેવા આપી દીધો હતો ને પોતાના પગારમાંથી દર મહિને આઠસો રૂપિયા તેઓ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ફંડમાં આપી દેતા. યુનિવર્સિટીના શિક્ષણમાં પણ તેમણે પાયાના ઘણા ફેરફારો કર્યા. વિદ્યાક્ષેત્રમાં પ્રવેશી રહેલા રાજકારણ તરફ પણ તેમણે ચાંપતી નજર રાખી હતી અને શકય પ્રયાસો દ્વારા તેને તેમણે કડક હાથે દબાવી દીધું હતું. વિદ્યાર્થીઓના તેઓ એટલા પ્રીતિપાત્ર હતા કે નાદુરસ્ત તબિયતને કારણે જ્યારે તેમણે ઉપકુલપતિના પદેથી રાજીનામું આપેલું ત્યારે વિદ્યાર્થીઓ ભૂખ-હડતાળ પર ગયા હતા.

અગ્રણી રાજકીય આગેવાન, ઊંડા રાજકીય ચિંતક અને નિઃસ્પૃહ દેશસેવક હોવા ઉપરાંત તેઓ સ્પષ્ટ વિચારક, અસાધારણ વક્તા, મહાન કેળવણીકાર, વિદ્વાન તત્ત્વચિંતક તેમજ સંસ્કૃત, અંગ્રેજી, ˜ચ, જર્મન વગેરે તથા ભારતની છએક ભાષાઓના અધિકારી જ્ઞાતા હતા. બૌદ્ધ ધર્મનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરી તેમણે 'અભિધર્મકોષ'નું જર્મનમાંથી અંગ્રેજી તથા હિંદીમાં ભાષાન્તર કર્યું છે. 'સમાજવાદ ને રાષ્ટ્રીય ક્રાંતિ' એ તેમનાં રાજકારણ વિષેનાં અધ્યયનીય પુસ્તકો પૈકીનું એક છે. નિઃસ્પૃહતા, નિરહંકારિતા, સ્નેહ અને સત્ત્વનિષ્ઠાભર્યું તેમનું સૌજન્ય તેમના સંપર્કમાં આવનાર સહુના દિલનો દિલાસો અને પ્રેરણાસ્થાન બની રહેતું. લોકસભામાં તેમને અંજલિ આપતાં વડા પ્રધાન પં. નેહરુએ તેમના વ્યક્તિત્વને દીવાદાંડીરૂપ કહી બિરદાવ્યું એ જેટલું કાવ્યમય છે એટલું જ વાસ્તવિક પણ છે. (વિવિધ પત્રોમાંથી તારવીને)

ઇસબગોલ

ઇસબગોલનો ઉપયોગ આજકાલ જનસમાજ તેમજ વૈદ્યસમાજમાં ઔષધ તરીકે મોટા પ્રમાણમાં થઇ રહ્યો છે. તેની પેદાશ ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં થાય છે. 'સત ઈસબગોલ' તૈયાર કરવાનો ત્યાં ગૃહઉદ્યોગ ચાલે છે. મહેસાણા જિલ્લાના સિદ્ધપુર અને ઊંઝા વિભાગમાં ઇસબગોલ મોટા જથ્થામાં તૈયાર થાય છે. ઈસબગોલને ઉમતું જીરું કે ઓથમી જીરું પણ કહે છે. એ ઓથમી જીરાની ઉપરની ભૂસી (સત) હાથઘંટી દ્વારા ઉતારી લેવામાં આવે છે અને તેને જ ઈસબગોલ કહેવામાં આવે છે. દર વર્ષે ત્યાં આસરે ૨ થી ૨॥ લાખ બંગાળી મણ ઈસબગોલનો પાક થાય છે, જેમાંથી ૭૫ હજાર મણ સત ઈસબગોલ તૈયાર થાય છે. તેમાંથી આશરે ૫૦ થી ૫૧ હજાર મણ અમેરિકા અને ઇંગ્લંડ ચડાવવામાં આવે છે અને બાકીનો માલ ભારતમાં વપરાય છે. સત ઉતારી લીધા બાદ બાકી રહેતા નીચેના ભાગને ગોલા કે છાલા કહે છે. તેનો ઉપયોગ ઢોરના ખોરાકમાં થાય છે.

સત ઈસબગોલનો ઉપયોગ ઔષધિ તરીકે–ખાસ કરીને મરડો, કબજિયાત, આંતરડાંની ગરમી તથા ચાંદાં તેમજ વાઈના રોગો માટે થાય છે. ગરમીના રોગોમાં તો સત ઈસબગોલ અકસીર ઔષધ ગણાય છે.

ઈસબગોલનો પાક પહેલાં મુંબાઈ રાજ્યમાં બહુ થતો નહિ. તે વખતે કાનપુર, રેવારી, કોહાટ, કરણપુર વગેરે સ્થળેથી ઇસબગોલ મેળવીને અમૃતસરમાં તેનું સત ઇસબગોલ બનાવાતું હતું. પછી પંજાબથી આવેલા વેપારીઓએ સિદ્ધપુર અને ઊંઝા વિભાગમાં ઈસબગોલના વાવેતરનો ખૂબ પ્રચાર કર્યો. પછી પરદેશનાં બજારો ઊભાં કર્યાં અને માલની નિકાસ વધારી દીધી. આ રીતે એ ઉદ્યોગનો ગુજરાતમાં વિકાસ થયો.

ઈસબગોલનું મૂળ ઉત્પત્તિસ્થાન ઈરાન છે. હાલમાં પંજાબ અને સિંધનાં મેદાનો તથા સતલજ નદીના પશ્ચિમ ભાગ તરફની નીચી પહાડીઓમાં પણ તે થાય છે, તેમ બંગાળ, મ્હૈસૂર અને કોરોમંડલના કિનારે તથા પશ્ચિમમાં સ્પેન તરફ તેની ખેતી થાય છે.

પ્રાચીન યૂનાની તથા મુસ્લિમ ચિકિત્સકોએ ઇસબગોલની ઔષધિ વિષે ઉલ્લેખ કરેલો છે, પરંતુ આયુર્વેદીય પ્રાચીન ગ્રંથોમાં કોઈ સ્થળે તેનો ઉલ્લેખ જોવામાં આવતો નથી. માત્ર પાછળથી મોરેશ્વરકૃત વૈદ્યામૃત અને નિઘંટુસંગ્રહ ગ્રંથોમાં ઈસબગોલનું વર્ણન મળે છે. અતિસાર–જેમાં રક્ત અને પરૂ આવતું હોય તે–ને માટે ઈસબગોલ અપાય છે. તેનાં બીજ શીતલ અને સ્નિગ્ધતા આપનારાં છે. ઈસબગોલમાં મૂત્રલ ગુણ હોવાનું પણ મનાય છે. થોડી માત્રા સાકર સાથે, બસ્તિ તથા મૂત્રમાર્ગના વ્યાધિઓમાં પણ આપી શકાય છે. ઇસબગોલને વાટી તેની પોટલી કરી માથે મૂકવાથી શિરઃપીડા શાંત થાય છે.

ફારસીમાં 'અસ્પ' એટલે ઘોડો, 'ગોલ' એટલે કાન. ઈસબગોલનાં બીજ ઘોડાના કાન જેવાં હોય છે તેથી અસ્પગોલ (અપભ્રંશ ઈસબગોલ) નામ પડયું હશે. તેના છોડની ઊંચાઈ આઠ ફૂટ થાય છે. પાંદડાં નાનાં અને શાખા પણ નાની હોય છે. બીજ એક તલનાં અર્ધા ભાગ જેટલું, ગોળાકાર અને ગુલાબી–ભૂરા રંગનું હોય છે. બીજ ઉપરની છાલ એક પ્રકારનાં સેલ(Polyhedral Cells)થી વીંટાએલી હોય છે. ઇસબગોલના બીજની ભૂસી અને પાન ઉપયોગમાં આવે છે.

એક ભાગ ઈસબગોલ વીસ ભાગ પાણીમાં થોડો સમય રાખવાથી સ્વાદરહિત લુગદી થાય છે. યૂનાની મતાનુસાર સફેદ ઇસબગોલ વધારે શીતલ છે; સ્વાદ ફિક્કો છે. પ્રસૂતા સ્ત્રીને તે હાનિકર્તા છે. ઇસબગોલ નિરંતર એક માસ સુધી હમેશાં ફાકતા રહેતાં શ્વાસ–કષ્ટમાં સારો ફાયદો કરે છે અને ચારથી પાંચ માસમાં શ્વાસરોગ તદ્દન મટે છે. તેના બે વર્ષના સેવનથી વીસ વર્ષના દમરોગનું તદ્દન નિવારણ થાય છે. શુક્ર-

મેહનાં ઔષધોમાં ઈસબગોલની ભૂસીનો પ્રયોગ ઘણો ઉપયોગી છે. સ્વપ્નદોષમાં દૂધની ખીર કરીને વાપરવાનું જણાવાયું છે.


કબજિયાત-મલાવરોધ માટે ઈસબગોલ સારું કામ આપે છે. તે વિરેચન નથી, પણ ચીકણી લુગદી રૂપ હોવાથી આંતરડાંને ઊંજી, વાયુનો નાશ કરી, મળને સ્નિગ્ધ કરે છે અને વિના કષ્ટે ઉતારી દે છે. પાણી કરતાં દૂધ સાથે લેવાથી તે વધુ અનુકૂળ પડે છે. ગરમ દૂધમાં મોટો ચમચો ઇસબગોલ તથા જરૂરી ખાંડ નાખી ખૂબ હલાવી મેળવવાથી તકમરિયા કે સાબુદાણાની કાંજી જેવું ઘટ બને છે અને સ્વાદથી લઈ શકાય છે. ચોવીસ કલાકે નિયમિત અને ખુલાસાવાર એક દસ્ત આવી જાય છે. કાયમી કબજિયાતવાળા આઠેક દિવસ સુધી રોજ રાત્રે સૂતાં પહેલાં દૂધ સાથે લે તો ફાયદો થાય છે. ઝાડા કે મરડામાં તાજી ગોરસની છાસ સાથે પણ અપાય છે. તે માટે વૈદ્યની સલાહ ઉપકારક છે.

('જન્મભૂમિ', 'વૈદ્યકલ્પતરુ' વગેરે ઉપરથી સંકલિત)

જનતા-કૂકર

રસોઈ કરવા માટે વપરાતા બધા કૂકર વરાળના દબાણના સિદ્ધાંત ઉપર કામ આપતા હોય છે. પણ બજારમાં મળતા મોંઘા પડે છે તથા સાફ કરવાની પણ મુશ્કેલી હોય છે. આથી હાથે સહેલાઈથી તપેલી તથા ચારણીનો બને તેવો (આકૃતિમાં આપેલો) 'જનતા-કૂકર' દરેકને ઉપયોગી થઇ પડશે. તે સમયનો તથા કોલસાનો બચાવ કરે છે તથા તેમાંથી રાંધેલા અન્નમાં મીઠાશ તથા પૌષ્ટિકતા જળવાઈ રહે છે.

બનાવટ સાવ સાદી અને સહેલી છે. આકૃતિમાં આપ્યા પ્રમાણે નીચેની 'અ' તપેલીમાં દાળ ચડવા માટે મૂકવામાં આવે છે. તેના ઉપર તપેલીની કિનારને બંધબેસતી ચારણી 'ડ' મૂકવામાં આવે છે. ચારણી ઉપર ભાતની તપેલી 'ક' મૂકવામાં આવે છે. ત્યાર પછી ભાતની તપેલીની ઉપર રહે તેવી તથા ચારણીની બંધબેસતી તપેલી 'બ' ઊંધી પાડવામાં આવે છે. આ પ્રમાણે ત્રણ નાની મોટી તપેલી ને એક ચારણીની મદદથી દાળ-ભાત બનાવવાનો આ 'જનતા-કૂકર' તૈયાર થાય છે. નીચે દાળ ચડી જાય છે અને તેની વરાળથી ઉપર ચોખા તૈયાર થાય છે. આ રીતે તૈયાર થએલો ભાત મીઠો અને ઓસામણ કાઢ્યા વગર પણ મઝાનો છૂટો બને છે. સૌથી ઉપર ભાર માટે કાંઇ વજન મૂકવું.



મધ્યમ વર્ગની બહેનોને આ ખૂબ ઉપયોગી થઈ પડે, કારણકે આ પ્રમાણે કૂકરમાં દાળ-ભાત મૂકી કપડાં ધોવા જાય તો જ્યારે અરધા-પોણા કલાકમાં કપડાં ધોઇને આવે ત્યારે દાળ-ભાત તૈયાર થઈ જાય છે. આમ સમયનો બચાવ થાય છે ને રસોઇ ઝડપી બને છે.

સ્ટવ ઉપર ખીચડી બનાવવી હોય ત્યારે આ કૂકરનો સુંદર ઉપયોગ કરી શકાશે. નીચે દાળની તપેલીમાં બટાટા બાફવા મૂકી, ચોખાની તપેલીમાં ખીચડી મૂકતાં તે ઊભરાયા કે દાઝ્યા વગર મીઠી બને છે. અને બટાટા બફાઈ જતાં વઘારીને શાક બનાવતાં જરા પણ સમય બગડતો નથી. વરાળથી બાફેલ ખીચડી સ્વાદમાં વિશેષ સ્વાદિષ્ટ બને છે. વિના મૂલ્યે બનતો આ 'જનતા-કૂકર' અપનાવવા જેવો છે.

(ગુજરાત સમાચાર) —લીલા જહા

આ માસ (એપ્રિલ) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : વિલિયમ વર્ડ્ઝવર્થ

છેલ્લાં બે હજાર વર્ષોના મહાન કવિઓમાં છઠ્ઠું સ્થાન પામનાર, માનવતાના અને પ્રકૃતિના પોતાના કવિ



વિલિયમ વર્ડ્ઝવર્થનો જન્મ ઈંગ્લંડના કાકરમાઉથ ગામડામાં ઇ. સ. ૧૭૭૦ની ૭મી એપ્રિલે એક જાગીરદારના એજંટ જૉન વર્ડ્ઝવર્થને ત્યાં થયો હતો. ચાર ભાંડુમાંથી બહેન ડૉરૉથીએ વિલિયમની આજીવન કાળજી રાખી તેને 'કવિ' બનાવ્યો. ઈ. ૧૭૭૮માં માતાનું મૃત્યુ થતાં વર્ડ્ઝવર્થને મોસાળ જવું પડ્યું, પછી તેને હૉક્સ-હેડ ગામની શાળાએ મૂકવામાં આવ્યો. એની કવિતા અહીં પ્રકટી. વિલિયમને ચૌદમે વર્ષે તેનો પિતા એક જમીનદાર પાસે ૫,૦૦૦ પૌંડનું લેણું મૂકી મૃત્યુ પામ્યો. પરંતુ જમીનદારે તે લેણું ચૂકવ્યું જ નહિ. કેમ્બ્રિજની સેન્ટ જૉન્સ કૉલેજના ત્રણ વર્ષના અભ્યાસ દરમ્યાન તેનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ઈવનિંગ વૉક' બહાર પડ્યો.

ઈ.૧૭૯૧ના ફેબ્રુઆરીમાં અનિર્ણીત જીવનધ્યેય સાથે તે લંડન આવી વસ્યો. ફ્રેન્ચ ભાષા શીખવા નિમિત્તે ના ઇ. ૧૭૯૧ના નવેમ્બરથી ૧૭૯૨ના ડિસેમ્બર સુધીના ફ્રાન્સ-પ્રવાસ દરમ્યાન તે ઍનેત વાલોં નામની યુવતી સાથે પ્રેમમાં પડ્યો, જેનાથી તેને એક ગેરકાનૂની બાળકી થએલી. ત્યારની ફ્રેન્ચ ક્રાંતિ પ્રત્યેની હમદર્દી તેણે મિશલ બૉપે નામના ફ્રેન્ચ સાથેની ગાઢ મૈત્રીમાં મૂર્તિમંત કરી. એક સાલ બાદ તેણે બીજી લાંબી કૃતિ 'ડિસ્ક્રિપ્ટિવ સ્કેચિઝ'નું લંડનથી પ્રકાશન કર્યું. ઇંગ્લંડ આવીને તેણે ફ્રેન્ચ ક્રાન્તિને પુરસ્કારતું 'ઍપૉલૉજી ફૉર ધ ફ્રેન્ચ રેવોલ્યુશન' લખ્યું. ઈ. ૧૭૯૩માં તેણે મહત્ત્વની કૃતિ 'ગિલ્ટ ઍન્ડ સૉરો' શરૂ કરી બીજે વર્ષે પૂરી કરી. ઈ. ૧૭૯૫નું વરસ તેના જીવનમાં અત્યંત મહત્ત્વનું છે. તેના જીવનમાં બહેન ડૉરૉથી અને મિત્ર કૉલરિજ સ્થાન પામે છે, મિત્રકવિ કૉલરિજ સાથેની ચર્ચાઓનું પરિણામ તે એક સૈકાના અંગ્રેજી કવિતાના પ્રવાહને પલટાવનાર બંનેનો જોડિયો કાવ્યસંગ્રહ 'લિરિકલ બૅલાડ્ઝ', જેનું ઈ. ૧૭૯૮માં પ્રકાશન થયું, અને વર્ડ્ઝવર્થનું કૉલરિજે સૂચવેલા અભૂતપૂર્વ કાવ્ય 'ધ રેક્લૂઝ'નું રૂપાંતર 'ધ પ્રિલ્યૂડ.' એ ત્રિપુટીના એ જ વર્ષના જર્મનીના પ્રવાસ દરમ્યાન વર્ડ્ઝવર્થે પ્રખ્યાત 'લ્યૂસી કાવ્યો' લખ્યાં. પછી તેણે ઇંગ્લંડના ગ્રાસમીઅર ગામમાં વાસ કર્યો. અહીં 'માઇકેલ', 'રેઝોલ્યુશન ઍન્ડ ઇન્ડિપેન્ડન્સ', 'ધ ડૅફૉડિલ્સ' વગેરે કૃતિઓ તેણે લખી. કૉલરિજ સાથે ઈ. ૧૮૦૩ના સ્કૉટલૅન્ડના પ્રવાસ દરમ્યાન એણે 'સ્ટેપિંગ વેસ્ટવર્ડ્ઝ', 'ધ સોલિટરી રીપર' જેવાં ખ્યાત કાવ્યો રચ્યાં. ઈ. ૧૭૯૮થી ૧૮૦૪ સુધી રચાએલું કવિમાનસનો વિકાસ દર્શાવતું મહાકાવ્ય 'ધ પ્રિલ્યૂડ' ઇ.૧૮૫૦માં (કવિની ઇચ્છા પ્રમાણે તેના અવસાન બાદ) પ્રકટ થયું. અહીંનો બીજો મહત્ત્વનો પ્રસંગ તે મિલ્ટનની શૈલીનું પુનઃપરિશીલન. ઈ. ૧૮૦૨ના કૅલેના પ્રવાસ દરમ્યાન વેસ્ટમિન્સ્ટર બ્રિજ પરનું પ્રખ્યાત સૉનેટ તેણે રચ્યું, કૅલેમાં તે ઍનેત, પુત્રી ડારા ને ડૉરૉથી સાથે એક માસ રહ્યો. કૅલેના પ્રવાસની અસર 'પીસ કૅસલ', 'ધ હૅપી વૉરીઅર', 'ઓડ ટુ ડ્યૂટી' તથા 'ઈમ્મૉર્ટાલિટી ઓડ' વગેરેમાં દેખાય છે. લંડન આવી તેણે મિલ્ટન પરનું પ્રખ્યાત સૉનેટ લખ્યું. ઈ. ૧૮૦૨ની ૪થી ઑક્ટોબરે ડૉરૉથીની સહાધ્યાયિની મેરી સાથે તેણે લગ્ન કર્યું. 'પ્રિલ્યૂડ' પછી 'ટિન્ટર્ન ઍબી'માં કવિનો આનંદ અને 'ઈમ્મૉર્ટાલિટી ઓડ'માં ઈ. ૧૮૦૨ થી ૧૮૦૬ સુધીનો કવિમાનસનો ઇતિહાસ નોંધાયો છે.

ઈ. ૧૮૧૪માં કલાદૃષ્ટિએ સામાન્ય મહાકાવ્ય 'ધી એક્સકર્ઝન'નું પ્રકાશન થયું. ઇ. ૧૮૧૪ના 'લાઓડામિયા' તથા ઇ. ૧૮૧૮ના 'લાઈન્સ કૉમ્પોઝ્ડ આન ઍન ઈવનિંગ ઑવ એક્સ્ટ્રાઑર્ડિનરી બ્યૂટી'ના કવિમાં એની અંતિમ ઝલક જોવા મળે છે. ઉત્તરાવસ્થામાં વર્ડ્ઝવર્થ કવિ મટીને ફિલસૂફ બને છે. ઈ. ૧૮૨૦માં 'ધ રીવર ડન' ઉપરનાં તેત્રીસ સૉનેટ આપણને મળે છે. 'એક્લિઝીઍસ્ટિકલ સૉનેટ' કલાદૃષ્ટિએ સામાન્ય છે. ઇ. ૧૮૧૩થી તેણે 'રાઇડલ માઉન્ટ' ખાતે કાયમનો વાસ કર્યો. એક મિત્રના મળેલા વારસામાંથી તે કરકસરથી રહેતો. ઇ. ૧૮૧૩માં તેને સરકારી દસ્તાવેજો વેચનારની નોકરી મળી. પછીથી તેને આબકારી ખાતામાં હોદ્દો મળ્યો. ઇ.૧૮૨૦ના ઉનાળામાં તેણે મેરી, ડૉરૉથી અને પોતાના મિત્ર ક્રૅબ રૉબિન્સન સાથે યુરોપનો, ઈ. ૧૮૨૮માં કૉલરિજની સાથે ર્‍હાઇન પ્રદેશનો ને ઈ. ૧૮૩૧ ને '૩૭માં ઇટાલીનો પ્રવાસ કર્યો. તેનો ઇતિહાસ 'મેમોરિયલ્સ'માં અંકાયો છે. ઇ. ૧૮૩૯ પછીનો કાળ 'પ્રિલ્યૂડ'ની હસ્તપ્રતમાં સુધારાવધારા કરવામાં તેણે ગાળ્યો. આ દશકામાં કવિ સધેના મૃત્યુ પછી તેને રાજકવિપદ પ્રાપ્ત થયું. ઈ.૧૮૫૦ની ૨૩મી એપ્રિલે તેનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૧ માલવીયજીએ ડૉ. ઍની બેસન્ટના સહકારે બનારસ હિંદુ યુનિવર્સિટી સ્થાપી, ૧૯૧૬.
તા. ૪ ભારતમાં પ્રથમ આવનાર અંગ્રેજ પાદરી ટૉમસ સ્ટીવન્સ લિસ્બનથી ઊપડ્યો, ૧૫૭૯.
તા. ૬ અમેરિકન સાહસસફરી ઍડ્‌મિરલ રૉબર્ટ પીઅરીએ ઉત્તર ધ્રુવ પર પગ મૂક્યો, ૧૯૦૯.
તા. ૧૩ જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરે હિંદીઓ પર કરપીણ હત્યાકાંડ ચલાવ્યો, ૧૯૧૯.
તા. ૧૬ ચંપારણ્યના સત્યાગ્રહની લડતનો મહાત્મા ગાંધીની આગેવાની નીચે પ્રારંભ થયો, ૧૯૧૭.
તા. ૧૮ તાત્યા ટોપેને સર રિચાર્ડ મીડે પકડી તેને સિપ્રી મુકામે ફાંસીએ ચડાવ્યો, ૧૮૫૯.
તા. ૨૦ જર્મનીના નાઝીવાદી સરમુખત્યાર અને પ્રમુખ નેતા ઍડૉલ્ફ હિટલરનો જન્મ, ૧૮૮૯.
તા. ૨૧ બાદશાહ બાબરે દિલ્હી સર કરી હિંદમાં મુઘલાઈના અમલના શ્રીગણેશ માંડ્યા, ૧૫૨૬.
તા. ૨૩ ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સનો હિંદના 'ગેરવર્તણૂક કેસ'માંથી છુટકારો, ૧૭૯૫.
તા. ૨૭ સુપ્રસિદ્ધ અમેરિકન સાહિત્યકાર, ચિંતક અને ફિલસૂફ એમર્સનનું અવસાન, ૧૮૮૨.
તા. ૨૯ ફ્રાન્સની સ્વાતંત્ર્યદેવી જોન ઑવ આર્કનો ઑર્લિઅન્સમાં વિજેતા તરીકે પ્રવેશ, ૧૪૨૯.
તા. ૩૦ સ્વતંત્ર અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ તરીકે જ્યૉર્જ વૉશિંગ્ટનની નિમણૂક, ૧૭૮૯.


પ્રસંગવિશેષ : ઈસુનું બલિદાન, ૩જી માર્ચ ૩૩

ધનદોલત ને ધર્મડોળમાં ગળા સુધી ડૂબેલા યહૂદીઓને ઈસુનો ત્યાગ અને 'દૈવી રાજ્ય'નો બોધ મંજૂર ન હતો. તેમણે ઈસુને પકડીને રોમન સત્તાધીશોને હવાલે કર્યો. રોમન સૂબા પાયલટે પ્રશ્નની ધાર્મિક બાજુ ન ગણકારતાં રાજકીય અને સામાજિક બળવાખોર તરીકે તા. ૩જી માર્ચ ૩૩ ને શુક્રવારે ('ગુડફ્રાઇડે'એ) ગૉલગૉથા આગળ તેને ક્રૂસ-વધસ્તંભે ચડાવવાની સજા કરી. શિષ્યો સુદ્ધાંએ તેનો ત્યાગ કરતાં હૃદયદ્રાવક ઉદ્‌ગાર તેણે કાઢ્યા : 'પ્રભુ! તેં મારો ત્યાગ કેમ કર્યો?' ત્યારે તો ઈસુનું નામ પૅલેસ્ટાઈનની બહાર જાણીતું ન હતું. બાદ પૉલ નામના એક માણસે યથામતિ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો, જે કાર્યમાં તેને સફળતા મળી.

પ્રીતિ કહે: 'ઘણું આપું છતાં પામું કશું ના હું;'
કરુણા કહે: 'આપું હું માત્ર, નવ કશું ચાહું.'

—રવીન્દ્રનાથ ઠાકુર

દ્વંદ્વયુદ્ધના કહેણનો અસ્વીકાર કરવો એ ભારેમાં ભારે નામર્દાઈ ગણાતી હોવા છતાં, સર વૉલ્ટર રૅલેએ જ્યારે એક અવિચારી જુવાનનું એવું કહેણ ક્ષમાપૂર્વક નકાર્યું ત્યારે પેલો તુમાખીમાં 'હીચકારા' કહીને રૅલેના મોં પર થૂંક્યો. તલવારબાજીમાં સિદ્ધહસ્ત રૅલે અત્યંત શાંતિભરી ક્ષમતાથી એ અપમાન ગળી જઈ બોલ્યો કે 'જેટલી સહેલાઈથી મોં પર રૂમાલ ફેરવીને હું તારું આ થૂંક લૂછી નાખી શકું છું તેટલી સહેલાઈથી તારી છાતીમાં થનારા તલવારના ઘાને લૂછી નાખવાનો કોઈ ઉપાય હોત તો હું હમણાં જ તારી સાથે દ્વંદ્વમાં ઊતરત!'(૨૫)



મચ્છરદાની બાંધવાનો એક સરસ ઉપાય છે, કે સાત સાત ફૂટના બે વાંસને વચ્ચેથી ફાડી તેમને બરાબર વચ્ચેથી તે સાણસાની જેમ ખૂલી શકે તેમ ખીલી મારવી. ચારે પાંખડાંને મથાળે અનુકૂળ સ્થળે કાણાં પાડી બંને સાણસાનાં એ પાંખડાંને મચ્છરદાનીની બે પહોળાઇ બાજુનાં નાકાં દોરીથી બાંધવાં. પછી આ સાણસાને ખોલીને ખાટલાને ઓશીકે અને પાંગતે પાયામાં ભરાવી દેવા. આ રીતે ફોલ્ડિંગ મચ્છરદાની તૈયાર થશે. (કીર્તિકુમાર ફૂ. દોશી)

રાયણનો ઠળિયો ઘસીને વીંછીના ડંખ ઉપર ચોપડવાથી વીંછી ઊતરે છે.



કલાકણિકા: ઈરાનનાં ૧૧મી સદીનાં કાનનાં આભૂષણો ઉપરની મનોહર ભાત

કહેવતોના અર્થ: 'નવો નાણાવટી ને જૂનો ગાંધી'—સલામતીનો વ્યવહારબોધ કરતી આ કહેવતનો અર્થ એ છે કે નાણાવટીની જરૂર પડે તો નવો શોધવો, કેમકે તેને શાખ જમાવવાની ચિંતા હોય અને નાણાંની છૂટ રાખે; અને ગાંધી જૂનો અનુભવી સારો કે જે ભળતું ઓસડ આપવાની ગફલત કદી ન કરે. એવી જ બીજી કહેવત: 'જોશી જુવાન ને વૈદ ઘરડો સારા.'

અનેકાર્થી શબ્દ: **દર**=ભાવ, કિંમતનો આધાર; કોઇ પ્રાણીએ જમીનમાં રહેવા કરેલું કાણું; દરેક; ગુફા કે કંદરા; પ્રમાણ; કરવેરો; ખારવાળી જમીન; ખારો પાકવાની જગ્યા—અગર; કદર, પ્રતિષ્ઠા; ઝેર; શેરડી; પેટ; શંખ; ભય કે ત્રાસ; બારણું; અંદર; થોડું કે અલ્પ.

આ મારો દેશ

દુનિયામાં સૌથી વધુ અબરખ ભારતમાં થાય છે. અને તેમાં તે પહેલું છે. તમાકુના ઉત્પન્નમાં ભારત વિશ્વમાં બીજું છે. લોખંડની સમૃદ્ધિમાં ભારત અમેરિકા ને ફ્રાન્સ પછી ત્રીજું આવે છે, અને ભારતનું કાચું લોઢું ધાતુની ગુણવત્તાની દૃષ્ટિએ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે.


આપણા દેશમાં દર વર્ષે ૩ કરોડ રૂપિયાની કિંમતના સોનાનું ઉત્પાદન થાય છે. સોનું રૂપું ને ઝવેરાતને મૂલ્ય અર્પી તેને સમૃદ્ધિ તરીકે વાપરનાર દુનિયામાં ભારત જ પહેલું હતું.

મુખ્યમુખ્ય તેલીબીઆંની દુનિયાની કુલ પેદાશ ૩૬૦ લાખ ટન છે, જેમાંના ૫૦ લાખ ટન, એટલે કે સાતમા ઉપરનો ભાગ ભારત ઉત્પન્ન કરે છે. દુનિયાના ઉદ્યોગપ્રધાન દેશોમાં ભારતનો નંબર આઠમો છે. સ્વતંત્રતા મળ્યા પહેલાં ભારતમાં વપરાતી દવાઓનો મોટો ભાગ પરદેશથી આયાત કરવામાં આવતો, પણ આજે દવાઓની વપરાશના ૬૦થી ૭૦ ટકાનું ઉત્પાદન દેશમાં જ થાય છે.

એક જ વસ્તુ ઉપર જો એકનિષ્ઠાથી કામ કરતા રહીએ તો બધી જ વસ્તુઓ કરવાની તાકાત આવી જાય છે.





ગઈ ૭મી એપ્રિલના 'વિશ્વ આરોગ્ય દિન' નિમિત્તે 'યુનાઇટેડ નેશન્સ' તરફથી બહાર પડેલી આ નવી ટિકિટની આકૃતિમાં, ગ્રીક ઔષધિદેવ (અશ્વિનીકુમાર) ઈસ્કુલેપિયસનો સાપથી વીંટળાએલો દંડ (જે ગ્રીક પુરાણો અનુસાર ઔષધિનું પ્રતીક છે) મધ્ય સ્થાને છે અને તેની પશ્ચાદ્ભૂમિમાં પૃથ્વીના ગોળાનું યૂનોનું સંજ્ઞાચિત્ર છે.



એક આફ્રિકા ખંડમાં ૭૦૦ ભાષાઓ બોલાય છે.

←આ આકૃતિમાં એકેએક ભૌમિતિક આકૃતિનો સમાવેશ થાય છે.(૨૫)





ડુંગરની છાયામાં (કાકોલી તળાવ · અંબરનાથ) **ફોટો · અશ્વિન મહેતા**

(ફોટોગ્રાફનો સમય: શિયાળો–નવેમ્બર–સાંજના પાંચ; ફિલ્મ: કોડાક ટ્રાઈ એક્સ; એફ/૨૨, ૧/૨૫; મીડિયમ ઑરેન્જ ફિલ્ટર; ફોકસિંગ મથાળાનાં પાંદડાં તથા નીચેના પથ્થરો ઉપર; ટેકનિકની વિગત નીચે વાંચો.)

વિષયનું માધુર્ય, ચિત્રનું સંયોજન, તેમજ ફોટોગ્રાફીનો કસબ, ત્રણેની દૃષ્ટિએ પ્રશસ્ય આ ચિત્રની સપ્રમાણ રચના તેના પ્રશાંત વાતાવરણને વધુ અસરકારક બનાવે છે. જમણી તરફની ઉપર-નીચેની ધારો ઉપર પથરાળ કિનારા તથા ઝૂલતાં પાંદડાંના સમૂહે સગ-ઉતાર સાંકડાં થતાં જઇ ડાબી તરફ રચેલા અવકાશમાં ડુંગર તથા તેનું પ્રતિબિંબ ઉચિત રીતે ગોઠવાઈને બેઠાં છે; અને કોઈ ભાલાના ફળા જેવી રચાતી તેની આકૃતિનો છેડો ઉપર્યુક્ત સગ-ઉતાર છેડાઓની વચ્ચે સાંકડો થતો જતો ફાચરની પેઠે પેસી છેવટે થોડી પહોળાઈ ધારણ કરે છે. આની ફોટોગ્રાફિક ટેકનિક માટે છબિકાર લખી જણાવે છે કે 'આવા દૃશ્યચિત્રમાં દૂરના ઊંડાણની વિગતો સાથે ફોર-ગ્રાઉન્ડ પણ ફોકસમાં જોઇતી હોય તો કૅમેરાનું ઍપર્ચર શક્ય તેટલું નાનું કરી, તેના પ્રમાણમાં સ્પીડ ઘટાડી નાખવી. કોડાકની ટ્રાઈ એક્સ ફિલ્મની નૉર્મલ સ્પીડ ૧૦૦/૨૨ હોઇ તે ઘણી મદદરૂપ નીવડી શકે. આ ટેકનિકથી લગભગ દરેક વિષયનાં ચિત્રો લઇ શકાય: દા. ત. ડુંગરની પશ્ચાદ્ભૂમાં ખેતરોમાં કામ કરતા ખેડૂતો, કોઈ મંદિરની હારબંધ મૂર્તિઓ, રમતના મેદાનમાંની જનમેદની તથા ખેલાડીઓ વગેરે. અંગ્રેજીમાં આને 'નીઅર ટુ ઇન્ફિનિટી ફોકસિંગ' કહે છે.'